દૈનિક મુંબઈ સમાચાર

મધ્ય ગુજરાત આવૃત્તિ

૨૦૫ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★


મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 217 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ સુદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 September 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭ ૮

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



**લાલબાગચા રાજાનું મુખદર્શનઃ** મુંબઈ સહિત સમગ્ર વિશ્વમાં વસતા કરોડો ગણેશભક્તો જે ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તે ઘડી આખરે આવી પહોંચી અને 'લાલબાગચા રાજા'નું સૌપ્રથમ મુખદર્શન શુક્રવારે કરાવવામાં આવ્યું હતું. બાપ્પાની મનમોહક પ્રતિમા અને સજાવટ જોઈને ભક્તોની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયા હતા. આ વર્ષે પણ લાલબાગચા રાજાની પ્રતિમાને અત્યંત આકર્ષક અને ભવ્ય સિંહાસન પર બિરાજમાન કરવામાં આવી છે. (અમય ખરાડે)

# જી-૭ દેશો ગ્રેટ શેના?: પુતિન

## બ્રિક્સ દેશોની વૈશ્વિક વેપારમાં ૪૦ ટકા હિસ્સેદારીની સામે ગ્રેટ-સેવન રાષ્ટ્રોની હિસ્સેદારી માત્ર ૧૮ ટકા છે એમ કહી રશિયાના પ્રમુખે જી-૭નાં છોતરાં કાઢી નાખ્યાં

નવી દિલ્હીઃ વૈશ્વિક અર્થતંત્રમાં જી-સેવન દેશોની ઘટતી હિસ્સેદારી અને બ્રિક્સની વધી રહેલી તાકાત અંગે બોલતાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને શુક્રવારે કહ્યું હતું કે વૈશ્વિક અર્થતંત્રમાં જે-સેવન દેશોની હિસ્સેદારી લગભગ ૧૮ ટકા જેટલી તો બ્રિક્સ દેશોની હિસ્સેદારી ૪૦ ટકા જેટલી છે.

જી-સેવન દેશોમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, ઇટલી, જાપાન અને કેનેડાનો સમાવેશ થાય છે.

પુતિને બ્રિક્સને વિશ્વનો સૌથી શક્તિશાળી આર્થિક સમુહ લેખાવ્યો હતો અને કહ્યું હતું કે જેમ જેમ વૈશ્વિક અર્થવ્યવસ્થા બદલાશે તેમ તેમ બ્રિક્સના સભ્ય દેશોની તાકાત અને તેમનો પ્રભાવ પણ વધતો જશે.

બ્રિક્સ દેશોના ટ્રેડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લૉજિસ્ટિક્સ અને ટેક્નોલૉજી સંબંધિત પ્રોજેક્ટને ભંડોળ પૂરું પાડવા નવા ઈન્વેસ્ટમેન્ટ પ્લેફોર્મનું નિર્માણ કરવાની તેમણે ભલામણ કરી હતી.

'બ્રિક્સ' દેશો પાસે ગતિશીલ અને વાયબ્રન્ટ સ્થાનિક બજાર હોવાની વાત પર પ્રકાશ પાડતાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને શુક્રવારે કહ્યું હતું કે વૈશ્વિક ઊર્જા અને અન્ન સુરક્ષામાં યોગદાન આપવા રશિયા તૈયાર છે.

'બ્રિક્સ' ફોરમને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે વિશ્વ ઘેરા માળખાકીય અને ગંભીર પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે સાથીદેશો સાથે રશિયા પ્રવાસન ઉદ્યોગ અને વેપાર ક્ષેત્રમાં રસપ્રદ તેમ જ આશાસ્પદ પહેલ માટે તૈયાર છે.આર્કટિક ટ્રાન્સપોર્ટ કોરિડોર અને નોર્થ-સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર જેવા વિશ્વસનીય લૉજિસ્ટિક માર્ગના નિર્માણ માટે તેમ જ વૈશ્વિક ઊર્જા અને અન્ન સુરક્ષામાં યોગદાન આપવા તૈયાર છે.

રશિયા-યુક્રેન યુદ્ધ અને પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલી સંઘર્ષપૂર્ણ સ્થિતિ વચ્ચે પુતિને અમેરિકા કે અન્ય કોઈપણ દેશના નામનો ઉલ્લેખ કર્યા વિના પશ્ચિમના દેશો પર આકરાં પ્રહાર કર્યા હતા. પશ્ચિમના દેશો દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોની પણ તેમણે આકરી ટીકા કરી હતી. (એજન્સી) ■

# યુદ્ધ અટકાવોઃ મોદીએ પુતિનને કહ્યું

## કાળા સમુદ્રમાં ભારતીયોની સુરક્ષાનો મુદ્દો પણ પુતિન સમક્ષ ઉઠાવ્યો વડા પ્રધાનેઃ ૨૦૩૦ સુધીમાં વેપાર ૧૦૦ અબજ ડૉલર પહોંચાડવા પર સહમતી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કાળા સમુદ્રમાં ભારતીય ખલાસીઓની સલામતીનો મુદ્દો શુક્રવારે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની સમક્ષ ઉઠાવ્યો હતો અને યુક્રેન - રશિયાના યુદ્ધનો અંત આણવામાં સહાય કરવાની તૈયારી દર્શાવી હતી.

બન્ને નેતા દ્વિપક્ષી સંબંધ વધારવા વિવિધ પગલાં લેવા સહમત થયા હતા.

પુતિન 'બ્રિક્સ'ના સભ્ય દેશોના નેતાઓની બેઠકમાં ભાગ લેવા માટે ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે.

બન્ને નેતા દ્વિપક્ષી મંત્રણા બાદ એક જ કારમાં સાથે બેસીને બિઝનેસ ફૉરમના સ્થળે ગયા હતા.

મોદી અને પુતિન હાલનો દ્વિપક્ષી વેપાર ૬૫ અબજ ડૉલરથી વધારીને ૨૦૩૦ સુધીમાં ૧૦૦ અબજ ડૉલર કરવા પણ સહમત થયા હતા.

ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે મોદીએ બન્ને દેશ વચ્ચેની વાર્ષિક શિખરમંત્રણામાં ભાગ લેવા રશિયા આવવાનું પુતિનનું આમંત્રણ સ્વીકાર્યું હતું.

બન્ને નેતાએ પશ્ચિમ એશિયા અને કાળા સમુદ્રના વિસ્તારના દેશોમાં ચાલી રહેલા યુદ્ધ અને તેની દરિયાઇ માર્ગે જહાજોની થતી અવરજવર પરની માઠી અસર અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

મોદી અને પુતિન ગયા અઠવાડિયે બિશકેકમાં શાંઘાઇ કોઓપરેશન ઑર્ગેનાઇઝેશનની બેઠક વખતે મળ્યા હતા અને ત્યારે ભારતના વડા પ્રધાને યુક્રેન - રશિયા વચ્ચેની લડાઇનો અંત આણવા વિનંતિ કરી હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બન્ને નેતા રાજકીય, આર્થિક, સંરક્ષણ, ઊર્જા, અંતરિક્ષ, કૌશલ્ય વિકાસ ક્ષેત્ર અને જનતા વચ્ચેના સંબંધમાં વધુ પ્રગતિ કરવા સહમત થયા હતા.

બન્ને નેતાએ ભારત મંડપમ્ ખાતે યોજાયેલા પ્રદર્શનની પણ સાથે મુલાકાત લીધી હતી.

અગાઉ, ક્રેમલિનના પ્રવક્તા દમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે અમે બ્રહ્મોસ મિસાઇલને અપગ્રેડ કરવામાં સહાય કરવા તેમ જ એસ-૪૦૦ સિસ્ટમ અને સુ-૫૭ લડાયક વિમાન પૂરા પાડવા કટિબદ્ધ છીએ. બન્ને દેશ મુલકી ક્ષેત્ર માટેની અણુઊર્જા માટે સહકાર વધારવા પણ સહમત થયા હતા. (એજન્સી) ■

# આજથી બ્રિક્સ સમિટઃ જગતના શક્તિશાળી નેતાઓ દિલ્હીમાં

નવી દિલ્હીઃ બ્રિક્સની શિખર પરિષદ આજથી ભારતના નેજા હેઠળ નવી દિલ્હીમાં શરૂ થઈ રહી છે અને તેમાં ભાગ લેવા ચીનના પ્રમુખ શી જિનપિંગ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન, દક્ષિણ આફ્રિકાના પ્રમુખ સિરિલ રામાફોસા અને અન્ય ઘણા નેતાઓ શુક્રવારે દિલ્હી પહોંચ્યા હતા અને કેટલાક નેતાઓ હવે પહોંચવાના છે. બે દિવસના આ ભવ્ય શિખર સંમેલન માટે ઇજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી, યુગાન્ડાના ઉપરાષ્ટ્રપતિ જેસિકા અલુપો અને નાઇજીરીયાના ઉપરાષ્ટ્રપતિ સેનેટર

(જુઓ પાનું ૨) ▸▸

# ગુજરાત વિધાનસભામાં 'કેગ' રિપોર્ટ રજૂઃ ૭૧ હજારથી વધુ ઘરો નળ જોડાણથી વંચિત, ૨૬ ટકા પાણીના નમૂના અયોગ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં જલ જીવન મિશનના અમલીકરણમાં આયોજનનો ભારે અભાવ, યોજનાઓમાં વિલંબ, પાણીની ગુણવત્તામાં ખામીઓ અને કોન્ટ્રાક્ટરોને કરોડો રૂપિયાની વગર જોઇતી ચુકવણી થઈ હોવાનો ભ્રષ્ટાચાર નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (કેગ) ના અહેવાલમાં ખુલ્લો પડ્યો હતો. ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલા વર્ષ ૨૦૨૬ના ઓડિટ રિપોર્ટમાં રાજ્યના જળ પુરવઠા વિભાગની ગંભીર બેદરકારીઓ બહાર આવી હતી.

કેગના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૩-૨૪ દરમિયાન હાથ ધરાયેલા આ ઓડિટમાં રાજ્યના ૯૧.૧૮ લાખ ગ્રામીણ પરિવારોને આવરી લેવાયા હતા. નિયમ મુજબ દરેક વ્યક્તિને પ્રતિદિન ૫૫ લિટર શુદ્ધ પાણી મળવું જોઈએ, પરંતુ નમૂના તપાસ હેઠળના છ પૈકી ચાર જિલ્લાઓમાં નવેમ્બર ૨૦૨૪ સુધી ૧૪.૮૪ ટકા એટલે કે ૭૧,૮૪૨ ઘરોને કાર્યાન્વિત નળ જોડાણ મળ્યા જ નહોતા. આ ઉપરાંત પાણીના ૨૬ ટકા નમૂના ગુણવત્તા તપાસમાં અયોગ્ય સાબિત થયા હતા.

સરકારી ચોપડે રાજ્યના તમામ ૧૮,૦૨૪ ગામોને 'હર ઘર જલ' જાહેર કરાયા હતા, પરંતુ ઓગસ્ટ ૨૦૨૫ સુધી માત્ર ૯૩.૮૭ ટકા ગામોનું જ વાસ્તવિક પ્રમાણીકરણ થઈ શક્યું હતું. વધુમાં, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ અને પાણીપુરવઠા બોર્ડ દ્વારા અયોગ્ય પ્રાઈસ ઈન્ડેક્સ અને જીએસટી દરોના ખોટા અમલીકરણના કારણે કોન્ટ્રાક્ટરોને રૂ. ૭૨.૯૭ કરોડનો ગેરકાયદેસર વધારાનો લાભ પહોંચાડવામાં આવ્યો હોવાનું પણ આ અહેવાલમાં ફલિત થયું છે. આ અહેવાલે રાજ્ય સરકારની નળથી જળ યોજનાની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ■

# ગિફ્ટ સિટીમાં દારૂના વેચાણમાં ૧૫ ગણો ઉછાળો, બે વર્ષમાં ૬૦ હજાર લિટરથી વધુનું વેચાણ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં માત્ર ગિફ્ટ સિટીમાં વાઈન એન્ડ ડાઈન સુવિધા અંતર્ગત દારૂનું વેચાણ કરવામાં આવે છે. વ્યાપારી ગતિવિધિ અને આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય ઈવેન્ટ્સન કારણે ગિફ્ટ સિટીમાં મુલાકાતીઓની સંખ્યા વધવાની સાથે દારૂનું વેચાણ પણ વધ્યું હોવાની સરકારે વિધાનસભામાં માહિતી આપી હતી. સરકારે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટીમાં છેલ્લા બે વર્ષ દરમિયાન વિદેશી દારૂનું કુલ વેચાણ ૬૦,૩૫૪.૪૭ લિટર સુધી પહોંચ્યું છે, જેનાથી સરકારને રૂપિયા ૮૭,૩૯,૧૮૪ની આવક થઈ હતી. જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા દ્વારા આ વિશેષ ઝોનમાં વેચાણની વિગતો માંગવામાં આવ્યા બાદ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે ૧લી ઓગસ્ટ, ૨૦૨૪થી ૩૧ જુલાઈ, ૨૦૨૫ વચ્ચે વેચાણ માત્ર ૩૭૧૬ લિટર હતું. ત્યારબાદના ૧૨ મહિનામાં ૧લી ઓગસ્ટ, ૨૦૨૫ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં વેચાણ વધીને ૫૬,૬૩૮ લિટર થઈ ગયું, જે ૧૫ ગણો વધારો દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બર ૨૦૨૩માં ગિફ્ટ સિટીને ગુજરાતના દારૂબંધી કાયદા હેઠળ સૌપ્રથમ મર્યાદિત છૂટછાટ આપવામાં આવી હતી, જેનાથી અધિકૃત અધિકારીઓ અને મુલાકાતીઓ માટે નિયત વિસ્તારોમાં નિયંત્રિત વપરાશની મંજૂરી મળી હતી.

આ 'ડ્રાય સ્ટેટ'માં વૈશ્વિક કંપનીઓ અને પ્રતિનિધિમંડળો માટે ગિફ્ટ સિટીને વધુ આકર્ષક બનાવવા માટે નિયમોમાં સતત છૂટછાટ આપવામાં આવી રહી છે.

ડિસેમ્બર ૨૦૨૫માં, રાજ્ય સરકારે વિદેશી નાગરિકો અને ગુજરાત બહારના મુલાકાતીઓ માટે કામચલાઉ પરમિટની જરૂરિયાત રદ કરી હતી. માન્ય સરકારી ફોટો આઈડી ધરાવતા મુલાકાતીઓને અધિકૃત હોટેલ્સ, ક્લબ્સ અને રેસ્ટોરન્ટ્સમાં દારૂ પીવાની મંજૂરી આપવામાં આવી હતી. તાજેતરમાં કરાયેલા ફેરફાર મુજબ, ગિફ્ટ સિટીમાં મંજૂર કરાયેલ દારૂના વેચાણ પરનો વેટ ૬૫ ટકાથી ઘટાડીને ૨૫ ટકા કરવામાં આવ્યો હતો. તેમજ વિશેષ શુલ્ક નાબૂદ કરવામાં આવ્યા હતા. ■

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ

feedback@bombaysamachar.com

# બ્રિક્સ જેવાં સંગઠનોમાં ના હોઈએ તો આપણને પૂછે કોણ?

**ભારતે** ચીન, રશિયા, બ્રાઝિલ અને સાઉથ આફ્રિકા સાથે મળીને બનાવેલા બ્રિક્સ સંગઠનનનું શિખર સંમેલન શરૂ થાય એ પહેલાં કૉંગ્રેસના પી. ચિદમ્બરમે બ્રિક્સ સહિતનાં સંગઠનોથી ભારતને શો ફાયદો થયો એવો સવાલ કરીને નવો ડખો ઊભો કર્યો છે. ચિદમ્બરમે સવાલ કર્યો છે કે ભારત બ્રિક્સ સિવાય જી-૨૦, ક્વૉડ અને એસસીઓ (શાંઘાઈ સહયોગ સંગઠન) જેવા અનેક સંગઠનોનું સભ્ય છે પણ આ સંગઠનોથી દેશને વાસ્તવમાં શું નક્કર લાભ મળ્યો છે તેના પર વિચાર થવો જોઈએ.

ચિદમ્બરમે નરેન્દ્ર મોદી સરકારને સવાલ કરેલો પણ મોદી સરકાર જવાબ આપે એ પહેલાં કૉંગ્રેસના સાંસદ શશિ થરૂરે જ જવાબ આપી દીધો છે. શશિ થરૂરે બ્રિક્સને ભારત માટે મહત્ત્વપૂર્ણ ગણાવીને કહ્યું છે કે, ભારતમાં બ્રિક્સનું સંમેલન યોજાવું એ દેશની જબરદસ્ત રાજદ્વારી તાકાત અને પ્રતિષ્ઠા દર્શાવે છે. થરૂરે કહ્યું છે કે, બ્રિક્સમાં દુનિયાના અમેરિકા સિવાયના પાંચ મોટા દેશો સભ્ય છે અને બીજા છ દેશો નિરીક્ષક તરીકે છે. આ સભ્ય અને નિરીક્ષક દેશોના મોટા નેતા ભારત આવી રહ્યા છે એ એક મોટી સિદ્ધિ છે. એક સાથે આટલા બધા દેશોના નેતાઓને એક મંચ પર લાવવા એ ભારતની અન્ય દેશોને સાથે લાવવાની રાજદ્વારી ક્ષમતા દર્શાવે છે. બ્રિક્સ અમેરિકા અને યુરોપના દેશોનો મુકાબલો કરવા માટે આકાર લઈ રહેલા ગ્લોબલ સાઉથ માટે એક મહત્ત્વપૂર્ણ મંચ છે કેમ કે બ્રિક્સના દેશોના કારણે જ ગ્લોબલ સાઉથ શક્ય છે, અમેરિકાને ટક્કર આપી શકાય છે.

થરૂકની વાત સાવ સાચી છે કેમ કે ગ્લોબલ સાઉથમાં ૧૦૦થી વધુ દેશો છે પણ બ્રિક્સના ૧૧ દેશો જ મુખ્ય છે. વિશ્વની કુલ વસતીમાં લગભગ ૫૦ ટકા વસતીના કારણે જંગી માર્કેટ હોવાથી બ્રિક્સની તાકાત બહુ મોટી છે. વિશ્વની કુલ જીડીપીમાં ૪૧ ટકા હિસ્સો બ્રિક્સના ૧૧ દેશોનો છે એ જોતાં તેની તાકાતને અવગણી શકાય તેમ નથી. બ્રિક્સમાં ભારત તો હજુય અમેરિકાથી ફફડે છે પણ ચીન, રશિયા, બ્રાઝિલ, ઈરાન વગેરે દેશો તો અમેરિકાની જરાય સાડાબારી રાખતાં નથી. આવા દેશો ભારતની સાથે હોય તો ભારતની તાકાત ચોક્કસ વધે ને ભારતનો પ્રભાવ પણ વધે એ જોતાં બ્રિક્સ ભારત માટે ફાયદાકારક છે જ. બીજાં સંગઠનો પણ કોઈ ને કોઈ રીતે ફાયદાકારક છે કેમ કે વિશ્વમાં તાકાત એકતાની છે. અમેરિકા જેવા પોતાના સ્વાર્થ સિવાય કશું ના વિચારતા દેશ સામે બીજા દેશોનો ટેકો ના હોય તો આપણે ક્યાંય ખોવાઈ જઈએ.

ચિદમ્બરમને અત્યારે ડહાપણની દાઢ ફૂટી છે ત્યારે તેમને એ સવાલ પણ કરવો જોઈએ કે, બ્રિક્સથી કોઈ ફાયદો ના થતો હોય તો કૉંગ્રેસની સરકારે શા માટે તેમાં જોડાવાનું નક્કી કર્યું ? બ્રિક્સનો વિચાર ૧૯૯૦ના દાયકામાં યેવજેની પ્રિમાકોવે વહેતો મૂક્યો ત્યારે નરસિંહરાવની કૉંગ્રેસની સરકાર હતી અને રાવ સરકારે તેમાં રસ બતાવેલો. યેવજેની પ્રિમાકોવ ૧૯૯૮માં અટલ બિહારી વાજપેયીની સરકારના સમયમાં રશિયાના વિદેશ મંત્રી નિમાયા પછી ભારત આવ્યા ત્યારે સત્તાવાર રીતે તેમણે અમેરિકા સિવાયના દેશોનું સંગઠન બનાવવાનો વિચાર વહેતો મૂકેલો.

એ વખતે પાંચ દેશોના સંગઠનનો વિચાર નહોતો તેથી રશિયા, ભારત, ચીને મળીને પહેલાં રીક બનાવેલું. ભારત, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકાનું બનેલું આઈબીએસએ (ઈઇજ્અ) સંગઠન પણ અસ્તિત્વમાં આવ્યું. વાજપેયી સરકાર આ સંગઠનોને મજબૂત કરે એ પહેલાં ઘરભેગી થઈ ગઈ તેથી આ બંને સંગઠનો હવાઈ ગયાં પણ ડૉ. મનમોહનસિંહને આ વિચાર ગમેલો. ૧૯૯૮માં વાજપેયી સરકારે કરેલા પરમાણુ પરીક્ષણના કારણે અમેરિકા તથા તેના ગોઠિયાઓએ ભારત પર ઢગલાબંધ પ્રતિબંધો મૂકેલા. તેની સામે ટક્કર લેવા માટે અમેરિકા સિવાયના દુનિયાના મજબૂત દેશોનો સાથ લેવો જરૂરી હોવાથી મનમોહનસિંહે જ બ્રિક્સનો વિચાર વહેતો મૂકાવેલો.

૨૦૦૯માં બ્રિક્સની શરૂઆત થઈ ત્યારે કૉંગ્રેસની સરકાર હતી ને ડૉ. મનમોહનસિંહ વડા પ્રધાન હતા એ તો મહત્ત્વનો મુદ્દો છે જ પણ તેનાથી મહત્ત્વની બાબત એ પહેલાંનો ઘટનાક્રમ છે. હાલનું બ્રિક્સ બનાવવાનો નિર્ણય લેવાયો ત્યારે એ બ્રિક (બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન) હતું અને તેની શરૂઆત કૉંગ્રેસના શાસનમાં ૨૦૦૬માં થઈ હતી. સપ્ટેમ્બર ૨૦૦૬માં ન્યૂ યોર્ક શહેરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની સામાન્ય ચર્ચા વખતે બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનના વિદેશ મંત્રીઓ મળ્યા તેમાં આ નવું સંગઠન બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

આ બેઠક પછી સંગઠનને સત્તાવાર સ્વરૂપ આપવા માટે ઉચ્ચ-સ્તરીય બેઠકો શરૂ થઈ તેથી સાઉથ આફ્રિકાને પણ રસ પડ્યો. સાઉથ આફ્રિકાએ પણ બેઠકોમાં ભાગ લેવા માંડ્યો અને છેવટે ૧૬ જૂન ૨૦૦૯ના રોજ રશિયાના।તેરિનબર્ગ ખાતે પાંચ દેશોની સંપૂર્ણ કક્ષાની રાજદ્વારી બેઠક યોજાઈ તેમાં ઔપચારિક રીતે આ સંગઠન શરૂ થયું. બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકા એમ પાંચ દેશોનું બ્રિક્સ સંગઠન બન્યું. ચિદમ્બરમ એ વખતે મનમોહનસિંહ સરકારમાં ગૃહ મંત્રી હતા તો ત્યારે કેમ વિરોધ નહોતો કર્યો ? આ સંગઠનથી કોઈ ફાયદો નથી એવું જ્ઞાન કેમ નહોતું પિરસ્યું?

આ સવાલનો જવાબ સરળ છે. ૨૦૦૮માં બ્રિક્સ બનાવવા માટે ઉપરાછાપરી બેઠકો ચાલતી હતી એ જોઈને અમેરિકા ફફડી ગયેલું. ડૉ. મનમોહનસિંહે અમેરિકાના પ્રતિબંધોનો જવાબ આપવા બ્રિક્સના વિચારને વધાવેલો ને તેમની ગણતરી સાવ સાચી પડી હતી. બ્રિક્સ અસ્તિત્વમાં આવ્યું એ પહેલાં જ અમેરિકા ભારતને લટૂડાંપટૂડાં કરવા માંડેલું. ૨૦૦૮માં અમેરિકાએ ભારત સાથે પરમાણુ કરાર કરીને બધા પ્રતિબંધો હટાવી લીધા અને ભારતને પરમાણુ મહાસત્તા તરીકે માન્યતા આપી. ભારતને યુરેનિયમ આપવા સહિતના પ્રતિબંધો હટી જતાં ભારત વીજળી પેદા કરવા માટે પરમાણુ ઊર્જા પેદા કરવાનો કાર્યક્રમ આગળ ધપાવી શક્યું. અત્યારે ભારત અને અમેરિકાના સંબંધો તણાવપૂર્ણ છે પણ વચ્ચેના સમયમાં બંને વચ્ચે આર્થિક સહકાર મજબૂત થયો ને ભારતને તેનો બહુ ફાયદો થયો કેમ કે ભારતની અમેરિકામાં નિકાસ અમેરિકાથી આયત કરતાં વધારે હતી. ભારતે અમેરિકા વિરોધી સંગઠનમાં જોડાવાની હિંમત ના બતાવી હોત તો આ ફાયદો થવાનો જ નહોતો. અત્યારે પણ અમેરિકા આપણને મનાવવા મથે છે કેમ કે આપણે અમેરિકા વિરોધી ધરી સાથે જોડાયેલા છીએ. બાકી આપણને પૂછે પણ કોણ ?

ચિદમ્બરમનો બકવાસ એ વાતનો પુરાવો છે કે, કૉંગ્રેસ ગમે તે રીતે મોદી સરકારનો વિરોધ કરવામાં માને છે ને તેની પાછળ કોઈ લોજિક નથી હોતું. આ અંધ વિરોધમાં કૉંગ્રેસીઓ પોતાની જ સરકારને નીચી બતાવી રહ્યા છે તેનું એમને ભાન પણ નથી. ચિદમ્બરમની દલીલ માનીએ તો જવાહરલાલ નહેરૂ બિન જોડાણવાદી ચળવળમાં જોડાયા એ પણ ખોટું કહેવાય ને મનમોહનસિંહના કારણે આપણે ક્વૉના સભ્ય બન્યા એ પણ ખોટું છે કેમ કે તેના કારણે સીધો કોઈ મોટો ફાયદો નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌરશરદઋતુ, શનિવાર, તા. ૧૨-૯-૨૦૨૬, રામદેવ પીર નોરતા પ્રારંભ, રુદ્ર વ્રત

- ભારતીય દિનાંક ૨૧, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧લો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની બપોરે ક. ૧૨-૫૪ સુધી, પછી હસ્ત
- ચંદ્રઃ કન્યામાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૧ (તા. ૧૩)
- ઓટઃ સાંજે ક. ૧૮-૫૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - પ્રતિપદા. રામદેવ પીર નોરતા પ્રારંભ, મૌનવ્રતારંભ, શંકરદેવ તિથિ (આસામ), પશ્ચિમમાં બુધ દર્શન, ચંદ્રદર્શન, ઉત્તર શૃંગોન્નતિ, મું. ૩૦, સામ્યાર્ઘ, સામવેદી શ્રાવણી.

શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.

- મુહૂર્ત વિશેષઃ શનિ દેવતાનું પૂજન, વિશેષરૂપે ભગવાન સૂર્યનારાયણ પૂજન, પીપળાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, પ્રયાણ મધ્યમ, ૐ અર્યમણે નમઃના મંત્રજાપ, હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ પાઠ વાંચન, મુંડન કરાવવું નહીં, નિત્ય થતાં દસ્તાવેજ, દુકાન-વેપારના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, વિનાયક પૂજા, પશુ લેવડદેવડ, વિશેષરૂપે શિવપાર્વતી પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- ભાદ્રપદ માસ સંક્ષિપ્તઃ તા. ૧૨-૯-૨૦૨૬થી તા. ૧૦-૧૦-૨૦૨૬, ભાદ્રપદ શુક્લ પક્ષમાં ક્ષય વૃદ્ધિ નથી. દિવસ-૧૫ છે. ભાદ્રપદ કૃષ્ણપક્ષમાં આઠમનો ક્ષય છે. દિવસ-૧૪ છે. આમ ભાદ્રપદમાં ૨૯ દિવસ આવે છે. ભાદ્રપદમાં પૂનમનું ચંદ્રગ્રહણ નથી. અમાસનું સૂર્યગ્રહણ નથી. ભાદ્રપદમાં મુખ્ય શ્રી ગણેશ જયંતી તા. ૧૪-૯-૨૦૨૬ના રોજ છે તથા અનંત ચતુર્દશી શુક્રવાર, તા. ૨૫-૯-૨૦૨૬ના રોજ છે. તા. ૨૬મીએ અંબાજીનો મેળાનો મહિમા છે. શ્રાદ્ધ પક્ષ તા. ૨૭-૯-૨૦૨૬થી તા. ૧૦-૧૦-૨૦૨૬ સુધી છે. સપ્ટેમ્બરની તા. ૨૭મીઃ પ્રતિપદા શ્રાદ્ધ, તા. ૨૮મીઃ બીજનું શ્રાદ્ધ, તા. ૨૯મીઃ ત્રીજનું શ્રાદ્ધ, તા. ૩૦મીઃ ચતુર્થી, પંચમી, કૃત્તિકા શ્રાદ્ધ, ઑક્ટોબર તા. ૧લીઃ છઠ્ઠનું શ્રાદ્ધ, તા. ૨જીઃ સાતમનું શ્રાદ્ધ, તા. ૩જીઃ આઠમનું શ્રાદ્ધ, તા. ૪થી નવમી શ્રાદ્ધ, તા. ૫મીઃ દશમનું શ્રાદ્ધ, તા. ૬ઠ્ઠીએ એકાદશીનું શ્રાદ્ધ, તા. ૭મીઃ બારસ, મઘા શ્રાદ્ધ, તા. ૮મીઃ તેરસનું શ્રાદ્ધ, તા. ૯મીઃ ચતુર્દશીનું શ્રાદ્ધ, શસ્ત્રોત્રી મરેલાનું શ્રાદ્ધ, તા. ૧૦મી, પૂનમ-અમાસનું, સર્વપિતૃ અમાવસ્યાનું શ્રાદ્ધ, તા. ૧૦-૧૦-૨૦૨૬ના રોજ ગજચ્છાયા પર્વનો મહિમા છે. તીર્થમાં સ્નાન, દાન, જપ, તપનો મહિમા છે.

આચમનઃ ચંદ્ર-બુધ યુતિ સ્ફૂર્તિમાન, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ અવ્યવહારું, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મુસાફરીઓ ઘણી થાય, બુધ-નેપ્ચૂન પ્રતિયુતિ દગાબાજીના ભોગ બનવું પડે.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, બુધ-નેપ્ચૂન પ્રતિયુતિ, બુધનો પશ્ચિમમાં ઉદય થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# વૈશ્વિક વેપારને પ્રોત્સાહન આપવા જહાજોની મુક્ત અને સુરક્ષિત અવરજવર જરૂરીઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક વેપારને પ્રોત્સાહન આપવા જહાજોની મુક્ત અને સુરક્ષિત અવરજવર માટે શુક્રવારે હાકલ કરી હતી. જળમાર્ગ સુરિક્ષત અને સલામત હશે, પુરવઠાનો માર્ગ ખુલ્લો રહેશે તો જ વૈશ્વિક વેપાર આગળ વધી શકશે, એમ તેમણે કહ્યું હતું.

'બ્રિક્સ' ફોરમને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે આ કારણે જ ભારત વૈશ્વિક વેપારને પ્રોત્સાહન આપવા જહાજોની મુક્ત અને સુરક્ષિત અવરજવરની ભલામણ કરી રહ્યું છે. બે લાખ રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સ અને ૧૨૦ યુનિકોર્ન્સ સાથે ભારત વૈશ્વિક સોલ્યૂશન હબ બની રહ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વૈશ્વિક અચોક્કસતા વચ્ચે ભારત વિકાસ ને સ્થિરતા માટે ભરોસાનો સ્રોત બની ગયું છે.

વિશ્વભરમાં વેપાર આડેના અવરોધો વધી રહ્યા છે ત્યારે ભારત આર્થિક પુલોનું નિર્માણ કરી રહ્યું છે.

તેમણે 'બ્રિક્સ' બિઝનેસ કાઉન્સિલને વેપાર આડે આવતા ૧૦ અવરોધો અંગે અહેવાલ તૈયાર કરવા અને દર વરસે ૧૦૦ 'બ્રિક્સ' સ્ટાર્ટઅપ્સને મદદ કરવાની વિનંતી કરી હતી. ૧,૦૦૦ નવી ભાગીદારી વિકસાવવાની પણ તેમણે કાઉન્સિલને વિનંતી કરી હતી. (એજન્સી) ■

# ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન ભારતની મુલાકાતે

## ડૉલર પરની નિર્ભરતામાંથી મુક્ત કરવા નવી 'બ્રિક્સ' બૅન્કની રચના કરાઈ

નવી દિલ્હીઃ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન 'બ્રિક્સ' સમિટમાં ભાગ લેવા અને દ્વિપક્ષી વેપાર વધારવા તેમ જ બંને દેશ વચ્ચેનો સંબંધ વધુ મજબૂત કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષી મંત્રણા કરવા શુક્રવારે ભારત આવી પહોંચ્યા હતા.

પેઝેશ્કિયાન પ્રમુખ તરીકે પહેલી જ વાર ભારતની આવ્યા છે.

અમેરિકાએ ઇરાન વિરુદ્ધ જાહેર કરેલા નવા આર્થિક પ્રતિબંધોને પગલે પશ્ચિમ એશિયામાં વધેલા તણાવ વચ્ચે પેઝેશ્કિયાનની ભારત મુલાકાતને મહત્ત્વની લેખવામાં આવી રહી છે.

પેઝેશ્કિયાન દ્વિપક્ષી મંત્રણા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવાના છે.

ભારત ઇરાન સાથે તંદુરસ્ત સાંસ્કૃતિક અને લોકો વચ્ચેના ગાઢ સંબંધોથી ચિહ્નિત થયેલા સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે. 'બ્રિક્સ'ના ભાગીદાર તરીકે બંને દેશ સંયુક્ત પ્રગતિ અને સમૃદ્ધિમાં યોગદાન આપવા કરી રહ્યા છે, એમ વિદેશી બાબતોના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું.

કેન્દ્રીય પ્રધાન શાંતનુ ઠાકુરે પેઝેશ્કિયનનું ઍરપોર્ટ પર સ્વાગત કર્યું હતું.

અમેરિકાના પ્રભુત્વને ખાળવા અને દેશોને ડૉલર પરની નિર્ભરતામાંથી મુક્ત કરવા નવી 'બ્રિક્સ' બૅન્કની રચના કરવામાં આવી છે. ■

# 'તમિળ વેદ'નું રશિયન કનેક્શન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે બ્રિક્સ શિખર સંમેલન પહેલા રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથેની તેમની દ્વિપક્ષી મુલાકાત દરમિયાન મહાન કવિ અને દાર્શનિક સંત તિરુવલ્લુવર દ્વારા રચિત શાસ્ત્રીય તમિળ કાવ્યસંગ્રહ 'તિરુક્કુરલ'ના રશિયન અનુવાદની એક નકલ તેમને ભેટમાં આપી હતી. સંત તિરુવલ્લુવરની મહત્વપૂર્ણ કૃતિ 'તિરુક્કુરલ', જે તમિળ વેદ તરીકે પણ ઓળખાય છે એમાં, અનેક વિષયો પર જ્ઞાન આપવામાં આવ્યું છે. મોદીએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે પ્રમુખ પુતિનને 'તિરુક્કુરલ'નો રશિયન અનુવાદ ભેટમાં આપ્યો, જે મહાન તિરુવલ્લુવરના શાશ્વત જ્ઞાનને ભાષાઓ અને સરહદો પાર લઇ જાય છે. તેમણે પુતિન સાથેની તેમની મુલાકાતની એક નાની વીડિયો ક્લિપ પણ શેર કરી હતી. જેમાં મોદી દ્વારા પુસ્તક ભેટ કર્યા બાદ બંને નેતાઓ ઉષ્માભર્યા અંદાજમાં હાથ મિલાવતા જોવા મળે છે. ૧૭મી સદીમાં 'તિરુક્કુરલ' યુરોપિયન ભાષાઓમાં અનુવાદ પછી રશિયન સાક્ષરો સુધી પહોંચી હતી અને લિયો ટોલ્સટોય સુધી આ પુસ્તક પહોંચ્યું હતું અને તેઓ આનાથી ખાસ્સા પ્રભાવિત થયા હતા.

# બ્રિક્સ સમિટ પછી સંસદનું સત્ર બોલાવવાની ફિરાકમાં છે સરકાર

## આ સત્રમાં બાકી રહેલા મહત્ત્વના ખરડાઓ પસાર કરવાનો મનસૂબો

નવી દિલ્હીઃ વારંવાર વિક્ષેપો છતાં જેના કારણે ચોમાસુ સત્રનો મોટો ભાગ ધોવાઈ ગયુ હતુ , કેન્દ્ર એ બે મુખ્ય કાયદાકીય દરખાસ્તો, મહિલા અનામત બિલ અને સીમાંકન બિલને આગળ ધપાવવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાનો વિકલ્પ ખુલ્લો રાખી રહ્યું છે, એમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, અને ખાસ સત્રનો વિકલ્પ ખુલ્લો છે, બ્રિક્સ સમિટ પછી નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે ચોમાસુ સત્ર હજુ મુલતવી રાખવામાં આવ્યું નથી અને જો સરકાર ખાસ સત્ર બોલાવવાનો ઇનકાર કરે તો તેને મુલતવી રાખવામાં આવશે.

જો ખાસ સત્ર બોલાવવામાં આવે છે, તો સરકાર નવરાત્રિ દરમિયાન તેને યોજવાનું પણ વિચારી શકે છે, તેવું સૂત્રોએ દેવી દુર્ગાની પૂજા અને મહિલા સશક્તિકરણની આસપાસ તેના પ્રતીકવાદ સાથે તહેવારના જોડાણને ટાંકીને જણાવ્યું હતું.

સીમાંકન અને મહિલા અનામત સાથે જોડાયેલા બંધારણીય સુધારા બિલને પસાર કરવા માટે જરૂરી બે તૃતીયાંશ બહુમતી મેળવવાના સરકારના પ્રયાસોની પૃષ્ઠભૂમિ સામે આ પગલું લેવામાં આવ્યું છે. અગાઉ, સૂત્રોએ જણાવ્યું હતું કે એકવાર જરૂરી બહુમતી મળી જાય, પછી સરકાર કાયદો પસાર કરવા માટે એક ખાસ સત્ર બોલાવી શકે છે.

સીમાંકન બિલ ૧૩૧મા બંધારણીય સુધારા બિલના ભાગ રૂપે મહિલા અનામત બિલની સાથે રજૂ કરવામાં આવ્યું હતું. એપ્રિલમાં યોજાયેલા ત્રણ દિવસના ખાસ સત્ર દરમિયાન લોકસભામાં જરૂરી બે તૃતીયાંશ ખાસ બહુમતી મેળવવામાં કાયદો નિષ્ફળ ગયો હતો.

તે સમયે, ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ પાસે બંને ગૃહમાં બંધારણીય સુધારા બિલ પસાર કરવા માટે જરૂરી સંખ્યાઓ નહોતી.

જોકે, ત્યારથી, રાજકીય વિકાસને કારણે લોકસભા અને રાજ્યસભા બંનેમાં જરૂરી ખાસ બહુમતી સુધીનું અંતર ઘટી ગયું છે.

મે મહિનામાં પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસને મોટો ફટકો પડ્યા બાદ ભાજપની સ્થિતિ મજબૂત બની છે.

તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ.કે. સ્ટાલિનના ઇન્ડિ બ્લોક સાથી કોંગ્રેસ સાથેના મતભેદ બાદ ભાજપ ડીએમકે ના બાવીસ લોકસભા સાંસદનો ટેકો મેળવવાની શક્યતા પણ જોઈ રહી છે. ■

પહેલા પાનાનું ચાલુ

## આજથી બ્રિક્સ

કાશિમ શેટ્ટીમા પણ રાષ્ટ્રીય રાજધાની પહોંચી ગયા છે. ભારત ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ 'ભારત મંડપમ' ખાતે ૧૮મી બ્રિક્સ સમિટનું આયોજન કરી રહ્યું છે.

ભારતે ૧ જાન્યુઆરીએ ચોથી વખત બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળ્યું છે. વર્ષ ૨૦૨૬ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ પણ છે કારણ કે બ્રિક્સ તેની સ્થાપનાના ૨૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે.

વિદેશ મંત્રાલય (ખઊઅ) એ ઍક્સ પર પોસ્ટ કર્યું હતું કે, નવી દિલ્હીમાં ૧૮મી બ્રિક્સ સમિટ માટે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાનું ઉષ્માભર્યું સ્વાગત છે. એરપોર્ટ પર રાજ્યકક્ષાના પ્રધાન જયંત સિંહે તેમનું સ્વાગત કર્યું હતું. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી પર આધારિત ગાઢ અને ઐતિહાસિક સંબંધો છે. બ્રિક્સ ભાગીદારો તરીકે 'ગ્લોબલ સાઉથ' (વિકાસશીલ દેશો) પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અટલ છે.

મૂળભૂત રીતે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ કરતા બ્રિક્સ જૂથનો ૨૦૨૪માં વિસ્તાર થયો અને તેમાં ઇજિપ્ત, ઇથિયોપિયા, ઇરાનઅને સાઉદી અરેબિયાનો સમાવેશ કરવામાં આવ્યા, જ્યારે ઇન્ડોનેશિયા ૨૦૨૫માં તેમાં જોડાયું.

આ જૂથ વૈશ્વિક વસ્તીના લગભગ ૪૯.૫ ટકા, વૈશ્વિક જીડીપીના લગભગ ૪૦ ટકા અને વૈશ્વિક વેપારના લગભગ ૨૬ ટકા હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. (એજન્સી) ■

# પાકિસ્તાન અને અમેરિકાએ સઉદી અરેબિયાને દગો દીધો

- મક્કા કરાર છતાં હુતી સામેની લડાઇમાં લશ્કરી સહાય કરવામાં ઇસ્લામાબાદની પાછી પાની
- ટ્રમ્પે પણ મદદ કરવાની ના પાડી
- બળવાખોરોએ મહત્ત્વનું બંદર-શહેર કબજે કર્યું
- સઉદીના પાટવીકુંવરે અમેરિકાના પ્રમુખને બે વખત ફોન કરી 'એસઓએસ' કહ્યું

નવી દિલ્હીઃ પાકિસ્તાન સઉદી અરેબિયાને દગો દઇને હુતી સામેની લડાઇમાં લશ્કરી સહાય કરવામાં પાછી પાની કરી રહ્યું છે. સઉદીના પાટવીકુંવરે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને દિવસમાં બે વખત ફોન કરીને 'એસઓએસ' (સૅવ અવર સૉલ્સ)નો એટલે કે તાકીદે મદદ કરવા સંદેશો મોકલ્યો હોવા છતાં ટ્રમ્પે રિયાધને આ લડાઇમાં મદદ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. દરમિયાન, હુતી બળવાખોરોએ એક મહત્ત્વનું બંદર - શહેર કબજે કરી લીધું છે અને રિયાધનું પીઠબળ ધરાવતા દળોને પીછેહઠ કરવાની ફરજ પડી રહી છે. હુતી બળવાખોરોએ રાતા સમુદ્ર અને હોર્મુઝ ખાડીમાંથી જહાજોની અવરજવર સામે મોટું જોખમ ઊભું કર્યું છે.

પાકિસ્તાન અને સઉદી અરેબિયા વચ્ચે એકબીજાને લશ્કરી સહાય કરવા માટે 'મક્કા કરાર' થયા હોવા છતાં ઇસ્લામાબાદ આ લડાઇમાં સઉદીને લશ્કરી સહાય કરવા રાજી નથી.

બીજી બાજુ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પણ સઉદી અરેબિયાને હુતી સામેની લડાઇમાં અમેરિકી લશ્કરની સીધી સહાય કરવાનો ઇનકાર કર્યો હતો.

સઉદીને મુશ્કેલ સમયમાં સહાય કરવાની પાકિસ્તાન અને અમેરિકાએ ના પાડી હોવાથી આ બન્ને દેશના નેતાઓનો સ્વભાવ 'અણધાર્યો' અને 'સ્વાર્થી' હોવાનું ફરી જાહેર થઇ ગયું હતું એટલે કે તેઓ કોઇના સગાં નથી. હુતી અને રિયાધનું પીઠબળ ધરાવતા યમનના દળો વચ્ચે લડાઇ ઉગ્ર બનતા સઉદીએ ટ્રમ્પને 'એસઓએસ' (સૅવ અવર સૉલ્સ)નો એટલે કે તાકીદે મદદ કરવા સંદેશો મોકલ્યો હતો. હુતી બળવાખોરોએ ગુરુવારે રાતા સમુદ્રના મુખ્ય બંદર મોખાને કબજે કરી લીધું હતું અને તેઓ બાબ અલ-મંડેબ અખાતની નજીક પહોંચી ગયા હતા. તેને લીધે જહાજોની અવરજવરના અગત્યના જળમાર્ગની સલામતી સામે જોખમ ઊભું થયું હતું.

અમેરિકા અને ઇરાન દ્વારા કરાતા સામસામા હુમલાને કારણે હોર્મુઝ સામુદ્રધુનીમાં પણ જહાજો સામે જોખમ ઊભું થયું છે. ખનિજ તેલ અને ગૅસને લઇને જતાં અનેક જહાજ પર હુમલા કરાયા હતા.

સંયુક્ત રાષ્ટ્રસંઘની મદદથી ૨૦૨૨માં હુતી અને યમનના દળો વચ્ચે યુદ્ધવિરામ કરાયો હતો, તે પછી હાલમાં સૌથી વધુ ભીષણ લડાઇ ચાલી રહી છે.

સઉદીના પાટવીકુંવર મોહમ્મદ બિન સલમાને ગુરુવારે ટ્રમ્પને બે વખત ફોન કર્યો હતો, પરંતુ ટ્રમ્પે મદદ કરવાની સ્પષ્ટ શબ્દોમાં 'ના' પાડી દીધી હતી.

અમેરિકાના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે ટ્રમ્પ હુતી અને સઉદી અરેબિયા વચ્ચેની લડાઇમાં રિયાધને સીધી મદદ કરવાની અનિચ્છા ધરાવે છે.

સઉદીના પાટવીકુંવરે ટ્રમ્પે ગુરુવારે પહેલી વખત ફોન કરીને હુતી સાથેની લડાઇની સ્થિતિ અંગે અને બળવાખોરો કાંઠા પર આવેલા શહેર મોખા ભણી આગળ વધતા હોવાનું જણાવીને તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

મોહમ્મદ બિન સલમાને થોડાં કલાક પછી પાછો ટ્રમ્પને ફોન કરીને હુતી બળવાખોરો પર હુમલો કરવા અમેરિકાની મદદ માગી હતી અને કબૂલ કર્યું હતું કે સઉદીનું પીઠબળ ધરાવતા લશ્કરે પીછેહઠ કરવી પડી છે. ■

# ત્રણ મોટાં વાવાઝોડાની આગાહી

નવી દિલ્હીઃ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન (ઇસરો)એ દેશમાં ચાલુ વર્ષે ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીના ત્રણ મહિના દરમિયાન ત્રણ શક્તિશાળી વાવાઝોડા ફૂંકાવાની ચેતવણી આપી હતી.

આગામી ત્રણ મહિના દરમિયાન ફૂંકાનારા આ વાવાઝોડા અગાઉના ૪૪ વર્ષમાં ફૂંકાયેલા વાવાઝોડાની કુલ સરેરાશ તીવ્રતા કરતાં ઘણી વધુ રહેવાનો ભય છે.

'ઇસરો'એ ઉત્તર હિંદ મહાસાગર પરથી ઑક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન ફૂંકાનારા આ વાવાઝોડાની ચેતવણી આપી હતી હોવાથી પૂર્વ અને પશ્ચિમના દરિયાકાંઠે સાબદાં રહેવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટીને સૂચના અપાઇ હતી.

અંતરિક્ષ ક્ષેત્રે કામ કરતી દેશની આ સંસ્થાએ જણાવ્યું હતું કે આવનારા વાવાઝોડાથી ઉત્પન્ન થનારી કુલ ઊર્જાની 'પાવર ડિસિપેશન ઇન્ડેક્સ' (પીડીઆઇ) બહુ જ વધારે હશે.

ઇસરોના સંશોધનકારોએ છેલ્લાં ૪૦ વર્ષનો દરિયાઇ વિસ્તારનો અને હવામાનનો ડેટા તપાસ્યો હતો. ■

# જૈવિક શસ્ત્રોને લગતા અકાઉન્ટ્સને બંધ કર્યા હોવાનો એન્થ્રોપિકનો દાવો

ન્યૂ યોર્કઃ એન્થ્રોપિકે બહાર પાડેલા ૧૫૪ પાનાનાં અહેવાલમાં દાવો કરાયો હતો કે અમે ૨૦૨૫ના ડિસેમ્બરથી ૨૦૨૬ના ઑગસ્ટ દરમિયાન જૈવિક શસ્ત્રો અને પરંપરાગત શસ્ત્રો વિકસાવવા, ગેરકાયદે સાયબર ઑપરેશન્સ, ઇન્ફ્લ્યુઅન્સ ઑપરેશન્સ, જાસૂસી, કૌભાંડ અને ગેરકાયદે ડિસ્ટિલેશનને લગતા અકાઉન્ટ્સ અમારા ક્લાઉડ મૉડેલ્સનો ઉપયોગ કરીને શોધ્યા હતા અને તેને બંધ કરાવ્યા હતા.

તેણે એવો દાવો પણ કર્યો હતો કે જૈવિક શસ્ત્રોમાં મચ્છરો દ્વારા ફેલાતા ચિકનગુન્યાના વાઇરસ ઝડપથી ફેલાય અને માનવ ઇમ્યુન સિસ્ટમ (રોગપ્રતિકારક શક્તિ)ને જલદી અસર કરી શકે એવી પદ્ધતિ તૈયાર કરવા મે મહિનામાં કરાયેલી એક અરજીને અમે પકડી પાડી હતી. આ અરજી મુલકી સંશોધનકારો દ્વારા કરાઇ હોવાનું લાગતું હતું, પરંતુ તેમાં 'હૉસ્ટ લૅબ' તરીકે લશ્કરી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટનું નામ હતું.



શ્રાવણના અંતિમ દિવસે ભાદરવી અમાસના રોજ જૂનાગઢના પવિત્ર દામોદર કુંડ ખાતે હજારો શ્રદ્ધાળુ ઊમટી પડ્યા હતા. વહેલી સવારથી ભાવિકોએ સ્નાન બાદ પિતૃત્વ પણ કર્યું હતું. (તસવીર : હરેશ સોની)

# શ્રાવણના અંતિમ દિને ૧.૨૪ લાખ જેટલા ભાવિકોએ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સોમનાથઃ પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે, શ્રાવણી અમાસના પાવન અવસરે પ્રથમ જ્યોર્તીલિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે ભક્તિનો અફાટ સાગર ઉમટી પડ્યો હતો. વહેલી સવારથી જ શિવભક્તો લાંબી કતારોમાં ઊભા રહીને મહાદેવના દર્શનાર્થે પધાર્યા હતા. શ્રાવણના અંતિમ દિને સોમનાથ દાદાના દિવ્ય દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવા ૧.૨૪ લાખ જેટલા ભાવિકો પધાર્યા હતા. આખો દિવસ મંદિર પરિસર ''હર હર મહાદેવ'' અને ''જય સોમનાથ'' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

સોમનાથ મંદિર પરિસરમાં આખો દિવસ વૈદિક મંત્રોચ્ચાર અને શંખનાદનો ગુંજારવ રહ્યો હતો. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં જપાત્મક, અભિષેકાત્મક, અને હોમાત્મક પૂજાઓ સંપૂર્ણ શ્રદ્ધા અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે સંપન્ન થઈ હતી. શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવેલી પૂજાના આંકડાઓ ભક્તિની સાક્ષી પૂરે છે. સોમનાથના ગગનચુંબી શિખર પર ભક્તો




દ્વારા ભક્તિભાવપૂર્વક ૬૧ ધ્વજા પૂજા અર્પણ કરવામાં આવી હતી, શાસ્ત્રોક્ત વિધિથી ૬૯ સોમેશ્વર મહાપૂજા સંપન્ન થઈ હતી. ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ૫૧ કુંડી મહામૃત્યુંજય યજ્ઞમાં ૧૯,૦૦૦ થી વધુ આહુતિઓ હોમવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ પવિત્ર અને યજ્ઞમય બની ગયું હતું.

ડાક-ડમરુ અને શરણાઈના સુર વચ્ચે જ્યારે સોમનાથ દાદા પાલખીમાં બિરાજમાન થઈને પરિસરમાં વિહાર કરવા નીકળ્યા હતા, ત્યારે ઉપસ્થિત ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા. વિશાળ સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ યાત્રામાં હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા અને દેવાધિદેવની એક દિવ્ય ઝલક પામીને કૃતાર્થ થયા હતા. શ્રાવણ રૂપી શિવોત્સવનું સમાપન સોમનાથ મહાદેવના અન્નકૂટ શ્રૃંગાર સાથે કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવને વિવિધ પ્રકારના મિષ્ઠાન, પકવાન સાથે અન્નકૂટ ભોગ ધરાવવામાં આવ્યો હતો.

આ શ્રૃંગારનો આધ્યાત્મિક સંદેશ એવો છે કે જે રીતે આહારમાં વિવિધ પ્રકારના સ્વાદરસ રુચિ ઉત્પન્ન કરે છે તેજ રીતે જીવનમાં વિવિધ તબક્કાઓ અને પડકારો ચડતી અને પડતી જીવવાનો ઉત્સાહ જાળવી રાખે છે. ત્યારે જીવનની દરેક પરિસ્થિતિને મહાદેવનો પ્રસાદ માની અને સ્વીકારીને આગળ વધવુ એજ મનુષ્યનું કર્મ છેઆ સંદેશ અન્નકૂટ શ્રૃંગારના માધ્યમથી ભક્તોએ ગ્રહણ કર્યો હતો. આમ, ભક્તિના આ પ્રચંડ ધોધ સાથે આ વર્ષના પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ શ્રી સોમનાથ તીર્થમાં અત્યંત દિવ્ય, ભવ્ય અને મંગલમય વાતાવરણમાં થઈ હતી. ■

# પૂર્વ કચ્છમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા પંચાવન શખસોના વીજજોડાણ કપાયાઃ ₹ ૧૯.૫૦ લાખનો દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છ પોલીસ અને વીજતંત્ર દ્વારા બિનઅધિકૃત વીજ જોડાણો ધરાવતા અસામાજિક તત્વો વિરુદ્ધ હાથ ધરવામાં આવેલી સંયુક્ત ઝુંબેશ યથાવત રાખવામાં આવી છે. આદિપુર, માથક, અંતરજાળ, કિડાણા અને અંજાર સહિતના વિસ્તારોમાં મારામારી, લૂંટ, હત્યાની કોશિશ તથા ચોરી જેવા ગુનાઓમાં સંકળાયેલા કુલ ૫૫ જેટલા શખ્સોના ગેરકાયદેસર વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા છે અને તમામને મળીને કુલ રૂ.૧૯.૫૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, આદિપુર પોલીસે કાના લખુ આહીર, હિતેશ દેવરિયા, ચંદ્રશેખર બાજીગર, દિનેશ બારોટ, રામજી ખોખર, દીપક દાફડા તથા ખેંગાર દાફડાના રહેણાક મકાનોના ગેરકાયદે વીજ જોડાણ કપાવીને ૫ લાખનો દંડ વસૂલવાની કાર્યવાહી કરી હતી.

બીજી તરફ, ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે હુશેન ચાવડા, અનવર વીરા, ઈમરાન ચાવડા, અકરમ ચાવડા, ફરીદ કટિયા, સાહિલ શેખ, લિયાકત ચાવડા, અલ્તાફ કકલ, અસગર ચાવડા, ઈસ્માઈલ ચાવડા, ઉમર ચાવડા, ગની ચાવડા, સુલ્તાનગની છુછિયા, ઓસમાણ મથડા, ઈસ્માઈલ મમણ, સબ્બીર કાનગડા, અનવર શેખ, ઈકબાલ શેખ, રજાક શેખ, અકરમ ઈસ્માઈલ ચાવડા, કાસમ ચાવડા, ગફુર ચાવડા, સબીર ચાવડા, હનીફ ચાવડા, રજાક ચાવડા અને ખમીશા ખારા સહિતના શખ્સોના વીજ જોડાણ કપાવી કુલ રૂપિયા ૧૨ લાખનો દંડ ફટકાર્યો હતો.

આ ઉપરાંત અંજાર પોલીસે તપાસ હાથ ધરીને કાસમશા શેખ, અનિલ કોળી, રમજાન કકલ, સોહિલ સાંધાણી, જુમા સાંધાણી, જમનશા શેખ, કાસમશા જુસબશા શેખ, હાજીશા શેખ, અસગર કકલ, કાસમ ભાકરશા શેખ, અબ્દુલ નોડે, ઉમર સૈયદ, સલીમ શેખ, યાશીનશા શેખ, મુસ્તાક પીંજારા, કાસમશા ભચલશા શેખ, અકબર બાફણ, સલીમ મેર, અલ્લારખા નોડે, ઈમરાન ખલીફા, મોહમદ કકલ અને રિયાઝ કકલના વીજ જોડાણો કટ કરાવી રૂ.૨.૫૦ લાખનો દંડ ફટકાર્યો હતો. પોલીસ અને વીજતંત્રની આ સંયુક્ત કાર્યવાહીથી ગુનાહિત માનસ ધરાવતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

# ભાવનગરના કોળિયાકના મેળામાં હૈયેહૈયું દળાયું, અમાસનું સમુદ્રસ્નાન કરવા માનવમેદની ઊમટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં ભાદરવી અમાસના પાવન પર્વે પિતૃ મોક્ષાર્થે પુણ્યકાર્યો, શ્રાદ્ધ તર્પણ અને જીવદયાની વિવિધ પ્રવૃત્તિઓ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે સંપન્ન થઈ હતી. પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે યોજાયેલા આ મહાપર્વમાં કોળીયાકના નિષ્કલંક મહાદેવજીના દરિયામાં રાજ્યભરમાંથી આવેલા લાખો શ્રદ્ધાળુઓએ પવિત્ર સમુદ્ર સ્નાન કરી નિષ્કલંક થઈ ધન્યતા અનુભવી હતી.




કોળીયાક ખાતે નિષ્કલંક મહાદેવના દર્શન અને સમુદ્ર સ્નાન માટે ગુરુવાર મોડી રાતથી જ શ્રદ્ધાળુઓ દરિયા કિનારે આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. સવારે તંત્ર દ્વારા સમુદ્રમાં જવા માટેની પરવાનગી મળતાંની સાથે જ 'હર હર મહાદેવ'ના ગગનભેદી જયઘોષ સાથે ભાવિકોએ સમુદ્ર ભણી દોટ મૂકી હતી. ભાવિકોએ સ્વયંભૂ પ્રગટ થયેલા નિષ્કલંક મહાદેવના દર્શન-પૂજન કરી સમુદ્ર સ્નાનનો પવિત્ર લહાવો લીધો હતો. આ પૂર્વે રાજવી પરિવાર દ્વારા ધ્વજા પૂજન પણ કરવામાં આવ્યું હતું.

પવિત્ર ભાદરવી અમાસ નિમિત્તે વહેલી સવારથી જ ભાવનગર શહેર તથા સમગ્ર ગોહિલવાડના શિવાલયોમાં ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

શિવભક્તોએ મહાદેવને રીઝવવા માટે જળાભિષેક, દુગ્ધાભિષેક, બીલીપત્ર અને ચોખા અર્પણ કર્યા હતા. વિવિધ શિવાલયોમાં મહાદેવજીને મનોહર પુષ્પ શણગાર પણ કરવામાં આવ્યો હતો.

આ સાથે જ દિવંગત પિતૃઓના આત્માની શાંતિ માટેની સર્વોત્તમ તિથિ હોય, શ્રદ્ધાળુઓએ વિષ્ણુ ભગવાનનું પૂજન-અર્ચન કરી પિતૃ તર્પણ અને શ્રાદ્ધ વિધિ સંપન્ન કરી હતી. પીપળાના પૂજન માટે પણ શ્રદ્ધાળુઓ બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને જીવદયાના વિવિધ કાર્યો હાથ ધરવામાં આવ્યા હતા.

કોળીયાક ખાતે યોજાયેલા બે દિવસીય લોકમેળામાં કોઈ અણબનાવ ન બને તે માટે પોલીસ તંત્ર, આરોગ્ય વિભાગ અને તજજ્ઞ તરવૈયાઓની ટીમો રાઉન્ડ ધ ક્લોક ખડેપગે રહી હતી.

તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ કાર્યરત રાખીને યાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. ધાર્મિક આસ્થા અને લોકસંસ્કૃતિના આ મહાપર્વનું સાંજે શ્રદ્ધાપૂર્વક સમાપન થયું હતું. ■

# ભચાઉની જૂની મુખ્ય બજારમાં રાત્રિના સમયે નગરપાલિકાનું બુલડોઝર ફર્યુંઃ લારી-ગલ્લાં, ઓટલાના દબાણો હટાવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ શહેરમાં દબાણોનો રાફડો ફાટ્યો છે. લારી-ગલ્લા સહિતના દબાણોથી સ્થાનિકો પરેશાન છે.

સતત વધતા દબાણોથી હવે તો સ્થાનિક રહેવાસીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે. હવે તંત્રએ દબાણો હટાવવા આકરું વલણ અપનાવ્યું છે. ખાસ કરીને જૂની મુખ્ય બજાર તથા ફૂલવાડી વિસ્તારમાં વકરેલી ટ્રાફિક સમસ્યાનો નિકાલ કરવા નગરપાલિકા તંત્ર દ્વારા મોડી રાત્રિના સમયે દબાણ હટાઓ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. વહીવટી તંત્ર દ્વારા રસ્તા પર ખડકાયેલા અનધિકૃત ઓટલા અને લારી-ગલ્લા સહિતના ગેરકાયદે બાંધકામો દૂર કરાયા હતા.

મુખ્ય બજાર વિસ્તારમાં દૂધ ડેરી અને નાસ્તાની દુકાનો બહાર વાહનોનું અસ્તવ્યસ્ત પાર્કિંગ તેમજ દુકાનદારો દ્વારા રસ્તા પર કરાયેલા દબાણોના કારણે અવારનવાર ભારે ટ્રાફિક જામ સર્જાતો હતો. આ સમસ્યા અંગે સ્થાનિકોની ફરિયાદોને પગલે નગરપાલિકા દ્વારા આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા ટ્રાફિક પોલીસનો કાફલો પણ સાથે રહ્યો હતો.

આ કાર્યવાહીમાં પાલિકા ચીફ ઓફિસર એ. બી. ઝાલા, એસ.ડી. ઝાલા, પ્રમુખ પેથાભાઈ રાઠોડ, ઉપપ્રમુખ ચંપાબેન ગોઠી, કારોબારી ચેરમેન વિજયાસિંહ ઝાલા, પિન્ટુદાન ગઢવી, પરેશ ઠક્કર અને દેવશી રબારી સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાયા હતા. દબાણો હટાવીને રસ્તો પહોળો કરાતાં વાહનચાલકો અને રાહદારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ■

# અમદાવાદ રેલવેનો રેકોર્ડ, ગાંધીધામમાંથી ૭૨ રેકનું લોડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી જિલ્લા કચ્છમાં આવેલા બે મહાબંદરોના કારણે, પશ્ચિમ રેલવેમાં માલ પરિવહનમાં અગ્રેસર રહેતા અમદાવાદ ડીવીઝને માલ લોડિંગ ક્ષેત્રે એક જ દિવસમાં ૯૧ રેક લોડ કરીને પોતાનો જ જૂનો રેકોર્ડ તોડી નવો ઈતિહાસ રચ્યો છે. આ ઐતિહાસિક સિદ્ધિમાં ગાંધીધામ વિસ્તારમાં સૌથી વધુ ૭૨ રેકનું લોડિંગ કરીને સિંહફાળો આપવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, તાજેતરમાં ૯ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ ડીવીઝન દ્વારા ૯૧ રેક અને ૩,૮૪૭ વેગનનું રેકોર્ડબ્રેક લોડિંગ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત અત્યાર સુધીની સૌથી વધુ ૨૮ જમ્બો રેક અને ૨૩ ડબલ સ્ટેક કન્ટેનર રેક સહિત કુલ ૪૭ કન્ટેનર રેક લોડ કરવામાં આવી હતી. આ ઉપરાંત ખેતી ક્ષેત્રે ખાતર સમયસર પહોંચાડવાના હેતુથી ૧૯ ખાતરની રેક તેમજ વિવિધ વિસ્તારોમાં મીઠાની માંગ પહોંચી વળવા માટે ૮ મીઠાની રેક રવાના કરાઈ હતી.

અમદાવાદ ડિવિઝનના ડીઆરએમ વેદ પ્રકાશે આ સિદ્ધિ બદલ મંડળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આ સફળતાને ટીમવર્ક, શ્રેષ્ઠ સંકલન અને સતત ઉત્કૃષ્ટ પ્રદર્શનનું પરિણામ ગણાવી હતી અને ભવિષ્યમાં પણ માલ પરિવહન ક્ષેત્રે નવા માપદંડો સ્થાપિત કરવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. ■

## કચ્છ જિલ્લા પંચાયતની સાધારણ સભામાં વિપક્ષનો હંગામો

# ૧૦૩ તલાટીની ઘટ અને ૨૨૬ શાળાઓ મેદાનવિહોણી હોવાનો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લા પંચાયતની સાધારણ સભા પ્રમુખ પ્રભાબેન હુણના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેની શરૂઆતમાં જ વિપક્ષી નેતાએ પ્રશ્નોત્તરીના લેખિત જવાબો અગાઉથી ન મળવા મુદ્દે વિરોધ નોંધાવ્યો હતો. એક કલાકના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન રજૂ કરાયેલી વિગતોમાં જિલ્લામાં ૧૦૩ તલાટી સહ મંત્રીની ઘટ અને ૨૨૬ શાળાઓ રમત-ગમતના મેદાન વગરની હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી. નાયબ ડીડીઓ આસ્થાબેન ડાંગરે ઠરાવોનું વાંચન કર્યુ હતું. સભામાં વિપક્ષી નેતા રાજેશ આયરના પ્રશ્નોના જવાબમાં સીડીએચઓ ડો. ભંડેરીએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગમાં આઉટસોર્સથી ૭૨૭ ડ્રાઈવરો અને કર્મીઓ કાર્યરત છે અને તેમના ઈપીએફનું વેરિફિકેશન કરવામાં આવે છે. આ ઉપરાંત જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ૧૯૦૭ જગ્યાઓ ખાલી હોવાની માહિતી પણ બહાર આવી હતી, જેને પગલે વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઊભા થયા હતા.

આ સભા દરમિયાન મહત્વપૂર્ણ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા જેમાં વાંકી, કેરા અને સામખિયાળીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સીએચસીમાં અપગ્રેડ કરવા તેમજ સણવા અને આડેસરમાં નવા પીએચસી મંજૂર કરવાના ઠરાવ કરાયા હતા. આ ઉપરાંત ગાંધીધામ મહાનગરપાલિકા બનતાં કિડાણા પીએચસીને કોટડા અને મીઠીરોહર પીએચસીને ડગાળા ખાતે ટ્રાન્સફર કરવા સહિત નવ સબ સેન્ટરોના સ્થળફેર અંગે મંજૂરી અપાઈ હતી.

વિપક્ષ દ્વારા અબડાસા, લખપત, માંડવી અને અંજારમાં ઓછો વરસાદ થયો હોવાથી અછતગ્રસ્ત જાહેર કરવા માંગ કરાઈ હતી, જેની સામે શાસક પક્ષે અછત શાખા દ્વારા જરૂરી કામગીરી ચાલુ હોવાનું જણાવ્યું હતું. આ બેઠકમાં વિવિધ વિકાસ કામો અને નીતિવિષયક મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી.■

# સુરેન્દ્રનગરના તરણેતર લોકમેળામાં ૧૮૦ સફાઈ કર્મચારીઓની ટીમ ત્રણ શિફ્ટમાં તહેનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના થાનગઢ પંથકના સુપ્રસિદ્ધ તીર્થધામ તરણેતર ખાતે તા.૧૪થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા વિશ્વવિખ્યાત તરણેતર ભાતીગળ લોકમેળાને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ મેળાની મુલાકાત લેવાના હોવાથી મેળા પરિસરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે તરણેતર ગ્રામ પંચાયત દ્વારા ૨૪ કલાક અવિરત સફાઈ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

મળતી વિગત મુજબ, સમગ્ર મેળા પરિસરમાં સફાઈ માટે કુલ ૧૮૦ સફાઈ કર્મચારીઓની ટીમ તૈનાત કરવામાં આવી છે. કર્મચારીઓ મેળાના વિવિધ ઝોન, મુખ્ય માર્ગો, ખાણી-પીણીના સ્ટોલ, સાંસ્કૃતિક કાર્યક્રમોના સ્થળો તેમજ ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર આસપાસના વિસ્તારોમાં સતત સફાઈ કામગીરી કરશે. સફાઈ વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ન આવે તે માટે ૨૪ કલાકને ૮-૮ કલાકની ત્રણ શિફ્ટમાં વહેંચવામાં આવ્યા છે. દરેક શિફ્ટમાં ૬૦ કર્મચારીઓ ફરજ બજાવશે. એક શિફ્ટ પૂર્ણ થતાં જ બીજી શિફ્ટના કર્મચારીઓ કામગીરી સંભાળી લેશે, જેથી દિવસ-રાત સતત સફાઈ કામગીરી ચાલુ રહી શકે. મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડવાના કારણે વિવિધ સ્થળોએ કચરો એકત્ર થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને કચરાના ઝડપી એકત્રીકરણ અને યોગ્ય નિકાલની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સફાઈ કર્મચારીઓ દ્વારા મેળા દરમિયાન સતત રાઉન્ડ લઈને ગંદકી દૂર કરવામાં આવશે. ■

# જૂનાગઢ સક્કરબાગ ઝૂમાં બે વર્ષમાં ૧૯ લાખથી વધુ સહેલાણીઓ ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના પ્રખ્યાત સક્કરબાગ ઝૂ પ્રવાસીઓ અને વન્યજીવ પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. વિધાનસભા સત્ર દરમિયાન માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણી દ્વારા પૂછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં વન પ્રધાનએ સક્કરબાગ ઝૂમાં આવેલા મુલાકાતીઓ અને તેનાથી થયેલ આવકની વિગતો જાહેર કરી હતી

સરકાર દ્વારા રજૂ કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, ૩૧ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષોમાં કુલ ૧૯,૧૫,૧૭૨ મુલાકાતીઓએ સક્કરબાગ ઝૂની મુલાકાત લીધી છે, જેના થકી વન વિભાગને રૂ. ૬,૧૨,૦૩,૫૫૫ની માતબર આવક થઈ હતી.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫માં આ વર્ષ દરમિયાન કુલ ૮,૯૦,૫૦૫ પ્રવાસીઓએ પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લીધી હતી, જેનાથી તંત્રને રૂ. ૩,૦૦,૨૦,૭૨૫/- ની આવક પ્રાપ્ત થઈ હતી. જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬માં મુલાકાતીઓની સંખ્યામાં ધરખમ વધારો નોંધાયો હતો અને આંકડો ૧૦ લાખને પાર પહોંચ્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૧૦,૨૪,૬૬૭ પ્રવાસીઓ નોંધાયા હતા અને તેના દ્વારા રૂ. ૩,૧૧,૮૨,૮૩૦ આવક થઈ હતી. ગત વર્ષ ૨૦૨૪-૨૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૫-૨૬માં મુલાકાતીઓની સંખ્યામાં ૧.૩૪ લાખથી વધુનો વધારો જોવા મળ્યો હતો. ગીરના સિંહો, વિવિધ વન્યજીવો તથા સક્કરબાગ ઝૂમાં પ્રવાસીઓની સુવિધાઓ અને વન્યજીવોના સંવર્ધનને પગલે પ્રવાસીઓના ધસારા સાથે સરકારી તિજોરીમાં પણ નોંધપાત્ર આવકનો ઉમેરો થયો છે. ■

# રાજકોટની લિસ્ટેડ ઓનેક્સ ગ્રૂપ કંપનીનું શેરબજારમાં કારસ્તાન છતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : સ્ટેટ જીએસટી વિભાગે રાજકોટની એનર્જી એન્ડ સોલર પેનલ મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલ ઓનેક્સ ગ્રુપ ઓફ કંપની અને તેની સહભાગી ૫૦ જેટલી કંપનીઓની કોર્પોરેટ ઉપરાંત રજીસ્ટર ઓફિસો સહિત ૪૫ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યાં હતાં. જેમાં કરોડો રૂપિયાના હિસાબી ગોટાળાના દસ્તાવેજો જપ્ત થયાં હતાં. આ કંપની દ્વારા ઇન્ટર્નલ બિલ ડિવાઇડ કરીને તેમજ સર્ક્યુલર ટ્રેડિંગ કરીને ટેક્સની ચોરી કરાતી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. રાજકોટની ઓનેક્સ ગ્રુપ ઓફ કંપની લિસ્ટેડ કંપની છે અને શેર બજારમાં પોતાના ભાવો ઊંચકાય તે માટે બ્રોકર અને ઇન્વેસ્ટરોની એક આખી કાર્ટિલ રચીને ટેક્સની ચોરી કરવામાં પ્રકાશમાં આવ્યું હતું. સ

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કંપનીના બ્રોકર અને રોકાણકારો વચ્ચે પહેલેથી જ કોઓર્ડીનેશન હતું. સવારે બજાર ખુલે તે પહેલા કયા સમયે શેર ખરીદવા અને વેચાણ કરવા તે નક્કી કરેલું જ હોય છે. રોકાણકાર શેરની ખરીદી બ્રોકરના કહેવા કરતા હતાં. બજાર બંધ થાય ત્યાં સુધીમાં મોટા પાયે શેર ખરીદી કરી લેવામાં આવતી જેથી અન્ય રોકાણકારો શેર ખરીદવા માટે આકર્ષિત થતા, જેના કારણે રોકાણકારો કંપનીના શેરમાં રોકાણ કરતા હોય છે. હકીકતમાં કંપનીના જ બ્રોકરો તેમના રોકાણકારો મારફત ખરીદ અને વેચાણ કરાવીને હાઈવ વોલ્યુમ બતાવતા હોય છે. આમ બ્રોકર અને તેમના ઇન્વેસ્ટરોની રચાયેલી કાર્ટિલમાં બીજા રોકાણકારો શેર ખરીદી લેતા હોય છે. આમ, કંપનીનું ટન ઓવર પણ મોટું દેખાતું હોય છે અને કંપનીના શેર બજારમાં સારું પર્ફોર્મન્સ આપી રહ્યા છે તેઓ માત્ર કાગળો ઉપર દેખાડો કરવામાં આવતો હતો. બપોરના સમયે બજાર બંધ થાય તે પહેલા બ્રોકર તેમના માનીતા ઇન્વેસ્ટરો પાસેથી ખરીદ કરેલા શેર કોર્નર કરી લેતા હોય છે.

જીએસટી વિભાગની તપાસ પ્રમાણે, અમદાવાદમાં ડ્રેસ મટીરીયલ્સ અને રેડીમેડ ગારમેન્ટ્સના ૧૫ થી ૨૦ વેપારીઓ ઉપરાંત વડોદરા અને તેની આસપાસ ૨૦ જેટલા જ્વેલર્સને ત્યાં દરોડા પાડવામાં આવ્યાં હતા.

ત્યારબાદ રાજકોટ ધોરાજી જૂનાગઢ અને તેની આસપાસના વિસ્તારોમાં ઓનેક્સ ગ્રુપ ઓફ કંપનીની રાજકોટમાં મેટોડા ખાતે આવેલી મુખ્ય ઓફિસ સાથે આ જ ઓફિસમાં આવેલી ૫૦ જેટલી અન્ય સહભાગી કંપનીઓ અને તેની સાથે સંકળાયેલા તેના પ્રમોટરોને ત્યાં તપાસ કરવામાં આવી હતી. આ કંપની સોલર પેનલ મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલી હોવાથી અને ગ્રુપના પ્રમોટર સાવલિયા બ્રધર્સની તમામ ઓફિસો તપાસમાં કવર કરી લેવામાં આવી હતી.

પ્રાથમિક તપાસ પ્રમાણે કોઈપણ પ્રકારના ગુડ્સની લે વેચ કર્યા વગર બિલિંગ કરીને ટન ઓવર વધારવામાં આવતું હતું. જો આમ કરવામાં આવે તો બેંકોમાંથી મોટી લોન પણ લઈ શકાય છેઅને ત્યારબાદ જીએસટી વિભાગમાંથી ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવતી હોય છે. જીએસટી અને ઇન્કમટેક્સમાં મોટી રાહત મેળવવા માટે સર્ક્યુલર ટ્રેડિંગ કરવામાં આવતું હતું. દરોડા દરમિયાન ડિજિટલ ડિવાઇસ વાંધાજનક દસ્તાવેજો મોટી માત્રામાં મળી આવ્યા હતા. દરોડા દરમિયાન કરોડો રૂપિયાના હિસાબી ગોટાળા અંગેના દસ્તાવેજો મળ્યા હતા. જીએસટી વિભાગના અધિકારીઓએ કંપનીની અમદાવાદમાં આવેલી ઓફિસમાં પણ તપાસ શરૂ કરી છે. તપાસના અંતે જીએસટીની સાથે ઇન્કમટેક્સની પણ મોટી ચોરીનો પર્દાફાશ કરવામાં આવશે. ■

# રાજકોટ મનપાના કોર્પોરેટરોના માનદ વેતનના મુદ્દે રાજકારણ ગરમાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેર મનપાના કોર્પોરેટરોના માનદ વેતનમાં વધારો કરવાની માંગના મુદ્દે રાજકારણ ગરમાયું છે. કોર્પોરેટરોની આ માંગ સામે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજાએ સવાલો ઉઠાવ્યા હતા. રાજદીપસિંહ જાડેજાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા માનદ વેતન વધારવાની માંગને યુવાનોની મજાક સમાન ગણાવી છે. તેમણે સવાલ કર્યો કે એક તરફ શહેર અને રાજ્યમાં મોટી સંખ્યામાં યુવાનો રોજગારની રાહ જોઈ રહ્યા છે, ત્યારે બીજી તરફ કોન્ટ્રાક્ટ આધારિત ભરતી કરવામાં આવી રહી છે. કોંગ્રેસ પ્રમુખે ફિક્સ પગારના નામે કર્મચારીઓનું શોષણ થતું હોવાનો પણ આક્ષેપ કર્યો છે. તેમનું કહેવું છે કે જ્યારે યુવાનો અને સામાન્ય કર્મચારીઓ ઓછા પગારમાં કામ કરવા મજબૂર છે, ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ કયા મોઢે પોતાના માનદ વેતનમાં વધારો કરવાની માંગ કરી રહ્યા છે?

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ મનપાના ૭૨ પૈકી ૪૮ કોર્પોરેટરોએ લેખિતમાં રજૂઆત કરી મહિને મળતું ૧૫ હજારનું માનદ વેતન વધારીને સીધું ૫૦ હજાર રૂપિયા કરવાની માંગ કરી છે. એટલે કે કોર્પોરેટરોએ એકસાથે ૩૩૩.૩૩ ટકાનો માતબર વધારો માંગ્યો છે. નોંધનીય છે કે આ રજૂઆત કરનારાઓમાં ૩૫ મહિલા કોર્પોરેટરો પણ સામેલ છે. કુલ ૫૫.૫૫ ટકા કોર્પોરેટરોએ મેયર ડૉ. નેહલ શુકલને પત્ર પાઠવી આ પગાર વધારો માંગ્યો છે. ■

## સંસ્થા સમાચાર

### પર્યુષણ મહાપર્વ

શ્રી દાન-પ્રેમ-ભુવનભાનુ-પદમ-જયઘોષ-રાજેન્દ્ર-હેમચંદ્રસૂરિજી સમુદાયના શ્રી સંઘ ઉપકારી વૈરાગ્યદેશના દક્ષ શ્રી આ. ભ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન પૂ. પંન્યાસ પ્રવર શ્રી હિરણ્યબોધિવિજયજી મ. સા., શ્રી હેમદર્શનવિજયજી મ.સા. આદિ ઠાણા, પૂ. ગચ્છાધિપતિ શ્રી લલિત પ્રભસૂરિજી મ. સા.ના આજ્ઞાનુવર્તી પૂ. સાધ્વીજી શ્રી મુક્તાશ્રીજી મ. સા.નાં સુશિષ્યા દિર્ઘસંયમી માતૃહૃદયા સાધ્વીજી શ્રી દિવ્યપ્રભા શ્રી મ.સા.નાં શિષ્યા પૂ. મૈત્રી દર્શિતા શ્રીજી મ.સા. હિતાર્થરૂચીશ્રીજી મ. સા. લક્ષ્યરૂચીશ્રીજી મ.સા. આદિ ઠાણાનો મધુપાર્કના શ્રી ધર્મવર્ધક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, કાર્ટર રોડ નંબર-૧, બોરીવલી (પૂર્વ)માં ચાતુર્માસાર્થે પ્રવેશ થયો. એમાં દર રવિવારે વિવિધ અનુષ્ઠાનો, બપોરે બાળકો-યુવાનોની શિબિરો, અષ્ટપ્રકારી પૂજન, શ્રી શત્રુંજય મહાતીર્થની સંવેદના-ભાવયાત્રા, અષ્ટપદમજીની સંવેદના, સરસ્વતી માતાના જાપ જેવા હૃદયપરિવર્તક પ્રસંગો થયા.

---

લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ગુરુદેવશ્રી પ્રકાશચંદ્રજી સ્વામીના આજ્ઞાનુવર્તી ડૉ. પ્રશસ્તિ કુમારી મ. ઉત્સાહી દિપ્તી કુમારી મ. અને સેવાપ્રેમી નિરતીજી મ. (ત્રિપુટી ભગિની મહાસતીજી) આદિ ઠાણાનો શ્રી કચ્છી વીસા ઓસવાલ સ્થાનકવાસી જૈન સંઘ બોરીવલી સંચાલિત શેઠ શ્રી લાલાજી વેલજી શાહ (અક્ષભવજ્ઞફિહફ) જૈન ધર્મસ્થાનક, ભગવંતી એપાર્ટમેન્ટ, કસ્તુરબા રોડ નં.-૧, બૉરીવલી (પૂર્વ)માં ચાતુર્માસાર્થે પ્રવેશ થયો. ડૉ. પ્રશસ્તિકુમારી મહાસતીજીની પ્રેરણા-માર્ગદર્શન સાથે ધાર્મિક ક્રિકેટ મૅચ, ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના એકાસણા, સંગીત એકાસણા, પૂ. અજરામરજી સ્વામીની પુણ્યતિથિ જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા અને ભાવિ કાર્યક્રમોની રૂપરેખા મંડાઈ, જેમાં પ્રભુ મહાવીર જન્મ મહોત્સવમાં ૫૬ દીપકુમારી સાથે શ્રીસંઘના શ્રાવકભાઈ દ્વારા ૨૭ ભવોનો શો થશે.

## પ્રધાને પાક-નુકસાનનો તાગ મેળવવા લાતુરની મુલાકાત લઇ ખેડૂતોને આશ્વાસન આપ્યું

લાતુરઃ મહારાષ્ટ્રના સહકાર પ્રધાન બાબાસાહેબ પાટીલે ખરીફ પાકની સ્થિતિનો તાગ મેળવવા લાતુર જિલ્લાની મુલાકાત લીધી હતી અને પ્રતિકૂળ હવામાનથી અસરગ્રસ્ત ખેડૂતો સાથે વાતચીત કરી હતી, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુરુવારે અહમદપુર તાલુકાના લાંજી ગામની મુલાકાત દરમિયાન પ્રધાને ખેતરોનું નિરીક્ષણ કર્યું હતું અને કૃષિ વિભાગ પાસેથી પાકની સ્થિતિ અંગે વિગતો મેળવી હતી. પ્રધાને અસરગ્રસ્ત ખેડૂતોને તેમના મુશ્કેલ સમયમાં રાજ્ય સરકાર તેમની સાથે મક્કમતાથી ઊભી હોવાનું કહ્યું હતું. પાટીલે વધુમાં કહ્યું કે તેઓ પાકની સ્થિતિનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા અને ત્યાંની વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે જિલ્લાના ચાકુર તાલુકાની મુલાકાત લેશે. (પીટીઆઈ)

## મહારાષ્ટ્ર સરકારે સ્ટેનોગ્રાફર કેડરની 'ડેડ' જગ્યાઓ ભરવા માટે એક વર્ષનો સમય આપ્યો

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે સ્ટેનોગ્રાફર કેડર નાબૂદ કરવાના પોતાના નિર્ણયમાં અપવાદ રાખ્યો છે. આ નિર્ણય હેઠળ, આ શ્રેણીને 'ડેડ' (ભવિષ્યમાં ભરતી ન થનાર) જાહેર કરવામાં આવી તે પહેલાં અમલમાં રહેલા સેવા નિયમો મુજબ, આગામી એક વર્ષ દરમિયાન હાલની ખાલી જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવી છે.

ભરતી અને વહીવટી કામગીરીના આધુનિકીકરણ તથા સુધારાના ભાગરૂપે રાજ્ય સરકારે સ્ટેનોગ્રાફર કેડરને 'ડેડ કેડર' (ભવિષ્યમાં નવી ભરતી ન થનાર કેડર) જાહેર કર્યાના લગભગ ચાર મહિના બાદ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ અંગેનો આદેશ બહાર પાડવામાં આવ્યો હતો.

સરકારના તાજેતરના ઠરાવમાં, પાંચ મે, ૨૦૨૬ના ઠરાવના પરિશિષ્ટ-૨૬માં સૂચિબદ્ધ 'ડેડ' સ્ટેનોગ્રાફર કેડરને લગતી જોગવાઈઓમાં વિશેષ અને એકવારના પગલાં તરીકે એક વર્ષની છૂટ આપવામાં આવી છે. આ ઠરાવ હેઠળ, પાંચ મે પહેલાં અમલમાં રહેલા સેવા-પ્રવેશના નિયમોને આધારે આ જગ્યાઓ પર એક વર્ષના સમયગાળા દરમિયાન ભરતી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

સરકારે જણાવ્યું હતું કે જનપ્રતિનિધિઓ અને વિદ્યાર્થી સંગઠનો તરફથી આ નિર્ણય પર પુનર્વિચારણા કરવાની માગ કરતી રજૂઆતો મળી છે; જેમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓ સ્ટેનોગ્રાફરની જગ્યાઓ પર નિમણૂક મેળવવા માટે વર્ષોથી સખત મહેનત કરી રહ્યા છે અને ખાલી જગ્યાઓ પર નિયમિત ભરતીની માગ કરી રહ્યા છે. જોકે, આ છૂટ માત્ર આ ભરતી પ્રક્રિયા પૂરતી જ સીમિત છે. સરકારી ઠરાવ મુજબ આ છૂટ તેના બહાર પાડવાની તારીખથી માત્ર એક વર્ષ સુધી જ અમલમાં રહેશે, ત્યારબાદ પરિશિષ્ટ ૨૬માં ઉલ્લેખિત સ્ટેનોગ્રાફર કેડર ''ડેડ કેડર'' તરીકે જ ચાલુ રહેશે.

મંત્રાલયના તમામ વહીવટી વિભાગોને સૂચના આપવામાં આવી છે.

## ગણપતિ ઉત્સવ દરમિયાન પુણેમાં દારૂબંધીઃ કૉંગ્રેસે ભાજપ પર નિશાન સાધ્યું

મુંબઈ : મહારાષ્ટ્ર કૉંગ્રેસના નેતા સચિન સાવંતે શુક્રવારે જણાવ્યું હતું કે પુણે જિલ્લામાં ૧૦ દિવસીય ગણપતિ ઉત્સવ દરમિયાન સત્તાવાળાઓ દ્વારા લાદવામાં આવેલી દારૂબંધી એ છેલ્લા ૧૨ વર્ષોમાં ''બહુમતીવાદી રાજકારણ''માં થયેલા ક્રમશઃ વધારાનું પરિણામ છે.તેમણે ઉમેર્યું કે ૨૦૧૪થી કેન્દ્રમાં સત્તા પર રહેલી ભાજપે સરકારી તંત્રનો દુરુપયોગ કર્યો છે અને સમાજમાં બહુમતીવાદનું વાતાવરણ ઊભું કરવા માટે સંઘ પરિવાર સાથે સંકળાયેલાં સંગઠનો તથા પોતાના કાર્યકરો દ્વારા દબાણ ઊભું કર્યું છે. ''સત્તા મેળવવા માટે કોઈપણ પગલાં લેવાં એ માત્ર લોકશાહી માટે જ નહીં, પરંતુ દેશની સામાજિક એકતા માટે પણ જોખમી છે. સરકારે નિર્ણય લેતી વખતે માત્ર બહુમતી સમુદાયની લાગણીઓને જ ધ્યાનમાં ન લેવી જોઈએ. તેણે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે આવા નિર્ણયથી અન્ય નાગરિકો, ખાસ કરીને લઘુમતીઓની સ્વતંત્રતા, જીવનશૈલી કે અધિકારો પર કોઈ વિપરીત અસર ન પડે,'' એમ તેમણે કહ્યું. આ માત્ર રાજકીય જવાબદારી જ નહીં, પરંતુ બંધારણીય જવાબદારી પણ છે, એમ સાવંતે કહ્યું. તેમણે આવી માનસિકનું વધુ એક ઉદાહરણ આપતા મીરા-ભાયંદરની એક શાળાની તાજેતરની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો, જ્યાં જૈન સમુદાયના 'પર્યુષણ' પર્વને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને કંદમૂળ ધરાવતું ભોજન ન લાવવા માટે કહેવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ''દરેકની ધાર્મિક માન્યતાઓનો આદર થવો જોઈએ, પરંતુ તે માન્યતાઓ અન્ય લોકો પર લાદવી ન જોઈએ,'' તેમણે કહ્યું.

## નાંદેડ અકસ્માતઃ મૃતકોના પરિવારજનોને આર્થિક સહાયની જાહેરાત

નાંદેડ : ભાજપના રાજ્યસભા સાંસદ અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણે શુક્રવારે જણાવ્યું હતું કે, નાંદેડમાં એક દિવસ અગાઉ થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને વડા પ્રધાનના રાષ્ટ્રીય રાહત ફંડમાંથી પ્રત્યેકને ૨ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે, જ્યારે ઘાયલોને પ્રત્યેકને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય મળશે. ગુરુવારે સાંજે નાંદેડ-ભોકર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સીતાખંડી ઘાટ ખાતે મિનિવેન અને ટ્રક વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં આઠ લોકોનાં મોત થયાં હતાં અને સાત લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સોશ્યલ મીડિયા પોસ્ટમાં ચવ્હાણે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલોના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરી છે. ચવ્હાણે જણાવ્યું હતું કે, વડા પ્રધાને મૃતકોના નજીકના સંબંધીઓ માટે પ્રત્યેકને ૨ લાખ રૂપિયા અને ઘાયલો માટે પ્રત્યેકને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી છે. દરમિયાન, નાંદેડના પાલક પ્રધાન અતુલ સાવેએ જણાવ્યું હતું કે, મૃતકોના પરિવારોને સરકારી સહાય વહેલી તકે મળે તે સુનિશ્ચિત કરવા માટે તેમણે જિલ્લા કલેક્ટર રાહુલ કાર્ડિલે સાથે વાત કરી છે.

## ભક્ષક બનેલા રક્ષક સામે એફઆઈઆર દાખલ કરોઃ માનવ અધિકાર પંચ

પુણેઃ મહારાષ્ટ્ર રાજ્ય માનવ અધિકાર પંચે પુણે પોલીસના વરિષ્ઠ અધિકારીઓ વિરુદ્ધ કસ્ટડીમાં અત્યાચાર, ગેરકાયદે અટકાયત અને સગીરોને વાહનના બોનેટ પર બાંધીને ફેરવવાના આરોપો અંગે ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ નોંધવાની ભલામણ કરી છે. માનવાધિકારના ગંભીર ઉલ્લંઘન અને કાયદાના શાસનનો ભંગ કરવાનો ઉલ્લેખ કરી પંચના અધ્યક્ષ ન્યાયમૂર્તિ એએમ બદર અને સભ્યો સંજય કુમાર અને સ્વપના જોશીની ખંડપીઠે મહારાષ્ટ્ર પોલીસ મહાનિર્દેશકને તેના તથ્ય-શોધક તપાસ અહેવાલને એફઆઈઆર તરીકે ગણવાનો નિર્દેશ આપ્યો છે. પ્રાથમિક તથ્ય-શોધ તપાસ ત્રણ સભ્યની સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી હતી જેમાં સ્પેશિયલ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ દત્તાત્રેય કરાલે, પોલીસ અધિક્ષક વિશ્વાસ પંઢારે અને પંચના રજિસ્ટ્રાર વિજય કેદારનો સમાવેશ થતો હતો.પંચના આદેશમાં જણાવવામાં આવ્યું છે કે અમે ભલામણ કરીએ છીએ કે હાલના પોલીસ કમિશનર અમિતેશ કુમાર અધિક પોલીસ મહાનિર્દેશકના રેન્કના અધિકારી છે અને તેમની પર આરોપો મૂકવામાં આવ્યા હોવાથી પોલીસ મહાનિર્દેશક અથવા તેનાથી ઉપરના રેન્કના અધિકારીને સોંપવાની જરૂરી કાળજી પોલીસ મહાનિર્દેશક દ્વારા લેવામાં આવે.'

## સોમવારથી ગણેશોત્સવ, પણ એક હજારથી વધુ ગણેશમંડળોને હજુ પાલિકાની મંજૂરી નથી મળી

મુંબઈઃ શહેરમાં ગણેશ પંડાલો માટે પરવાનગીઓ મંજૂર કરવા માટે મુંબઈ મહાનગરપાલિકા પાસે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. સોમવાર, ૧૪ સપ્ટેમ્બરથી ગણેશોત્સવ શરૂ થઈ રહ્યો છે ત્યારે એના થોડા દિવસો પહેલા જ ૧,૦૫૨ અરજી હજુ પણ પેન્ડિંગ છે. મહાપાલિકાને અત્યાર સુધીમાં ૨,૬૭૦ અરજી મળી છે, જેમાંથી ૧,૨૩૯ અરજી મંજૂર કરવામાં આવી છે અને ૪૭૯ અરજી ડુપ્લિકેટ તરીકે ઓળખાઈ છે.

મંજૂરી નથી મળી એ અરજીઓમાંથી ૫૪૫ પોલીસ પાસે પેન્ડિંગ છે, જ્યારે ૫૦૭ અરજીને ટ્રાફિક પોલીસની મંજૂરીની જરૂર છે. બીએમસી અધિકારીઓએ જણાવ્યું હતું કે બધા પાત્ર ગણેશ મંડળો માટે પરવાનગીઓ સપ્તાહના અંત સુધીમાં મંજૂર થઈ જશે. દરમિયાન, પાલિકા વહીવટીતંત્રે ૧૪ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન ઉજવાતા ૧૧ દિવસના ઉત્સવ પહેલા મૂર્તિ વિસર્જનની તૈયારીઓ તેજ કરી દીધી છે. મુંબઈનાં મેયર રીતુ તાવડેએ ગુરુવારે દક્ષિણ અને મધ્ય મુંબઈમાં ગેટવે ઑફ ઈન્ડિયા, ગિરગાંવ ચોપાટી, વરલીમાં લોટસ જેટી, દાદરમાં છત્રપતિ શિવાજી મહારાજ પાર્ક નજીક બીએમસી સ્પોર્ટ્સ બિલ્ડિંગ, કેળુસ્કર રોડ (ઉત્તર) અને સાયન તળાવ સહિત અનેક મુખ્ય વિસર્જન સ્થળોની વ્યવસ્થાની સમીક્ષા કરી.

તાવડેએ અધિકારીઓને વિસર્જન યાત્રાના માર્ગોને અવરોધોથી મુક્ત રાખવા અને કૃત્રિમ વિસર્જન તળાવોની સંખ્યા વધારવાનો નિર્દેશ આપ્યો. કુદરતી વિસર્જન સ્થળોએ ખાસ કરીને ભીડના સમયે મૂર્તિઓનું વિસર્જન ઝડપથી અને કાર્યક્ષમ રીતે થઈ શકે એવી વ્યવસ્થા કરવા તેમણે અધિકારીઓને તકેદારી રાખવા જણાવ્યું હતું.

મેયરે બીએમસીને ગિરગાંવ ચોપાટીમાં મોબાઇલ શૌચાલયોની સંખ્યા વધારવા અને અપેક્ષિત ભીડને ધ્યાનમાં રાખીને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી અને લાઇફગાર્ડ તૈનાત કરવાની સૂચના આપી. અધિકારીઓને વિસર્જન દરમિયાન એકત્રિત કરેલા નિર્માલ્યને ખાતરમાં રૂપાંતરિત કરવાનો પણ નિર્દેશ આપ્યો.

ઉત્સવની વ્યવસ્થાનું સંકલન કરવા માટે બીએમસીએ ૨૪ વોર્ડ-સ્તરીય સમિતિની રચના કરી છે જેમાં પાલિકાના અધિકારીઓ, પોલીસ પ્રતિનિધિઓ, બૃહદ્ મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિના સભ્યો અને અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓનો સમાવેશ થાય છે.

## નકલી કાર્ડ સાથે પકડાયેલા રોહન પરીખના ઘરેથી વડા પ્રધાન કાર્યાલયના બોગસ દસ્તાવેજો મળ્યા

### ચૅટ જીપીટીથી આઈ કાર્ડ અને દસ્તાવેજો ગયા વર્ષે જ તૈયાર કર્યાની આરોપીની કબૂલાતઃ કોર્ટે અદાલતી કસ્ટડીમાં મોકલી આપ્યો

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુંબઈ મુલાકાતની પૂર્વસંધ્યાએ કાર્યક્રમ સ્થળથી થોડે જ અંતરે આવેલા મૉલમાં પ્રાઈમ મિનિસ્ટર ઑફિસ (પીએમઓ)ના નકલી આઈ કાર્ડ અને રિવોલ્વર સાથે પકડાયેલા બે આરોપીની તપાસમાં કેટલીક ચોંકવાનારી માહિતી સામે આવી છે. પોલીસે આરોપી રોહન પરીખના ખારના નિવાસસ્થાને સર્ચ હાથ ધરતાં પીએમઓના બોગસ દસ્તાવેજો મળી આવ્યા હતા. આ દસ્તાવેજો આરોપીએ ચૅટ જીપીટીથી તૈયાર કર્યા હતા. એ સિવાય તેના મોબાઈલ ફોનમાંથી પણ મહત્ત્વના પુરાવા હાથ લાગ્યા હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

બીકેસીમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટનું ઉદ્ઘાટન કરવા નરેન્દ્ર મોદી આવવાના હતા તેની પૂર્વસંધ્યાએ સાતમી સપ્ટેમ્બરે આરોપી રોહન પરીખ (૨૪) અને દિલીપ કુંદે (૪૯) જિયો વર્લ્ડ પ્લાઝામાં ગયા હતા. તે સમયે પરીખે પોતાના મોબાઈલ ફોનમાં વડા પ્રધાન કાર્યાલયનું ઓળખપત્ર દેખાડ્યું હતું અને કુંદે પોતાની સાથે રિવોલ્વર લઈને ગયો હતો. લશ્કરના ભૂતપૂર્વ જવાન હોવાનો દાવો કરનારા કુંદે પાસે નાશિક ગ્રામીણનું રિવોલ્વરનું લાઈસન્સ હોવાનું પોલીસે જણાવ્યું હતું.ધરપકડ કરાયેલા પરીખ અને કુંદેની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી શુક્રવારે તેમને કોર્ટ સમક્ષ હાજર કરાયા હતા. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ડી. એસ. ખેડેકરે બન્નેને ૧૪ દિવસની અદાલતી કસ્ટડીનો આદેશ આપ્યો હતો.પોલીસે કોર્ટમાં જણાવ્યું હતું કે મંગળવારે પરીખના ઘરે સર્ચ કરાઈ હતી, જેમાં એક લૅપટોપ અને હાર્ડડિસ્ક જપ્ત કરવામાં આવી હતી. એ સિવાય તેના ઘરમાંથી પીએમઓના દસ્તાવેજો મળી આવ્યા હતા, જેના પરનું લખાણ ઈંગ્લિશમાં છે. આ દસ્તાવેજો વિશે પૂછપરછ કરતાં પરીખે પહેલાં ઉડાઉ જવાબ આપ્યા હતા. જોકે બાદમાં તેણે કબૂલ્યું હતું કે આ દસ્તાવેજો તેણે ૨૦૨૫થી ચૅટ જીપીટી પર તૈયાર કર્યા હતા.

## ખાણકામ ઉદ્યોગથી અર્થતંત્રને બખ્ખેબખ્ખા, નોકરીઓના ઢગલેઢગલાઃ ફડણવીસ

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે ખાણકામ ક્ષેત્ર આગામી ૨૦ વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં અડધા ટ્રિલિયન ડોલર (૫૦૦ બિલિયન ડોલર)નું યોગદાન આપી ત્રણ કરોડ નોકરીઓનું સર્જન કરી શકે છે.

મુખ્ય પ્રધાન ઇન્સ્ટિટ્યૂશન ઓફ એન્જિનિયર્સ (ઇન્ડિયા)ના નાગપુર લોકલ સેન્ટર દ્વારા આયોજિત 'વિકસિત ભારત માટે ખાણકામ ૨૦૪૭' વિષય પર ૩૬મા રાષ્ટ્રીય ખાણકામ એન્જિનિયર સંમેલન અને રાષ્ટ્રીય સેમિનારમાં એક સભાને સંબોધિત કરી રહ્યા હતા.

ફડણવીસે એમ પણ જણાવ્યું હતું કે વિદર્ભમાં ભારતના ખાણકામ-આધારિત આર્થિક વિકાસના મુખ્ય ચાલક તરીકે ઊભરી આવવાની અને વિકાસ ભારત ૨૦૪૭ ના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપવાની ક્ષમતા છે. આખી દુનિયાની નજર ઊર્જા સુરક્ષા તરફ છે. એ ન ભૂલવું જોઈએ કે ઊર્જા સુરક્ષા હવે ખનિજ સુરક્ષા સાથે જોડાયેલી છે. ખનિજ સુરક્ષા વિના હવે ઊર્જા સુરક્ષા શક્ય નથી. આજે દુનિયા સેમિકન્ડક્ટર, એઆઈ અને ક્વોન્ટમ વિશે વાત કરે છે અને નવા વિશ્વને આકાર આપનારી આ ત્રણ બાબતો શક્તિ અને ખનિજો પર મોટા પાયે નિર્ભર છે.

સીએમએ વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા અનેક મિશનને કારણે દેશ પ્રગતિ કરી રહ્યો છે, અને મહત્ત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વીનું મિશન દેશના ખાણકામ ઉદ્યોગને ફરીથી આકાર આપી રહ્યું છે. (પીટીઆઈ)

## એફડીએએ ૪,૬૦૦ કિલો 'ખોયા' અને ૧૨,૫૦૦ કિલો પનીરનો જથ્થો જપ્ત કર્યો

પુણેઃ ગણપતિ ઉત્સવ પહેલાં, મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ પુણે જઈ રહેલો આશરે ૪,૬૦૦ કિલો 'ખોયા' (માવો) અને આશરે ૧૨,૫૦૦ કિલો પનીરનો જથ્થો જપ્ત કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, એજન્સી દ્વારા લગભગ ૩૯ લાખ રૂપિયાની કિંમતની ડેરી ઉત્પાદનોની જપ્તીની કાર્યવાહી છેલ્લા ૧૦ થી ૧૨ દિવસ દરમિયાન મળેલી ગુપ્ત માહિતીના આધારે કરવામાં આવી હતી. આશરે ૧૧.૬૦ લાખ રૂપિયાની કિંમતનો જપ્ત કરાયેલો

માવો કથિત રીતે અસ્વચ્છ પરિસ્થિતિમાં લાવવામાં આવી રહ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેને લગભગ ૨૦ કિલોના જથ્થામાં કોથળાઓમાં ભરીને સોલાપુર જિલ્લાના બારશીથી લાવવામાં આવ્યો હતો. ''સમગ્ર જથ્થાના નમૂના લેવામાં આવ્યા છે અને નિર્ધારિત પ્રક્રિયા બાદ તેનો નાશ કરવામાં આવશે,'' તેમ એફડીએના એક અધિકારીએ જણાવ્યું હતું.

અન્ય બે વાહનોમાં ''મલાઈ પનીર'', ''લો-ફેટ પનીર'' અને ''મીડિયમ-ફેટ પનીર'' જેવી પનીરની વિવિધ જાતો મળી આવી હતી. તેનો કુલ જથ્થો અંદાજે ૧૨,૫૦૦-૧૨,૬૦૦ કિલો હતો અને તેની અંદાજિત કિંમત રૂ. ૨૭.૮૩ લાખ થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પનીરનો જથ્થો કર્ણાટક બોર્ડર નજીકના બેલાગાવી અને બાગલકોટ જેવા વિસ્તારોમાંથી પુણે લાવવામાં આવતો હતો.

બિલો પરથી જાણવા મળ્યું કે પનીરનો જથ્થો ૨૫-૩૦ વેપારીઓ દ્વારા, જ્યારે ૩૦-૩૫ વેપારીઓએ ખોયાનો ઓર્ડર આપ્યો હતો. પનીર અને ખોયાના નમૂના તપાસ માટે પ્રયોગશાળામાં મોકલવામાં આવશે અને પ્રયોગશાળાના અહેવાલોના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. એફડીએએ સ્પષ્ટ કર્યું હતું કે વર્તમાન કાર્યવાહીમાં કોઈ ડેરીનું નિરીક્ષણ સામેલ નહોતું. આ માલ (કન્સાઇનમેન્ટ) સાથે સંકળાયેલા વિક્રેતાઓ અને ખરીદદારો સામે લેબોરેટરીના અહેવાલો અને અન્ય તારણોના આધારે કાર્યવાહી કરવામાં આવશે. (પીટીઆઈ)

## હાઈ કોર્ટે ગણેશોત્સવ દરમિયાન માત્ર પુણેમાં દારૂબંધીની ટીકા કરી

મુંબઈ : આગામી ૧૦ દિવસીય ગણેશ ઉત્સવ દરમિયાન દારૂ પર પ્રતિબંધ મૂકવા બદલ બોમ્બે હાઈ કોર્ટે પુણે વહીવટીતંત્રની આકરી ઝાટકણી કાઢી હતી. કોર્ટે સખત શબ્દોમાં પૂછ્યું હતું કે જ્યારે મુંબઈ અને અન્ય વિસ્તારોમાં આવા કોઈ પ્રતિબંધો નથી, ત્યારે માત્ર આ જિલ્લામાં જ આવા પ્રતિબંધો શા માટે. માત્ર પુણેની જ પસંદગી કરવા પાછળનો તર્ક શું છે? અમે આવી પ્રથાને વખોડીએ છીએ.

મુખ્ય ન્યાયાધીશ એમ. સી. ત્રિપાઠી અને ન્યાયાધીશ અદ્વૈત સેઠનાની ખંડપીઠે વહીવટીતંત્રને આ પ્રતિબંધ પાછો ખેંચી લેવા અથવા ન્યાયિક હસ્તક્ષેપનો સામનો કરવા જણાવ્યું હતું. ખંડપીઠે નોંધ્યું હતું કે એક જિલ્લામાં આવી મનસ્વી કાર્યવાહીનો આદેશ આપીને સત્તાવાળાઓ પુણે અને પુણેકરને કલંકિત કરી રહ્યા છે.

કોર્ટ હોટેલ માલિકો અને વાઇન શોપના માલિકોના સંગઠનો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. આ અરજીઓમાં ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થતા ગણેશ ઉત્સવ દરમિયાન ૧૦ દિવસ સુધી દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂકતા પુણે કલેક્ટરના આદેશને પડકારવામાં આવ્યો હતો.

પીઠે વધુમાં નોંધ્યું હતું કે, સત્તાવાળાઓએ કાયદો અને વ્યવસ્થા જાળવવાની તથા ઉપદ્રવ નિવારવાની જરૂર છે તે વાત સમજી શકાય તેવી હોવા છતાં, લાઇસન્સધારકોને ૧૦ દિવસ સુધી તેમનો વ્યવસાય કરતા અટકાવતો કોઈ સર્વગ્રાહી આદેશ પસાર કરી શકાય નહીં. અદાલતે હળવાશભર્યા અંદાજમાં એમ પણ કહ્યું કે આવા પ્રતિબંધને કારણે નિયમિતપણે દારૂ પીનારાઓને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

સત્તાવાળાઓને તેમના આદેશ પર પુનર્વિચાર કરવા અનુરોધ કરતા બેન્ચે નોંધ્યું હતું કે, દારૂનું સેવન કરનાર દરેક વ્યક્તિ રસ્તા પર ઉપદ્રવ મચાવશે અથવા કાયદો-વ્યવસ્થાની સમસ્યા ઊભી કરશે, તેમ કહી શકાય નહીં. (પીટીઆઈ)

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ઘાટકોપર ડો. અનોપચંદ શાંતિલાલ કાનજી શાહ (ઉં. વ. ૯૪) તે ચંચળબેન શાંતિલાલ કાનજી શાહના પુત્ર. ચંદ્રિકાબેનના પતિ. ડો. પરાગભાઇ, ડો. નેહાબેન તથા ડો. વિરલભાઇના પિતાશ્રી. તે સ્વ. પ્રવિણચંદ્ર શાહ, સ્વ. વસંતબેન વખારીયા, હંસાબેન શાહ (બરોડા) તથા સ્વ. લલિતભાઇ શાહના ભાઇ. તે શાંતીબેન ગોકળદાસ ગાંધીના જમાઇ તા. ૧૦-૯-૨૬ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

અશોકભાઇ પ્રેમચંદ કામદાર (ઉં. વ. ૭૩) બોટાદ નિવાસી હાલ મલાડ સ્વ. પ્રેમચંદ સુંદરજી કામદાર તથા સ્વ. સુશીલાબેનના સુપુત્ર. ઉષાબેનના પતિ. અભિષેક તથા ડોલીના પિતાશ્રી. કરિશ્મા તથા પરાગના સસરા. ગીતાબેન મોહનલાલ પાટીલ તથા જયોતિબેન મહેશભાઇ પારેખના ભાઇ. સ્વ. જયંતીલાલ ત્રંબકલાલ શાહના જમાઇ તા. ૮-૯-૨૬ મંગળવારના અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ હાલ મુંબઈ બાંદ્રા નિવાસી, પ્રેમલ કાંતિલાલ શાહ (ઉં.વ. ૬૨) તે સ્વ. વસુબેન તથા કાંતિલાલ અમૃતલાલ શાહના સુપુત્ર. ઉરેશભાઈ, સ્વ. પ્રદીપ તથા મુકેશના ભાઈ. સુધાબેન, દેવયાનીબેનના દિયર. નિધિ, બિનલના પિતાશ્રી. હિરેન, મેધા, જીમીક તથા ધારાના કાકા બુધવાર, તા. ૯-૯-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. સરનામુંઃ જી-૧૧, નુતન નગર, બાંદરા, મુંબઈ-૫૦. લૌકિક વહેવાર બંધ છે.

**પાટણ જૈન**

ઝવેરી વાડાના પાટણ નિવાસી હાલ મુંબઈ, સ્વ. લીલાવતીબેન સૂરજમલ શાહના સુપત્ર હસમુખભાઈ સુરજમલ શાહ (ઉં.વ. ૮૫) તે રાગિણીબેનના પતિ. ઉદય તથા સરજુના પિતા. સ્વ. દિલીપભાઈ, સુનંદાબેન, કંચનબેન, જસવંતલાલ, મધુબેન ધીરજભાઈના ભાઈ. તા. ૧૦/૯/૨૬ના ગુરુવાર અરિહંતશરણ થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ૭૮/૧૫ શ્રી પાટણ જૈન મંડળ, મરીન ડ્રાઈવ, મુંબઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના ગાંગજી ભીમશી ગાલા (ઉં.વ. ૯૬) તા. ૧૦-૯ના અરિહંત શરણ પામેલ છે. પાનબાઈ ભીમશીના પુત્ર. કેસરબેનના પતિ. જગદીશ, દિલીપ, વિનોદના પિતા. શાંતિલાલ, સુંદરજી, ધીરજલાલ, નિર્મલા, કસ્તુર, કલ્પના, ભારતીના ભાઈ. કોડાય ભચીબાઈ રતનશી સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.: ગાંગજી ગાલા, બી-૭૦૩, કર્મયોગ બિલ્ડીંગ, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (ઈ).

ડુમરાના પુરબાઇ પાસુ હરીઆ (ઉં.વ. ૭૦) તા. ૧૦-૯-૨૬નાં અવસાન પામેલ છે. પમીબાઇ કરમશીના પુત્રવધૂ. સ્વ. હસમુખ, સ્વ. રેવંતી, સ્વ. રક્ષા, સ્વ. હીતેન્દ્રના માતુશ્રી. કો. મહાદેવપુરી વેજબાઇ જીવરાજ ગાલાના પુત્રી. લક્ષ્મીબેન (જયાબેન) તેજશી પુરબાઇ આસુ, લક્ષ્મીબેન ટોકરશીના બેન. સ્વ. રતનબેન દેવજી, સ્વ. મણીબેન ભવાનજી, મોથારાના વેજબાઇ કુંવરજી, નારાણપુર પુરબાઇ ચાંપશીના ભાભી. દેવપુર, સ્વ. ભારતીબેન લક્ષ્મીચંદ હંસરાજ ગાલાના વેવાણ. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. જયેશ ગાલા, સાઇધામ, બી-૧૦૨, જવાહરનગર, સાઇબાબા રોડ, ખાર (ઇ.).

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## હિન્દુ મરણ

**જામનગર ગિરિનારાયણ બ્રાહ્મણ**

જામનગર નિવાસી હાલ ગોરેગાંવ હરિકાંત લીલાધર ભટ્ટ (બટુકભાઇ) તે સ્વ. ભાનુમતીબેન તથા સ્વ. લીલાધર નરભેરામ ભટ્ટના સુપુત્ર. વનિતાબેન (વેણીબેન)ના પતિ. રણજીત, રશ્મિકાંત. અ. સૌ. શારદા નિખિલ માંકડ તથા સ્વ. શાંતિલાલ ભટ્ટના પિતા. સ્વ. ગુણવંતરાય લીલાધર ભટ્ટ, સ્વ. મંજુલાબેન તુલસીદાસ પુરોહિત, સ્વ. મૃદુલાબેન અનંતરાય જોશી, સ્વ. ઇન્દ્રવદન ભટ્ટ, સ્વ. બકુલભાઇ તથા સ્વ. ઉષાબેનના ભાઇ. હળવદ નિવાસી સ્વ. ભૂપતરાય પુરુષોતમ જોશીના જમાઇ. અ. સૌ. છાયા રણજિત ભટ્ટ, અ. સૌ. વર્ષા રશ્મિ ભટ્ટ તથા નિખિલ માંકડ (જૂનાગઢ)ના સસરા તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના દેવલોક -શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થના રાખેલ નથી.

**કપોળ**

આંબારેલી (ધોળકા) વાળા ચંદુલાલ માણેકલાલ ધનજી મહેતા (ઉં. વ. ૯૨) તે સ્વ. રણછોડભાઇ, સ્વ. ભોગીલાલ, સ્વ.વેણીલાલ, સ્વ. નંદલાલભાઇ તથા ગં. સ્વ. ચંપાબેન જગજીવનદાસ શાહના ભાઇ. તથા ચંદ્રિકાબેનના પતિ. (ચંપાબેન) મીના મુકેશ મહેતા, રૂપા ભાવેશ જાંગલા, હીના અતુલ ગાંધી, છાયા ભાવના ગાંધી અને સુનીલના પિતાશ્રી. અ. સૌ. સોનલના સસરા. સ્વ. મોહનલાલ જમનાદાસ કોઠારીના જમાઇ. તા. ૯-૯-૨૬ બુધવારના વલસાડ મુકામે ગોવિંદચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**મોઢ વણિક**

ચીખલી હાલ મુંબઇ નિવાસી ઇંદિરા હંસરાજ શાહ તે સ્વ. હંસરાજ રમણલાલ શાહના પત્ની (ઉં. વ. ૯૪) તા. ૧૦-૯-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે રાજન, સ્વ. દેવાંગ, હીનાના મમ્મી. સુધીર, જયશ્રી, પરિતાના સાસુમા. મિત, પિન્કી, જતનના દાદી. ખ્યાતી, કોમલના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

લોધીકા નિવાસી હાલ મુંબઇ (મુલુંડ) સ્વ. કૈલાસબેન ભૂપતરાયના પતિ ભૂપતરાય કુલેરિયા (ઉં.વ. ૮૫) તા. ૧૦-૮-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. જયેશ, રાજેશ, નીતાના પપ્પા. ગીતા અને શિલ્પાના સસરા. પુનીત કુનાલ નેહાના દાદા. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.૫

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

સિહોર નિવાસી સ્વ. ઇન્દુમતી મહાસુખરાય ત્રિવેદીના પુત્ર સ્વ. પ્રફુલ્લભાઇના ધર્મપત્ની દીનાબેનનું અવસાન તા. ૭-૯-૨૬ સોમવારના ઉમ્બર ગામ મુકામે થયેલ છે. તે કિરીટભાઇના ભાભી. માધવી, દિપ્તી હેમેન દવે, નીશા પ્રશાંત રાવળના માતુશ્રી. હેમેન દવે તથા પ્રશાંત રાવળના સાસુ. સ્વ. ભાનુબેન તનસુખભાઇ રાવળના પુત્રી. તેમની ઉત્તરક્રિયા શનિવાર, તા. ૧૯-૯-૨૬ના રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**જનોડ એકડા વિશા ખડાયતા મુંબઇ**

સ્વ. કાંતિલાલ હરજીવનદાસ શાહના પુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૮૪) તે નીરુબેનના પતિ. ગૌરવ, રીના, દીપા, તેજલના પિતા. પંક્તિ, મનીષકુમાર, અમિષકુમાર, મેહુલકુમારના સસરા. સ્વ. નટવરલાલ ચુનીલાલ શાહના જમાઇ તા. ૧-૯-૨૬ના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૬ રવિવારના સવારે ૯.૩૦થી ૧૧. ઠે. ઋણાનુ બંધ હોલ, ગ્રાઉન્ડ ફલોર, યશવંત રાવ ચવ્હાણ સેન્ટર (વાય. બી. ચવ્હાણ), જનરલ જગન્નાથરાય ભોસલે માર્ગ, નરીમાન પોઇન્ટ, મુંબઇ-૨૧.

**ભટ્ટ મેવાડા બ્રાહ્મણ**

ઉમેદગઢ નિવાસી હાલ બોરીવલી, હેમંતભાઇ જોષી (ઉં.વ. ૫૩) ગં.સ્વ. દેવબાળાબેન કુષ્ણકાન્ત (કિર્તીભાઇ) જોષીના સુપુત્ર. રૂપલબેનના પતિ. પૃષ્ની તથા જૈત્રના પિતા. છાયાબેન અતુલકુમાર પંડયા, ગીતાબેન જયદત્તકુમાર વ્યાસ, નિશાબેન જયકુમાર જોષીના ભાઈ. દેશોતરના વતની ગં.સ્વ. મધુબેન રમેશચંદ્ર શામળદાસ પંડયાના જમાઇ. નયનભાઈ તથા સંજયભાઈના બનેવી, તા. ૪/૯/૨૬ના એકલિંગજી શરણ થયા છે. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩/૯/૨૬ને રવિવાર રોજ સાંજે ૪ થી ૬. પહેલા માળે, યોગેશ્વર મહાદેવ ધામ મંદિર, યોગી નગર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવા નિવાસી હાલ બોરીવલી, સ્વ. વિજયાબેન તથા સ્વ. હરગોવિંદદાસ દોશીના પુત્ર. સ્વ. હર્ષાબેન દોશીના પતિ. સુશીલકુમાર હરગોવિંદદાસ દોશી (ઉં.વ. ૮૯) પ્રીતિ તથા દેવાંગના પિતાશ્રી. સ્નેહા તથા ગૌરવના સસરાજી. જશવંતીબેન અરુણભાઈ મહેતા તથા સ્વ. મનુભાઈ દોશીના મોટાભાઈ. બબુબેન તથા વાડીલાલ ગાંધીના જમાઈ. તા. ૧૦/૯/૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ**

ગામ નાનીખાખરના સોની મોહનલાલ (ખીમજી) રામજી થલેશ્વર હાલે મુંબઈ (ઉં.વ. ૯૪) સ્વ. લક્ષ્મીબેન રામજી થલેશ્વરના પુત્ર. સ્વ. પુરબાઇ પરષોતમ ધકાણના જમાઇ. સ્વ. રાધાબેનના પતિ. જેઠાલાલભાઈ, જયંતિભાઈ, ઉષાબેન કિશોરભાઈના પિતાશ્રી. સૌ. ભારતીબેન, સ્વ. ગીતાબેન, સૌ. શોભાબેનના સસરા. ચંદ્રેશ, જેનિશ, મનિષા, રુચિ, રાધાના દાદા. તા. ૧૦-૯-૨૬ના રામશરણ પામ્યા છે એમની સ્વરાંજલિ તા. ૧૨-૯-૨૬ શનિવાર સમય સાંજે ૪.૦૦ થી ૫.૩૦. અવસર હૉલ, જ્યોતિ સ્ટુડિયો કમ્પાઉન્ડ, કેનેડી બ્રિજ, નાના ચોક, ગ્રાન્ટ રોડ, મુંબઈ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |



ક્રિકેટર હરમનપ્રીત કૌર



બેડમિન્ટન પ્લેયર પી. વી. સિંધુ



રનર પારુલ ચૌધરી



શૂટર મનુ ભાકર

# અઘરી પરીક્ષાનો સમય આવી ગયો: ફરી ૧૦૦થી વધુ ચંદ્રક જીતવાનો પડકાર



ક્રિકેટર શ્રેયસ ઐયર

## ૧૯ સપ્ટેમ્બરે ૨૦મી એશિયન ગેમ્સનો આરંભ... ભારતના ૫૦૩ ઍથ્લીટ-ખેલાડી દેશનું નામ રોશન કરવા જશે જાપાન

### સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@bombaysamachar.com

શનિવાર, ૧૯મી સપ્ટેમ્બરે જાપાનના આઇચી-નાગોયામાં શરૂ થનારી ૨૦મી એશિયન ગેમ્સમાં ભારતે ૫૦૩ ઍથ્લીટનો વિશાળ સંઘ ઊતારવાની પૂરી તૈયારી કરી લીધી છે. જોકે સવાલ એ નથી કે ભારત કેટલા ચંદ્રક જીતશે? પ્રશ્ન એ છે કે આપણે પાછલી એશિયન ગેમ્સમાં મેળવેલી ઉપલબ્ધિઓનું પુનરાવર્તન કરી શકીશું? શું એ એશિયાડ કરતાં પણ આ વખતે સારું પર્ફોર્મ કરીશું?

૨૦૨૨ની ૧૯મી એશિયન ગેમ્સ ચીનના હાન્ગઝોઉમાં યોજાઈ હતી જે ભારતની અત્યાર સુધીની સર્વશ્રેષ્ઠ એશિયન ગેમ્સ સાબિત થઈ છે, કારણ કે ભારતીયો એમાં ૧૦૭ ચંદ્રક જીતીને ચોથા નંબર પર રહ્યા હતા. ભારતના ૧૦૭ મેડલમાં ૨૮ ગોલ્ડ, ૩૮ સિલ્વર અને ૪૧ બ્રોન્ઝ હતા. સવાલ એ છે કે શું આ વખતે આપણે ફરી એક વખત ૧૦૦-પ્લસ ચંદ્રક જીતીશું? ચીનમાં આયોજિત એ એશિયન ગેમ્સથી પણ ચડિયાતો પર્ફોર્મન્સ જાપાનની એશિયન ગેમ્સમાં કરીશું? જો એમાં સફળ થઈશું તો ખેલ જગતને આપણે સ્પષ્ટ સંકેત આપીશું કે અમારો પર્ફોર્મન્સ હવે સતત સારો થઈ રહ્યો છે.

ત્રણ અઠવાડિયા સુધી ચાલનારી એશિયન ગેમ્સ ચોથી ઑક્ટોબરે પૂરી થશે. એમાં ૪૬ દેશના અંદાજે ૧૧,૦૦૦ ઍથ્લીટ-ખેલાડી ભાગ લેશે. એમાં ભારતના ૫૦૩માંથી ૨૬૯ પુરુષ અને ૨૩૪ મહિલા સ્પર્ધકનો સમાવેશ હશે. ભારતના સૌથી વધુ (૭૯) સ્પર્ધક ઍથ્લેટિક્સની હરીફાઈઓમાં જોવા મળશે. એશિયાડમાં કુલ ૪૩ રમતની ૪૬૯ ઇવેન્ટ યોજાશે અને કુલ મળીને ૧,૪૦૭ ચંદ્રક એનાયત કરવામાં આવશે.

ભારતના ૭૯ ઍથ્લીટ આ રમતોત્સવમાં ભાગ લેશે એના કરતાં વધુ મહત્ત્વનું એ છે કે તેઓ કેવા રંગના ચંદ્રક જીતશે અને તેમની પ્રતિસ્પર્ધાની તીવ્રતા કેવી હશે? ૨૦૨૨માં હાન્ગઝોઉની એશિયન ગેમ્સમાં ભારતને ઍથ્લીટોએ કુલ ૨૯ અને નિશાનબાજોએ બાવીસ ચંદ્રક અપાવ્યા હતા. નિષ્ણાતોનું માનવું છે કે આ વખતે જાપાનમાં આ બન્નેમાં (ઍથ્લેટિક્સમાં અને શૂટિંગમાં) ભારતના ચંદ્રકોની સંખ્યા જરૂર વધશે. જો એવું થશે તો ૨૦૨૨ના ૧૦૭ મેડલ કરતાં આપણે વધુ ચંદ્રકો જીતીશું એમાં કોઈ શંકા નથી.

ફરી એક વખત એશિયન ગેમ્સમાં ભારતને સૌથી વધુ આશા ઍથ્લેટિક્સ પર જ છે. ભાલાફેંકની હરીફાઈ ઍથ્લેટિક્સનો જ હિસ્સો કહેવાય અને એમાં આ વખતે ઈજાગ્રસ્ત નીરજ ચોપડા નહીં જોવા મળે, પણ અન્ય કેટલાક ઍથ્લીટોના મેડલ પાક્કા જ ગણી શકાય. નીરજને પ્રેક્ટિસ દરમ્યાન ઈજા થતાં તે એશિયન ગેમ્સમાંથી નીકળી ગયો છે અને તેના સ્થાને યશવીર સિંહનો સમાવેશ કરાયો છે. નીરજને જો ઈજા ન નડી હોત તો તેને એશિયન ગેમ્સનો હેટ-ટ્રિક ગોલ્ડ મેડલ જીતવાની તક મળી હોત.

ઍથ્લેટિક્સ વર્ગમાં નીરજ ચોપડાની ગેરહાજરી અવિનાશ સાબળે (૩૦૦૦ મીટરની વિઘ્ન દોડ), તેજિન્દ્રપાલ સિંહ તૂર (ગોળા ફેંક), પારુલ ચૌધરી (૧૫૦૦ મીટર તથા ૫૦૦૦ મીટરની રેસ ઉપરાંત ૩૦૦૦ મીટરની વિઘ્ન દોડ) તેમ જ અનુ રાની (ભાલાફેંક) નહીં વર્તાવા દે એવું ખાતરીથી કહી શકાય. જોકે જરૂરી નથી કે આપણે સ્ટાર ઍથ્લીટોના પર્ફોર્મન્સ થકી જ આ વખતે ૨૦૨૨ના રમતોત્સવ જેવું કે એનાથી ચડિયાતું પર્ફોર્મ કરીશું. આપણે નવા અને સામાન્ય લાગતા ઍથ્લીટો-ખેલાડીના જબરદસ્ત પર્ફોર્મન્સથી પણ થોકબંધ ચંદ્રકો જીતવાની આશા રાખવી જોઈએ. અહીં સૌથી મોટો સવાલ એ છે કે ઈજા, પર્ફોર્મન્સ અને એશિયાના સ્તરે વધુ ઉગ્ર બનેલી સ્પર્ધા વચ્ચે ભારત કેટલી હદે મજબૂત પ્રદર્શન કરી શકશે? ૨૦૨૨ની તુલનામાં વધુ ચંદ્રકો આવશે કે ઓછા? અને એમાં સુવર્ણચંદ્રક કેટલા હશે? કારણ એ છે કે મેડલ-ટેબલમાં ગોલ્ડ મેડલને આધારે જ દેશોની રેન્ક નક્કી થતી હોય છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨ના હાન્ગઝોઉ રમતોત્સવમાં ભારતના બાવીસમાંથી સાત ગોલ્ડ મેડલ નિશાનબાજોના હતા. આ વખતે શૂટર્સ પાસેથી ઓછામાં ઓછા આટલા ચંદ્રકની અપેક્ષા તો છે જ. કારણ એ છે કે તાજેતરમાં જ ભારતીય નિશાનબાજો અને મુક્કાબાજોએ વિવિધ સ્પર્ધાઓમાં સારું પ્રદર્શન કર્યું હતું.

હવે જોવાનું એ છે કે આપણા પદકવીર ખેલાડીઓ પાછલા ચંદ્રકોને ડિફેન્ડ કરી શકે છે કે નહીં. બીજું, તેઓ હવે પછીનો કિલ્લો ભેદી શકશે કે નહીં એ પણ જોવું રહ્યું. વાસ્તવમાં કોઈ દેશને ખેલ જગતમાં શક્તિશાળી ત્યારે માનવામાં આવે છે જ્યારે તેના ઍથ્લીટોના ચંદ્રકોની સંખ્યા કરતાં ઍથ્લીટો સતતપણે મેડલના મંચ પર આવે છે કે નહીં. આપણા નિશાનબાજોએ તાજેતરમાં ઘણી સ્પર્ધાઓમાં પોતાની ક્ષમતા બતાવી છે, પરંતુ એશિયાની સ્પર્ધાઓમાં ઘણી વખત દક્ષિણ કોરિયા, ચીન અને જાપાનના શૂટર્સ છુપા રૂસ્તમ સાબિત થતા હોય છે અને ભારતીયોની આશા-આકાંક્ષાઓ પર પાણી ફેરવી દેતા હોય છે. એટલે જ આપણા નિશાનબાજોએ તેમ જ અન્ય તમામ ખેલાડીઓએ તાજેતરની સ્પર્ધાઓમાં જે પર્ફોર્મ કર્યું એનાથી ઘણું સારું પર્ફોર્મ કરવાનો પ્રયાસ કરવો જ પડશે. દોઢ મહિના પહેલાંની કોમનવેલ્થ ગેમ્સમાં આપણા મુક્કાબાજોએ બહુ સારું પર્ફોર્મ કર્યું હતું. આપણા ૧૩માંથી સાત ગોલ્ડ મેડલ બોક્સરોએ અપાવ્યા હતા. એ રમતોત્સવના લગભગ તમામ મુકાબાજો એશિયન ગેમ્સમાં ભાગ લેવાના છે. આશા રાખીએ કે સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં તેમણે જે દેખાવ કર્યો એવો હવે જાપાનમાં પણ કરશે.

કોમનવેલ્થમાં ૭૦થી વધુ દેશના સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જ્યારે એશિયન ગેમ્સમાં ૪૬ રાષ્ટ્રના ઍથ્લીટો વિવિધ સ્પર્ધાઓમાં ઝૂકાવશે. એમ છતાં કોમનવેલ્થ કરતાં એશિયન ગેમ્સની હરીફાઈઓ વધુ ટફ ગણાય છે. કોમનવેલ્થ કરતાં વધુ સારી સ્પર્ધાઓમાં ભારતીયોને વધુ મેડલ મળવાની આશા છે એ રમતોમાં ખાસ કરીને બેડમિન્ટન, કુસ્તી અને કબડ્ડીનો સમાવેશ છે. આપણે એ ન ભૂલવો જોઈએ કે બેડમિન્ટનની ખરી તાકાત એશિયામાં છે. યાદ રહે, ભારતીયોએ બેડમિન્ટનમાં ચીન, જાપાન, ઇન્ડોનેશિયા અને દક્ષિણ કોરિયાના સ્પર્ધકોનો સામનો કરવો પડશે. જોકે ભારત પાસે પી. વી. સિંધુ, લક્ષ્ય સેન, આયુષ શેટ્ટી, સાત્વિકસાઈરાજ, ચિરાગ શેટ્ટી જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ છે એટલે મોટી સંખ્યામાં મેડલ તો આવશે જ. કુસ્તી (રેસલિંગ)માં પણ ભારતીયો સારી એવી સંખ્યામાં ચંદ્રકો જીતી શકે એમ છે.



રનર અવિનાશ સાબળે

ટી-૨૦ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભારતીય મેન્સ ટીમ શ્રેયસ ઐયરના નેતૃત્વમાં અને વિમેન્સ ટીમ હરમનપ્રીત કૌરના સુકાનમાં ભાગ લેશે. આ બંને કેટેગરીમાં ગોલ્ડ મેડલ આવવાની પાક્કી સંભાવના છે.

એક મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે આ વખતે ઍથ્લીટો પસંદ કરવાની સિલેક્શન કમિટીની પ્રક્રિયા થોડી વિવાદાસ્પદ રહી છે. ભારતથી ૫૦૩ ઍથ્લીટો-ખેલાડીઓ જાપાન જઈ રહ્યા છે, પરંતુ જિમ્નેસ્ટિક્સ અને કરાટે જેવી રમતોના સિલેક્શનની બાબતમાં સવાલ કરવામાં આવ્યા છે. સિલેક્શનને લગતા માપદંડ જેટલા કઠોર હોય એટલી જ એની પ્રક્રિયા પારદર્શક તથા યોગ્ય હોવી જરૂરી છે. ખરેખર તો એશિયન રમતોમાં ભારતનો સૌથી મોટો મુકાબલો પોતાની સાથે જ છે એમ કહી શકાય. જો આ વખતે ભારત ચંદ્રકો જીતવામાં ૧૦૦નો આંકડો પાર નહીં કરે તો આપણી એ સંભાવનાઓને ઝટકો લાગશે જેમાં આપણે સતતપણે સૌથી શક્તિશાળી (સૌથી વધુ મેડલ જીતનાર દેશ) બનવાનું સપનું જોઈ રહ્યા છીએ. ■


## સફળ થવું છે તો લક્ષ્ય પર કરો ફોકસ

### કરિઅર

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

**વિશ્વના** પ્રસિદ્ધ કરિઅર કાઉન્સલર રિચર્ડ એન. બોલસ સૌથી પ્રભાવશાળી કરિઅર કાઉન્સલર તરીકે ખ્યાતિ પામ્યાં છે. તેમનું કહેવું છે કે કરિઅરમાં ઊંચાઈ પર જવું છે તો સૌ પ્રથમ પોતાની મંજિલ નક્કી કરો. ખરેખર તો જે વ્યક્તિને નથી ખબર કે તેને ક્યાં જવું છે અને શું કરવું છે? તે આ દુનિયાના કોઇપણ ખૂણે જાય તેને કાંઈ યોગ્ય લાગશે જ નહીં. ટેકનિક, કૃત્રિમ બુદ્ધિમતા, ઓટોમેશન અને બદલાતાં રોજગારે કરિઅરને એક અલગ દિશા આપી છે. આજે સફળતા માટે માત્ર સખત મહેનત કરવી જ પૂરતી નથી એના માટે યોગ્ય દિશામાં આગળ વધવું પણ જરૂરી છે. જેને લક્ષ્ય નિર્ધાર કરવો અથવા ગોલ સેટિંગ કરવો કહેવાય છે. કરિઅર નિષ્ણાતોનું માનવું છે કે જેમની પાસે સ્પષ્ટ, લિખિત અને સમયબદ્ધ લક્ષ્ય હોય છે તેઓ તકને સારી રીતે ઓળખી શકે છે. તેમનામાં પડકારનો સામનો કરવાની પણ ક્ષમતા હોય છે.

**લક્ષ્ય બનાવે છે અસાધારણ:** ધારી લો કે બે યુવાનોને એક જ દિવસે નોકરી મળી છે. બન્નેની યોગ્યતા, પગાર અને તક સમાન છે. પાંચ વર્ષ પછી તેમાંની એક વ્યક્તિ ટીમ લીડર બની જાય છે, પરંતુ બીજો યુવાન હજી પણ એ જ પદ પર કામ કરે છે. સવાલ એ છે કે આવું કેમ થયું? પહેલી વ્યક્તિએ નોકરી શરૂ કરવાના દિવસે જ નક્કી કરી લીધું હતું કે તેને પાંચ વર્ષમાં આ પોસ્ટ મેળવવી છે. બાદમાં તેણે એને અનુરૂપ નવા કૌશલ્ય શીખ્યા, સર્ટિફિકેટ્સ મેળવ્યાં, પોતાની વાતચીત કરવાની ઢબમાં સુધારો કર્યો અને સમય-સમય



પર વધારે જવાબદારી લેવા લાગ્યો. જોકે બીજાએ માત્ર રોજનું કામ કર્યું. સવારે ડ્યૂટી પર આવ્યો, દિવસભર કામ કર્યું અને પછી સાંજે ઘરે ચાલ્યો જતો. આ જ અંતર બન્ને વચ્ચે હતું. એને કારણે એકને પ્રમોશન મળ્યું અને બીજો એ જ પદ પર કામ કરે છે.

**સ્પષ્ટ દિશા:** વ્યક્તિ પ્રભાવી ઢબે ત્યારે જ કામ કરી શકે છે, જ્યારે તેનો ઉદ્દેશ સ્પષ્ટ હોય. મનો વિજ્ઞાન જણાવે છે કે લક્ષ્ય આપણું ધ્યાન, ઊર્જા અને નિર્ણયોને એક દિશામાં કેન્દ્રિત કરે છે. લક્ષ્ય વગર વ્યક્તિ કામ તો અનેક કરે છે, પરંતુ તેની ઊર્જા વિખેરાય જાય છે. સ્પષ્ટ લક્ષ્ય હોવાનો ફાયદો એ થાય છે કે તેને જાણ હોય છે કે કયા કામને પહેલા પ્રાથમિકતા આપવાની છે.

**ગોલ સેટિંગના લાભ:** સ્પષ્ટ ગોલ વ્યક્તિને સમયનું મહત્ત્વ સમજાવે છે. જ્યારે કોઈ કર્મચારી એક વર્ષની અંદર પ્રમોશન મેળવે છે, સમય પર પ્રોજેક્ટ પૂરા કરે છે, નવી જવાબદારીઓ લે છે અને પોતાના પર્ફોર્મન્સમાં સુધારો કરે છે તો એની કાર્યક્ષમતા અન્યની સરખામણીએ વધી જાય છે. આજે અનેક કંપનીઓ કર્મચારીઓના પર્ફોર્મન્સના આધારે તેમનું મૂલ્યાંકન કરે છે. જે કર્મચારીના લક્ષ્ય સ્પષ્ટ હોય તેમના પરિણામ પણ પ્રભાવશાળી હોય છે. લક્ષ્યને કારણે નવું શીખવાની જિજ્ઞાસા જાગે છે. લક્ષ્ય હોય તો નવું શીખવા માટે પણ પ્રેરિત થાય છે. નવું શીખવાની પ્રવૃત્તિ જ ભવિષ્યમાં તાકાત બનીને ઊભરે છે.

**નિર્ણય લો:** કરિઅરમાં દરરોજ નાના-મોટાં નિર્ણયો લેવાનાં હોય છે. જેમ કે નવી નોકરી કરવી, કયો નવો કોર્સ શીખવો, કઈ નવી ટૅકનિક શીખવી અને કઈ તકને જવા દેવી. આવી સ્થિતિ દરેકના જીવનમાં ક્યારેક ને ક્યારેક આવે જ છે. એવામાં જો તમારો ગોલ સ્પષ્ટ હોય તો નિર્ણય લેવા સરળ બને છે. વ્યક્તિ જ્યારે નાના લક્ષ્યને સાધવામાં સફળ થાય તો તેનામાં આત્મવિશ્વાસ વધી જાય છે અને આ જ આત્મવિશ્વાસ મોટાં લક્ષ્ય પાર પાડવામાં મદદ કરે છે. દરેક ક્ષેત્રે કપરો સમય તો આવે જ છે. એક સમયે પ્રમોશન અટકી જાય છે. ઈન્ટરવ્યૂમાં નિષ્ફળ થાય છે. કોઈ પ્રોજેક્ટ ધાર્યું પરિણામ ન આપે. જોકે જેમની પાસે લક્ષ્યની સ્પષ્ટ દિશા હોય તો આ બધી બાબતો તેમનાં માટે મહત્ત્વ નથી રાખતી.

**મજબૂત નેટવર્કિંગ:** જે વ્યક્તિએ લક્ષ્ય નિશ્ચિત કરી લીધો હોય તે વરિષ્ઠો અને નિષ્ણાંતોની સાથે નેટવર્કિંગ મજબૂત કરે છે. કેમ કે તે સારી રીતે જાણે છે કે તેને આ લોકો સાથે જ કામ કરવાનું છે અને આ નેટવર્ક જ તેને ભવિષ્યમાં કામ આવે છે.

એથી જીવનમાં આગળ વધવા માટે ચોક્કસ લક્ષ્ય બનાવો. જેનાથી જીવનમાં સફળતા તો આવે જ છે પણ સાથે જ પ્રગતિના પંથ પર આગળ વધતા પણ કોઈ અટકાવી ન શકે. ■




## મારો એકરાર... સંકલ્પને બનાવીશ સિદ્ધ સંકલ્પ!

**પર્વાધિરાજ** પર્યુષણ મહાપર્વ પંચમ દિવસ એટલે વૈરાગીથી વીતરાગી અને મહાયોગીથી અયોગી બની, સિદ્ધત્વને પ્રાપ્ત કરનાર તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીર સ્વામીના જન્મવાંચન દ્વારા પ્રેરણા પ્રાપ્ત કરવાનો પાવન અવસર! પ્રભુની પ્રેરણાને સ્વયંનો સંકલ્પ બનાવી સિદ્ધ સંકલ્પ બનાવવાનો પુરુષાર્થ કરવાની પાવન પળ!

શ્રેષ્ઠતા ક્યારેય રાતોરાત નથી સર્જાતી! વર્ષોના વર્ષો અને ભવોના ભવોની સાધના હોય શ્રેષ્ઠતા સર્જાય છે. શ્રેષ્ઠ તત્ત્વ જ્યારે આંખો સમક્ષ હોય, ત્યારે સામાન્ય આંખો એમને સામાન્ય રૂપે જોવાનો મિથ્યા પ્રયાસ કરતી હોય છે.

મહાવીર ભગવાન, મહાવીર સ્વામી બન્યાં કેવી રીતે?

ક્ષત્રિયકુંડના રાજકુમાર વર્ધમાનના આત્માએ ગણતરીના 27 ભવ પહેલાં એક નાનકડાં સંકલ્પ દ્વારા ભગવાન બનવાનું બીજ વાવ્યું હતું અને એમની આત્માથી પરમાત્મા બનવાની આત્મયાત્રાનો પ્રારંભ હતો.

એ ભવમાં પ્રભુનો આત્મા એક કઠિયારો હતો અને એમણે સંકલ્પ કર્યો હતો, 'જમાડ્યા વિના જમીશ નહીં!'

એક દિવસ જંગલમાં સખત ભૂખ લાગી હતી, પણ ક્યાંય સુધી કોઈ અતિથિ મળ્યાં નહીં, પણ એમણે એમનો સંકલ્પ તોડ્યો નહીં અને ભૂખને સહન કરી, સહનશીલતાના ગુણને પ્રગટ કર્યો. એ ભવમાં પ્રભુમાં અર્પણ કર્યા વિના ભોજન ગ્રહણ ન કરવાની શુભ ભાવના હતી, સંવિભાગની ભાવના હતી.

'મારા સુખમાં સહુનો ભાગ,' એ ભાવનાની શ્રેષ્ઠ અનુભૂતિને કહેવાય છે, સંવિભાગ!

જે સ્વયંનું વિચારે, તે સ્વાર્થી હોય.

જે સર્વનું વિચારે, તે સંવિભાગી હોય.

ભગવાન મહાવીર જનમ જનમના સંવિભાગી હતાં.

સંવિભાગી હોય, એ જ સ્વયંના પરિગ્રહને છોડી શકે.

સંવિભાગી હોય એને સ્વયંના સુખ કરતાં, સર્વના સુખની હિતચિંતા હોય.

તમારી Selfને પૂછો,

આજે સવારે breakfast કરતી વખતે, શું તમને યાદ આવ્યું હતું કે, કોઈ સંત-સતીજી પધારે તો મારે એમને વ્હોરાવવું છે?

શું તમને ક્યારેય વિચાર આવ્યો છે કે, મારે જમતાં પહેલાં કોઈ ભૂખ્યાને ભોજન કરાવવું છે? કબૂતરને ચણ આપીને અથવા કીડીઓનું કીડિયારું પૂરીને પણ breakfast કરી શકાય ને?

ભોગી હોય, એને કોઈ યાદ ન આવે અને સંવિભાગી હોય એ ભોજન કરાવ્યા વિના ભોગ ન વાપરે.

કઠિયારાએ ભર તડકામાં ક્યાંય સુધી પ્રતિક્ષા કરી અને જ્યારે બે મુનિઓને આવતાં જોયા ત્યારે અત્યંત અહોભાવથી એમને ભોજનના પદાર્થ અર્પણ કર્યાં અને એમને માર્ગ બતાવ્યો, પછી ભોજન કર્યું.

તે દિવસથી ભગવાનના આત્માના ત્યાગના, અર્પણતાના, સહનશીલતાના અને સંકલ્પને સિદ્ધ બનાવવાના બીજ વવાઈ ગયા. જમાડીને જમવાના એક નાનકડા સંકલ્પે, એક અસામાન્ય તીર્થંકર બનવાનું સર્જન કરી દીધું.

જેમ એક નાનકડાં બીજમાં એક વટવૃક્ષ બનવાની ક્ષમતા હોય છે, તેમ એક નાનકડો સંકલ્પ પણ તીર્થંકર પરમાત્મા બનાવી શકે છે.

જે સંકલ્પની ઉપેક્ષા કરે છે, તે સંકલ્પને ભૂલી જાય છે. ઘણા એવા પણ હોય છે, જે સંકલ્પ તો કરે છે, સંકલ્પને ભૂલી પણ જાય છે અને એ ભૂલી જવાની ભૂલનો સ્વીકાર ન કરવાની બીજી મોટી ભૂલ કરે છે.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ ભૂલનો એકરાર કરવા માટે હોય છે. આજે પ્રભુ સમક્ષ એકરાર કરી લ્યો, પ્રભુ! સંકલ્પ તો ઘણા કર્યા છે પણ સહનશીલતાના અભાવે અને સુખબુદ્ધિના કારણે એને ignore કર્યાં છે. સ્વાર્થના કારણે સંકલ્પ યાદ નથી આવતા અને સંકલ્પ ન પાળી શકવાનો અફસોસ ન થવાના કારણે સંકલ્પની ઉપેક્ષા કરી છે. પ્રભુ! આપે ભૂખ-તરસ સહન કરીને પણ સંકલ્પથી સિદ્ધત્વ સુધીની આત્મયાત્રા કરી, આત્માને પરમાત્મા બનાવી દીધો! પ્રભુ! આજે મારી ભૂલોનો એકરાર કરી, આપની સાથે એકાકાર થવા એક કરાર કરું છું, આજથી હું મારા સંકલ્પને સિદ્ધ સંકલ્પ બનાવીશ!

દરેક નાનું પગથિયું શિખર સુધી પહોંચવામાં સહાયરૂપ હોય છે. એક નાનકડો સંકલ્પ પણ અત્માને પરમાત્મા બનાવી શકે છે.

આજે ભગવાન મહાવીરનો માત્ર જય જયકાર નથી કરવો, ભગવાનના જીવનમાંથી પ્રેરણા લઈ, ભગવાન જેવા બનવાનો એક દૃઢ સકંલ્પ કરવાનો છે.

જો મારા ભગવાન મહાવીર સંવિભાગી હતાં, તો હું એકલો ભોગી કેવી રીતે હોઈ શકું? મારે પણ સંવિભાગી બનવું છે.

આજથી સંકલ્પ કરો, હું જ્યારે-જ્યારે ભોજન કરીશ ત્યારે-ત્યારે સંવિભાગની શુભ ભાવના ભાવીશ. મારે કોઈને જમાડીને જમવું છે.

જો હું સ્વયં દિવસમાં ત્રણ time જમું છું તો હું દિવસમાં એક time તો કોઈને જમાડી શકું ને? પછી ચાહે તે પક્ષી હોય કે પશુ હોય, માનવી હોય કે નાનકડી કીડી હોય. કોઈ ન મળે તો ઘરની બારી પર ક્યાંક એક સાકરનો ટુકડો મૂકી ધ્યો. કોઈ માખી કે કીડીને ભોજન મળી જશે અને તમે તમારા સકંલ્પનું નિષ્ઠાપૂર્વક પાલન કરી શકશો.

ભગવાન મહાવીરનો બીજો સંકલ્પ હતો, સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ!

ભગવાનને સર્વ જીવ પ્રત્યે મૈત્રી ભાવ હતો એટલે ભગવાનને કોઈ ગમતું કે કોઈ અણગમતું ન હતું.

જેમનો ચહેરો હસતો હોય, જે વ્યક્તિ તમને ગમતી હોય, એમની પાસે તો તમે હસતાં હસતાં જાવ, પણ જેણે તમારું insult કર્યું હોય, તમારા પર ક્રોધ કર્યો હોય, તમને ignore કર્યાં હોય, ત્યાં તમને જવાનું કહે, તો ત્યાં તમને જવાનું ગમે? ત્યાં તમે જાવ? ના!

ભગવાન મહાવીર તો જેની આંખોમાંથી ઝેર નીકળતું હતું, એવા poisonous દ્રષ્ટિવિષ ચંડકૌશિક સર્પ પાસે પણ સામેથી જાય છે. ઝેર વરસાવતી સર્પની આંખો સામે પ્રભુની પ્રેમની, કરુણાની એવી વર્ષા થાય છે કે અત્યંત ક્રોધિત સર્પ પણ શાંત થઈ જાય છે.

હસતા ચહેરાવાળી વ્યક્તિ સાથે હાથ મિલાવવા બધાં જઈ શકે, પણ ઝેર વરસાવતી આંખો સામે જઈ પ્રેમ વરસાવવો, એ કરુણા હતી ભગવાન મહાવીરની! આવી કરુણા જેનામાં આવે, એ ભગવાન મહાવીરના ભક્ત હોય!

ગમતાંની પાસે જવું એ તો સંસારનો સામાન્ય વ્યવહાર છે, અણગમતાની પાસે જઈ, એના પર વાત્સલ્ય વરસાવવું એ ભગવાન મહાવીરના અંશ અને વંશનો વ્યવહાર છે.

પ્રિયની નજીકમાં જઈ પ્રિયતા બતાવવી, એ સામાન્ય વાત છે, પણ દોષીની નજીકમાં જઈ અત્મિયતા દર્શાવવી, એ અસામાન્ય વાત છે.

ભગવાન મહાવીર જન્મવાંચન અવસરે માત્ર ભગવાનના જીવનનું વાંચન જ નથી કરવાનું. એમની જીવનશૈલીમાંથી કોઈ બે સંકલ્પોનો સ્વીકાર કરી, એ સંકલ્પોનું નિષ્ઠાપૂર્વક પાલન કરી, એ સંકલ્પને સિદ્ધ કરવાનો પુરુષાર્થ કરવાનો છે.

ભગવાનની જીવનશૈલી પર આત્મચિંતન કરી, એમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી, ભગવાન જેવા બનવાનો સંકલ્પ કરવો, એ આ દુલર્ભ મનુષ્ય ભવનું શ્રેષ્ઠ કર્તવ્ય છે.

સંકલ્પ સિદ્ધિનો પુરુષાર્થ પર્યુષણ પર્વને સાર્થક કરી, પ્રભુ સાથે એકાકાર કરાવશે. ■

## એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@
bombaysamachar.com

# નેધરલેન્ડ્સનું અલાયદું આર્કિટેક્ચર

### ડચ સ્થાપત્ય જગ્યાના શ્રેષ્ઠ અને કલાત્મક ઉપયોગ માટે પ્રખ્યાત છે

*નેધરલેન્ડ્સના વતની ડચ લોકોની કેટલીક લાક્ષણિકતા છે. ડચ સ્થાપત્ય - વાસ્તુશિલ્પ (ડચ આર્કિટેક્ચર) ઉપલબ્ધ જગ્યાનો શ્રેષ્ઠ અને કલાત્મક ઉપયોગ તેમ જ નહેર નજીક સાંકડા પણ સુંદર ખ્યતિપ્રાપ્ત ઘરો તૈયાર કરવા માટે દુનિયાભરમાં જાણીતું છે. ચોકઠા બહારની મૌલિક વિચારસરણી માટે જાણીતા ડચ આર્કિટેક્ટ્સે કંસ્ટ્રકશનમાં કલાનો સુંદર સમન્વય સાધ્યો છે. સૌમ્ય ડિઝાઈનવાળા કે થેડ્રલથી લઈને ટાપટીપવાળા આધુનિક બાંધકામને કારણે ડચ સ્થાપત્યની કલાત્મક ડિઝાઈન સમગ્ર યુરોપમાં ફેલાઈ એની બહાર પણ વિસ્તરી છે. ડચ આર્કિટેક્ચર ત્રણ તબક્કામાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રભાવ પાડી શક્યું છે.*

*પ્રથમ તબક્કો ૧૭મી સદીનો છે જ્યારે ડચ સામ્રાજ્યનો વાવટો ઘણી જગ્યાએ લહેરાતો હતો. ત્યારબાદ વીસમી સદીના પહેલાં ૫૦ વર્ષ દરમિયાન આધુનિક સ્પર્શ મળ્યો અને અત્યારે એકવીસમી સદીમાં અનેક ડચ આર્કિટેક્ટ વૈશ્વિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રહ્યા છે. એવું કહેવાય છે કે સમકાલીન સ્થાપત્યમાં નેધરલેન્ડ્સ જેટલો પ્રભાવ કોઈનો નથી. ડચ આર્કિટેક્ચરે વિશ્વવ્યાપી માન્યતા પ્રાપ્ત કરી છે. ડચ સ્થાપત્ય વિશેની રસપ્રદ વાતોથી વાકેફ થઈએ.*

## એમ્સ્ટડેમની ખાસિયત




નેધરલેન્ડ્સનો એક તૃતીયાંશ હિસ્સો સમુદ્રની સપાટીથી નીચે હોવાથી અનેક ઠેકાણે ડાઈકસ (સમુદ્ર કે નદીનું પાણી ફેલાતું અટકાવવા માટેનો બાંધ) બાંધવામાં આવ્યા. પહેલા પમ્પ અને ત્યારબાદ વિન્ડમીલ - પવનચક્કીની મદદથી નદી અને સમુદ્રનાં પાણી ફરી વળવાથી ગરક થયેલી જમીનની પુનઃપ્રાપ્તિ (રિક્લેમેશન) પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. નેધરલેન્ડ્સની રાજધાની એમ્સ્ટડેમ શહેર દસ લાખથી વધુ લાકડાના સ્તંભ ઉપર ઊભું થયું છે. આ સ્તંભ રેતાળ જમીનની અંદર ૧૧ મીટર (આશરે ૩૬ ફૂટ) ઊંડા ઉતારવામાં આવ્યા. બે ડચ આર્કિટેક્ટએ ડેમ સ્કવેર ખાતે ૧૩ હજાર ૬૫૭ સ્તંભની મદદથી રોયલ પેલેસનું નિર્માણ કર્યું હતું. બાંધકામમાં કેટલા સ્તંભની જરૂર પડે એ ઈમારતના ફેલાવા પર નિર્ભર કરે છે. સામાન્ય રહેણાંક ઘર બાંધવા દસેક સ્તંભની જરૂર પડે જ્યારે એમ્સ્ટડેમ સેન્ટ્રલ સ્ટેશનના બાંધકામ માટે ૯ હજાર સ્તંભની જરૂર પડી હતી. આજની તારીખમાં મજબૂતાઈ અને ટકાઉ બાંધકામ માટે કોન્ક્રીટ અથવા સ્ટીલના સ્તંભનો ઉપયોગ કરવામાં આવે છે.

એમસ્ટડેમ શહેરની પ્રખ્યાત અમસ્ટલ નદીના કાંઠા વિસ્તારમાં કતારબંધ સાંકડા ઘર જોવા મળે છે. આ ઘર આગળની તરફ નમેલા અને સહેજ ત્રાંસા દેખાય છે. આ ઘર 'ડાન્સિંગ હાઉસીસ' તરીકે જાણીતા છે. આ નામકરણ પાછળ કેટલાંક કારણ છે.

એમ્સ્ટડેમની જમીન ખૂબ જ નરમ અને ભેજવાળી હોવાથી જૂના સમયમાં લાકડાના સ્તંભ ઉતારી ફાઉન્ડેશન તૈયાર કરવામાં આવતું હતું. અનેક વર્ષો પછી આ સ્તંભ જમીનમાં બેસી જવાને અથવા ખૂંપી જવાને કારણે કેટલાંક મકાનો એક બાજુ ઝૂકી ગયેલાં અને નમી ગયેલાં દેખાય છે. સદીઓ પહેલા એમ્સ્ટડેમમાં ઘરની પહોળાઈ અનુસાર ટેક્સ વસૂલવામાં આવતો હતો.એટલે લોકો ખૂબ જ સાંકડા અને ઊંચાં મકાનોનું બાંધકામ કરાવતા હતા. આવા ઘરમાં દાદરા પણ સાંકડા હોવાથી મોટી સાઈઝનું ફર્નિચર ઘરની અંદર લઈ જવું અશક્ય હોવાથી ઘરની બહાર ગરગડીની વ્યવસ્થા રાખવામાં આવતી જેની મદદથી સામાન ઉપર ચડાવી અંદર લઈ જઈ શકાતો. કોઈ ઘરનું રિનોવેશન કરવામાં આવે ત્યારે સ્તંભની જગ્યામાં ફેરફાર થવાથી ઘર એકબીજા તરફ ઢળી જતાં.

## વેલુમિયર એકવેડક્ટ વૉટર બ્રિજ



વિશ્વની અજાયબીનું જો નવેસરથી આલેખન કરવામાં આવે તો નેધરલેન્ડ્સના વેલુમિયર એકવેડક્ટ વૉટર બ્રિજનો એમાં સમાવેશ થઈને જ રહે એવી એની કમાલ છે. ટ્રાફિકની સમસ્યાથી ત્રસ્ત બેંગલૂરુ અને મુંબઈના નાગરિકો માટે તો આ બ્રિજ ધરતી પરના વાહનવ્યવહારના સ્વર્ગ બરાબર છે. ટ્રાન્સપોર્ટ આર્કિટેક્ચરનો આ અનોખો અને કલાત્મક નમૂનો ગગનમાંથી નીરખતી વખતે ઓપ્ટિકલ ઈલ્યુઝન - દૃષ્ટિભ્રમ ઊભો કરે છે. ડચ એંજિનિયરિંગની કમાલ ગણાતા આ બ્રિજ પર દોડતા વાહનો અચાનક પાણીમાં ગરક થઈ જાય છે અને થોડી વારમાં આ 'ડૂબી ગયેલાં' વાહનો ફરી સડક પર દોડવાં લાગે છે, જરાય ભીના થયા વિના રમેશ પારેખની અવિસ્મરણીય કાવ્ય પંક્તિ 'ઓણુકા વરસાદમાં બે ચીજ કોરીકટ્ટ'ની યાદ આવી જાય એવા વટ્ટથી કોરીકટ્ટ અવસ્થામાં દોડવા લાગે છે. ત્રણ મીટર ઊંડાઈમાં આ સડક ૨૫ મીટર (આશરે ૮૨ ફૂટ) લંબાઈ સુધી પાણીમાં ગરકાવ થઈ ફરી સપાટી પર આવે છે. ૨૦૦૨માં શરૂ થયેલા આ બ્રિજ પર દરરોજ ૨૮ હજાર વાહનો દોડે છે. રાહદારીઓ માટે ચાલવાની સગવડ અને સાઈકલ સવારો માટે ખાસ લેન પણ છે. આ અફલાતૂન બ્રિજને કારણે વાહનો અને નૌકાઓ અંતરાય વિના સતત આવજા કરી શકે છે.

## ભારતમાં ડચ સ્થાપત્ય



આપણા દેશમાં ડચ સ્થાપત્યનો પ્રારંભ ૧૬૦૫માં થયો હોવાની નોંધ છે. દક્ષિણના રાજ્યો કેરળ (કોચીન) અને તમિળનાડુ (પુલીકટ)થી શરૂઆત થઈ. મસાલાના વેપાર માટે ડચ લોકોનો ડોળો મુખ્યત્વે ઇન્ડોનેશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયા પર હતો. જોકે, ત્યાંના વેપાર માટે ભારતીય કાપડ (સુતરાઉ કાપડ)ની માગ મોટા પ્રમાણમાં હતી. આ કાપડ મેળવવા માટે ડચ કંપનીએ ભારતમાં પગપેસારો કર્યો. ૧૬૦૨માં શરૂ કરવામાં આવેલી ડચ કંપનીએ ૧૬૧૬માં સુરતમાં પોતાની પ્રથમ સત્તાવાર ફેક્ટરી સ્થાપી હતી. ગુજરાતમાં તેમ જ દક્ષિણના રાજ્યોમાં ડચ લોકોની દફનભૂમિ છે અને સુરતમાં તાપી નદી નજીકના વિસ્તારમાં ડચ ગાર્ડન સહેલાણીઓનાં જોવાલાયક સ્થળમાં સ્થાન ધરાવે છે. અહીંના ફુવારા, ફૂલવાડી અને ગાલીચા જેવા સુંદર, સુંવાળા લીલાછમ ઘાસથી છવાયેલા બગીચા પ્રવાસીઓનું મન મોહી લે છે. જોકે, ડચ સ્થાપત્યની ખાસિયત જોવી હોય તો બિહારના પટના શહેરનો આંટો મારી લેવો જોઈએ. ૧૭મી સદીમાં ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પટનામાં મસાલા, મીઠું, અફીણ અને ટેક્સટાઈલના ટ્રેડિંગ માટે વ્યાપારી હેતુથી એક ઈમારત બાંધી હતી. આ ઈમારતના સ્થાપત્યમાં યુરોપિયન શૈલી નજરે પડે છે. હવાની અવરજવર થાય અને ગરમી ઓછી લાગે એ માટે ઊંચી છત અને મોટી બારીઓ, ધોધમાર વરસાદને પહોંચી વળવા ઢળતી છત તેમજ મજબૂતી અને નહીં જેવી જાળવણી માટે જાણીતી લાલ ઈંટની દીવાલો ૧૭મી સદીનું પ્રતિનિધિત્વ કરે છે. બિઝનેસ સેન્ટર તરીકે બંધાયેલી ઈમારત આજે સાંસ્કૃતિક પ્રવૃત્તિ, કલા પ્રદર્શન અને ઐતિહાસિક સંશોધનનું કેન્દ્ર બની ગઈ છે. પટનાના 'મસ્ટ વિઝીટ' સ્થળમાં સ્થાન ધરાવતું આ બિલ્ડિંગ સહેલાણીઓને ભૂતકાળની ઝાંખી કરાવે છે.■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@
bombaysamachar.com

# મોબાઈલ કે ભેંસ... શું લેવાય?




આજના જમાનામાં બાપ-દીકરા વચ્ચે 'જનરેશન ગૅપ' માપવા માટે કોઈ મીટરની જરૂર નથી. ફક્ત દીકરાના હાથમાં રહેલા સ્માર્ટફોનની સ્ક્રીન અને બાપના મોઢા પરના કરચલીવાળા ભાવ જોઈ લો, આખોય ખેલ સમજાઈ જશે!

હમણાં જ ઘરની બહારથી જબરદસ્ત મગજમારીનો અવાજ આવ્યો. મેં ડોકિયું કર્યું તો શેરીના નાકે રમેશભાઈ અને એમનો ચિરાગ ઉર્ફે 'ચિન્ટુ' સામસામે મોરચો માંડીને ઊભા હતા. મુદ્દો ગંભીર હતો. ચિન્ટુને નવો ફોન લેવો હતો અને રમેશભાઈને એના 'ભાવ' સાંભળીને હાર્ટ એટેક આવતાં આવતાં રહી ગયો હતો.

'અલ્યા મૂઢા! ૩ લાખનો ફોન હોય? મગજ ફરી ગયું છે તારું?' રમેશની આંખો બહાર નીકળી આવી હતી.

'અલા, મારી ભેંસ આના કરતાં સસ્તી આવે છે! આટલા રૂપિયામાં તો ખરી ઓરિજિનલ જાફરાબાદી ભેંસ ઘરમાં આવી જાય!'

ચિન્ટુએ પોતાના વાળમાં હાથ ફેરવતાં, કાનમાં બડ્સ ભરાવેલા જ રાખતાં સહેજ હસીને કહી દીધું, 'ડૅડુ, તમે સાવ પ્રાચીન કાળના વિચારો ધરાવો છો! એ તમારી ભેંસ ઇન્સ્ટાગ્રામ પર રીલ બનાવી દે ખરી? કે પછી 'વાઇરલ' થઈને ટ્રેન્ડિંગમાં આવે?'

ચિન્ટુની આ વાત સાંભળી રમેશભાઈનો પિત્તો ગયો, 'રીલની એસી તૈસી! અલ્યા ડફોળ, ભેંસ રોજ સવારે ને સાંજે દૂધ આપે, એ દૂધ ડેરીમાં ભરાવીએ એટલે રોકડા રૂપિયા કમાઈને દે! તારો આ અરીસા જેવો કાચનો કટકો તને કમાઈને દે છે?'

'અરે બાપા! 'ચિન્ટુએ છાતી ઠોકીને કહ્યું, 'તમને ખબર નથી! આજના જમાનામાં મોબાઇલ પણ કમાઈને દે છે. યુટ્યૂબની ચૅનલ, ફેસબુક મોનેટાઇઝેશન, રીલ્સના વ્યુઝ અને બ્રાન્ડ પ્રોમોશન... એક વાઇરલ વિડીયો થાય ને, એટલે ડૉલરનો વરસાદ થાય!'

રમેશે પોતાના ખેસથી મોઢું લૂછ્યું અને ચિન્ટુ સામે આંગળી ચીંધીને પૂછ્યું, 'એ બધું ઠીક છે, પણ તારો આ મોબાઇલ બચ્ચાં દે? હેં? ભેંસ તો વ્યાય એટલે પાડી કે પાડો આપે. તારો આ ફોન બે વર્ષ પછી નવો નાનો ફોન આપે છે? તું ગરઢો થઈશ ને, તોય એ ભેંસની પેઢીઓ તારું ને તારા ઘરનું પાલન-પોષણ કરશે. આ ફોન તો બે વર્ષમાં ખાટલે પડશે ને વળી પાછો બીજો ૩ લાખનો ખર્ચો કરાવશે!'

ચિન્ટુએ પણ આજના યુવાનની અદાથી જવાબ ફેંક્યો, 'બાપા, તમે ભેંસના દૂધની વાત કરો છો, પણ જો મોબાઇલથી બરાબર કન્ટેન્ટ બની ગયું ને તો આ મોબાઇલ ધારે તો એક જ વારમાં આપણી સાત પેઢીનું કમાઈને દઈ દે!'

'સાત પેઢીનું?' રમેશ ખડખડાટ હસી પડ્યો. 'અલ્યા, તારી સાત પેઢીમાં કોઈએ ફોનની સ્ક્રીન જોઈ નહોતી તોય સુખી હતા! આ મોબાઇલ તો માણસના સંબંધો તોડાવે એવું યંતર છે. ઘરમાં ચાર જણા બેઠા હોય તોય કોઈ કોઈની સામે જોતું નથી, બધા ફોનમાં જ અંગૂઠા ઘસતા હોય છે. એના કરતાં ભેંસનું પાંચ લિટર દૂધ કોઈને મફત આપી દો ને તો આખા ગામમાં એક મહિના સુધી તમારી વાહ-વાહ થાય! 'કાળુભાઈ તો દિલદાર માણસ છે, હોં!' એવી છાપ પડે. તારા મોબાઇલમાં કોઈને મફત 'હાઈ' કે 'હેલ્લો' મોકલીશ તો ગામમાં કોઈ વાહ-વાહ કરશે?'

આ બાપ-દીકરાનો સંવાદ સાંભળીને મને થયું કે વાત તો બંનેની પોતપોતાની જગ્યાએ સાચી છે! આજના યુગમાં 'મૂલ્ય' (Value)ની વ્યાખ્યા સાવ બદલાઈ ગઈ છે.

જૂના જમાનામાં જે સ્થાન દૂધ, ઘી અને ખેતીનું હતું, એ સ્થાન આજે 'ડેટા', 'વાઈ-ફાઈ' અને 'સોશ્યલ મીડિયા'એ લઈ લીધું છે.

નવી જનરેશનનાં લૉજિક પણ કંઈ કમ નથીઃ

નવી જૂની પેઢીની ખેંચતાણ એટલે દૂધની વાહ-વાહ વિ. મફત વાઈ-ફાઈ અને ઓટીટી.

કાળુભાઈ કહે છે કે પાંચ લિટર દૂધ મફત આપો તો ગામ વાહ-વાહ કરે, પણ આજના ચિન્ટુઓનું ગણિત અલગ છે! આજે જો તમે સોસાયટીના છોકરાઓને તમારા ઘરનું Wi-Fi Password મફતમાં આપી દો, અથવા તમારા Netflix/Hotstarનો પાસવર્ડ ફ્રેન્ડ સર્કલમાં વહેંચી દો તો આખી ગલીમાં રાતોરાત તમારી વાહ-વાહ થઈ જાય! છોકરાઓ તમને 'દિલદાર ભાઈ' કહીને પૂજવા માંડે.

મોબાઇલ એટલે સંબંધ તોડવાનું અસ્ત્ર જ છે. પહેલાંના સમયમાં મોબાઇલમાં જ મશગૂલ રહેવાથી રૂબરૂ વાતચીત બંધ થઈ જતી અને સંબંધોમાં તિરાડ પડતી. આજે સંબંધ તોડવા માટે લાંબી માથાકૂટની જરૂર જ નથી!

કોઈનો મેસેજ આવ્યા પછી Seen કરીને રિપ્લાય ના આપો (જેને આજની ભાષામાં 'Ghosting' કહેવાય છે).

ઇન્સ્ટાગ્રામ પરથી Unfollow કે Block કરી દો.

અથવા મિત્રની નવી રીલ પર 'લાઇક' કે 'કૉમેન્ટ' કરવાનું ભૂલી જાઓ!

બસ, આટલામાં જ વગર લાઠીએ વર્ષો જૂની મિત્રતાના કટકે-કટકા થઈ જાય છે!

બાપ બિચારો એમ વિચારે છે કે ભેંસ ખાતર આપશે જે ખેતરમાં કામ આવશે, પણ દીકરો વિચારે છે કે મોબાઇલથી એની 'ઇન્સ્ટાગ્રામ ફિડ' સુધરશે! બાપને મન 'મૂડી' એટલે તબેલામાં બાંધેલું ઢોર અને દીકરાને મન 'મૂડી' એટલે એના ફૉલોઅર્સની સંખ્યા!

રમેશભાઈ પોતાની દલીલોના ભાથામાંથી હજુ નવા બાણ છોડી રહ્યા હતા.

'જો ચિન્ટુ' રમેશભાઈ થોડા નરમ થઈને બોલ્યા, 'હું પૈસા બચાવવા ઝઝૂમું છું એ તારા ભવિષ્ય માટે છે. તું ૩ લાખનો ફોન લઈને બે દિવસમાં 'ડ્રૉપ ટેસ્ટ'ના નામે તોડી નાખીશ તો મારા જીવને બળતરા થશે. એના કરતાં ઈ જ પૈસા બૅન્કમાં મૂક, તો વ્યાજ આવશે!'

ચિન્ટુએ બાપના ખભા પર હાથ મૂકતાં કહ્યું, 'બાપા, તમારી વાત સાચી. પણ આજના સમયમાં મોબાઇલ એ ખાલી રમકડું નથી, એક ટૂલ છે. જો એનો સાચો ઉપયોગ કરીએ ને તો ભેંસ ચારવા જવું ન પડે, ઘરેબેઠા કમાણી થાય!'

બાપાએ ઊંડો શ્વાસ લીધો, થોડીવાર વિચાર કર્યો અને પછી હસીને બોલ્યા, 'સારું બેટા, તારો મોબાઇલ સાત પેઢીનું કમાઈ દે કે ના દે, પણ જો તું આ ફોન લીધા પછી રોજ સવારે મારી સામે જોઈને 'ગુડ મૉર્નિંગ' કહેવાનું ચાલુ રાખે, અને જમતી વખતે ફોન બાજુમાં મૂકીને મારી સાથે બે ઘડી વાતો કરે... તો મને એમ લાગશે કે મારા ૩ લાખ વસૂલ થઈ ગયા!'

ચિન્ટુ પણ હસીને બાપને ભેટી પડ્યો.

અંતે તો વાત એટલી જ છે કે જમાનો ગમે તેટલો બદલાય, ભેંસના દૂધની જગ્યાએ ભલે ઓટીટીના પાસવર્ડ આવી જાય અને ગામના ચોરાની જગ્યાએ ઇન્સ્ટાગ્રામનું ગ્રુપ આવી જાય પણ જો સંબંધોમાં સંવેદના, માન અને પ્રેમ ન હોય તો ૩ લાખનો ફોન પણ નકામો છે અને જાફરાબાદી ભેંસ પણ નકામી છે! મોબાઇલ જોડે જોડે મોહ અને મમતા પણ જાળવી રાખીએ, તો જ આ નવી જનરેશન અને જૂની જનરેશન વચ્ચેનો મેળ પડી શકે. ■

**વિચારવાયુઃ** *ભેંસ આખો દિવસ પાણીમાં રહે તો પણ બહાર નીકળે એટલે તેનું રૂટિન ચાલુ
મોબાઇલ આખો દિવસ પાણીમાં રહે તો?*

## સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@
bombaysamachar.com

# 'લેડિઝ ફર્સ્ટ': કેવી રીતે ઉદ્ભવ્યો આ શિષ્ટાચાર?

### 'લેડિઝ ફર્સ્ટ' એ પુરુષ દ્વારા સ્ત્રીને માન આપવાની એક રીત છે. આ શિષ્ટાચાર પાછળ ઇટલીની દંતકથા કંઈક અલગ જ કહે છે




'લેડિઝ ફર્સ્ટ'આ બે શબ્દ સાંભળતાં જ આપણા મનમાં સ્ત્રી પ્રત્યે સન્માન, સૌજન્ય અને સંસ્કારની ભાવના ઊભી થાય છે. તેમના માટે કારના દરવાજા ખોલી દેવા, હોટેલમાં બેસવાની ચેર પાછળ ખસેડી તેમને બેસાડવી, પાણીમાં તેમને ઊંચકી લેવી, ઇત્યાદિ સૌજન્ય દાખવવું એ સમાજ જીવનમાં જોવા મળે છે. આ બધું જાણે સ્ત્રીદાક્ષિણ્યનું પ્રતીક છે, પરંતુ એ શું ખરેખર સ્ત્રીના સન્માનના અર્થમાં 'લેડિઝ ફર્સ્ટ' પરિકલ્પનાનો ઉદ્ભવ થયો કે પછી તે એવી સામાજિક માનસિકતાનું રૂપ છે જેમાં સ્ત્રીને સુરક્ષિત રાખવાના નામે તેને આગળ ધકેલીને પુરુષ પોતે પાછળ બચી શકે?

'લેડિઝ ફર્સ્ટ'ની ઉત્પત્તિ વિશે અનેક લોકકથાઓ અને દંતકથાઓ પ્રચલિત છે. ઇટાલિયન સંદર્ભ સાથે જોડાયેલી એક લોકપ્રિય કથા એવી છે કે પ્રેમી-પ્રેમિકા હતાં. તેમના પરિવારોને તેમનાં લગ્ન સ્વીકાર્ય નહોતાં. લગ્ન નહીં થઈ શકે તેવું લાગતાં, તેમણે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. તે બન્ને એક ઊંચા પર્વત પર ગયાં. છોકરાએ કહ્યું, કારા (પ્રિયતમે), હું તને મારી દૃષ્ટિ સામે મરતાં નહીં જોઈ શકું. આથી પહેલાં હું મરી જઈશ, પછી તું પણ કૂદકો મારી દેજે. પ્રેમિકાએ હા પાડી અને પ્રેમીએ તો કૂદકો મારી મૃત્યુને વ્હાલું કરી લીધું, પરંતુ પ્રેમીની આત્મહત્યાનું હૃદયદ્રાવક દૃશ્ય જોયા પછી પ્રેમિકાનું મન બદલાઈ ગયું. તે પર્વત પરથી નીચે ઊતરી ગઈ અને કહેવાની આવશ્યકતા નથી કે એણે બીજા પુરુષ સાથે લગ્ન કરી સુખી સંસાર માણ્યો. ત્યારથી ઉદ્ભવી 'લેડિઝ ફર્સ્ટ'ની કલ્પના, જેથી એ પાછળથી પોતાનો વિચાર બદલી ન દે!

બીજી દંતકથા એવી છે કે ઈ. સ. ૧૮૫૨માં યુકેનું સૈન્ય જહાજ 'એચએમએસ બર્કનહેડ' સૈન્યને લઈને જતું હતું ત્યારે તે એક ખડક સાથે અથડાયું અને ડૂબવા લાગ્યું. ત્યારે ક્રૂએ મહિલાઓ અને બાળકોને આગળ કરી દીધાં કારણ કે લાઇફબોટ મર્યાદિત સંખ્યામાં હતી. ઈ. સ. ૧૯૧૨માં ટાઇટેનિક ડૂબ્યા પછી આ 'લેડિઝ ફર્સ્ટ' વણલિખિત નિયમ બની ગયો.

જોકે મહાભારતની કથામાં શિખંડીનું ઉદાહરણ આ ચર્ચાને એક અલગ પરિમાણ આપે છે. ભીષ્મ સામે સીધું યુદ્ધ કરવું મુશ્કેલ હતું. શિખંડીને આગળ રાખીને અર્જુને ભીષ્મ પર બાણ વરસાવ્યાં, કારણ કે ભીષ્મ શિખંડી સામે શસ્ત્ર ઉઠાવવા તૈયાર નહોતા. અહીં 'સ્ત્રીને આગળ રાખવી'નો અર્થ સન્માન કરતાં વધુ, યુદ્ધની વ્યૂહરચના બની જાય છે એટલે સ્ત્રીની સામાજિક ઓળખને ક્યારેક તેની શક્તિ તરીકે નહીં, પરંતુ પુરુષના હિત માટે ઉપયોગમાં લઈ શકાય તેવી ઢાલ તરીકે પણ જોવામાં આવી છે.

આધુનિક રાજકારણમાં પણ આવું જોવા મળે છે. ગત ફેબ્રુઆરીમાં સંસદમાં વિપક્ષોનાં મહિલા સાંસદોએ વડા પ્રધાનની (તે સમયે ખાલી) બેઠકને ઘેરી લીધી હતી અને વડા પ્રધાનનું નિર્ધારિત પ્રવચન મોકૂફ રહ્યું હતું. મહિલા પાસે આક્ષેપો કરાવીને રાજકારણ રમવું એ આજની રાજનીતિનો મહત્ત્વનો હિસ્સો છે. મહિલા દ્વારા આક્ષેપો થાય ત્યારે પણ ઉત્તર આપવામાં મહિલાને જ આગળ કરવામાં આવે છે.

કેટલાંક મુસ્લિમ આંદોલનો અને વિરોધ પ્રદર્શનોમાં મહિલાઓની આગળની ભૂમિકા અંગે પણ આવી ચર્ચા થઈ છે. દિલ્હીના શાહીન બાગમાં સીએએ સામે મુસ્લિમ મહિલાઓનાં ધરણાં તેનું જાણીતું ઉદાહરણ બન્યું. અહીં સ્ત્રીઓએ આગેવાની કરી હતી કે મુસ્લિમ પુરુષો દ્વારા તેમનો એક ઢાલ અથવા શસ્ત્ર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સાથે-સાથે એ પણ પ્રશ્ન જાગે કે શું કોઈ આંદોલનમાં મહિલાઓને માત્ર એટલા માટે પણ આગળ રાખવામાં આવે છે કે જેથી તેમની સામે કડક કાર્યવાહી કરવી સત્તાવાળા માટે મુશ્કેલ બને?

કેમ્બ્રિજ યુનિવર્સિટીનાં જેન્ડર હિસ્ટોરિયન ડૉ. લ્યુસી ડીલેપે ટાઇટેનિકની પ્રચલિત કથાના સામાજિક-રાજકીય અર્થ તરફ પણ ધ્યાન દોર્યું છે. ટાઇટેનિકમાં 'મહિલાઓ પ્રથમ'ની વાતને બ્રિટિશ સમાજમાં પુરુષોના શૌર્ય અને સ્ત્રીઓ પ્રત્યેના રક્ષણાત્મક વલણના ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવી. આ પ્રકારની કથાઓનો એક રાજકીય અર્થ એવો પણ કાઢવામાં આવ્યો કે જો પુરુષો પોતાનો જીવ જોખમમાં મૂકીને સ્ત્રીઓના હિતને પોતાના હિત કરતાં આગળ રાખે છે તો સ્ત્રીઓને મતાધિકાર જેવી રાજકીય સત્તાની જરૂર શું છે? એટલે 'પુરુષો સ્ત્રીઓનું રક્ષણ કરે છે' એ દલીલ ક્યારેક 'સ્ત્રીઓને પોતાના અધિકારો માટે સત્તા મેળવવાની જરૂર નથી' એવી દલીલમાં પરિવર્તિત થઈ શકે છે.

લેડિઝ ફર્સ્ટની અવધારણા સ્ત્રી દાક્ષિણ્યની છે કે સ્ત્રીને અબળા બનાવીને રાખવાની તે ખૂબ જ ચર્ચાસ્પદ બાબત છે.

ઘણી ફેમિનિસ્ટ મહિલાઓએ 'લેડિઝ ફર્સ્ટ'ના વિચારનો વિરોધ કર્યો છે. બહુ શરૂઆતની ફેમિનિસ્ટ ગણાતી મેરી વોલ્સટનક્રાફ્ટે લખ્યું છે કે મહિલાઓ સાથે ખૂબ જ છિછરા શિષ્ટાચાર સાથે વર્તવું તે તેમને તુચ્છ અને રાજકીય રીતે નબળી રાખવાનો એક માર્ગ છે. અમેરિકાની જાણીતી સામાજિક માનસશાસ્ત્રી (સોશ્યલ સાઇકૉલૉજિસ્ટ) સુઝાન ફિસ્કેએ એક સંશોધન પત્રમાં લખ્યું છે કે મહિલાઓ માટે દરવાજા ખોલી દેવા કે તેમને માત્ર તેમના જેન્ડરના આધારે પ્રાથમિકતા આપવી એ લૈંગિક અસમાનતા જાળવી રાખવા માટેની એક સૂક્ષ્મ કાર્યપદ્ધતિ જ છે. અમેરિકાની ધારાવિદ કર્ટની ફ્રેઝરનો મત એવો જ છે. તે કહે છે કે લેડિઝ ફર્સ્ટ સ્ત્રીને પુરુષ દ્વારા રક્ષિત તરીકે જોવાનું સમાજને શીખવાડે છે, તેમાં એક નુકસાનકારક જેન્ડર બાઇનરી-લૈંગિક જોડી છે. ■

# AI આપણને ખરેખર સમજે છે કે સમજ્યાનો અહેસાસ કરાવે છે?


ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

આજે AIને તમે કંઈ પણ પૂછો, જવાબ મળી જાય છે. ક્યારેક તો એવો જવાબ મળે કે લાગે, આ મારી વાત ખરેખર સમજી ગયો છે. તમે લખો કે આજે ઑફિસમાં બહુ ખરાબ દિવસ ગયો, તો સામેનો જવાબ માત્ર આવું થાય છે કહીને અટકતો નથી. એ પૂછે કે શું થયું, તમને થોડો આરામ કરવાની સલાહ આપે, વાત કરવી હોય તો સાંભળવાની તૈયારી બતાવે. અહીંથી એક રસપ્રદ સવાલ ઊભો થાય છે કે AI ખરેખર આપણને સમજે છે કે સમજ્યાનો અહેસાસ કરાવે છે?

માનો તમે તમારા મિત્રને ફોન કરો અને કહો, આજે મૂડ બહુ ખરાબ છે. મિત્ર તમને ઓળખે છે. કદાચ એ સમજી જાય કે આજે તમને સલાહની જરૂર નથી, માત્ર વાત કરવાની જરૂર છે. એ તમને કહે, ચાલ, પહેલા ચા પી, પછી શાંતિથી વાતો કરીએ. આ વાત તમને સ્પર્શી જાય છે, કારણ કે મિત્રે આવા દિવસ જોયા છે, તમારી સાથે સમય વિતાવ્યો છે અને તમારા સ્વભાવને ઓળખે છે. AI એ આ રીતે અનુભવ માણ્યો નથી. છતાં એ એવી જ ભાષા શોધી શકે છે, કારણ કે તેણે લાખો માણસોની વાતચીતમાંથી ભાષાના અસંખ્ય નમૂનાઓ શીખ્યા છે.

આ જ વાત કૉગ્નિટિવ ઇમોશન જેવા શબ્દોમાં કહેવામાં આવે છે. સરળ ભાષામાં કહીએ તો સામેની વ્યક્તિ શું કહે છે એટલું જ નહીં, એ કઈ સ્થિતિમાં કહે છે એ સમજવાનો પ્રયાસ. કોઈ વિદ્યાર્થી લખે, મને પરીક્ષામાં ઓછા માર્ક્સ આવ્યા, તો એને તરત વધારે મહેનત કર કહેવું સહેલું છે. પરંતુ કદાચ એ વિદ્યાર્થી પહેલેથી જ દુઃખી છે. એને પહેલાં કોઈ કહે કે ચાલ, ક્યાં ભૂલ થઈ એ જોઈએ, તો વાત આગળ વધી શકે. AI આવા સંદર્ભને પકડવામાં હોશિયાર બનતો જાય છે.



પણ અહીં એક નાનો ફરક છે. AIને તમારા ઓછા માર્ક્સનું દુઃખ થતું નથી. એને પરીક્ષામાં ઓછા માર્ક્સ મળ્યા નથી. એ ફક્ત સમજે છે કે આવી સ્થિતિમાં માણસ સામાન્ય રીતે શું અનુભવે છે અને કેવી ભાષા ઉપયોગી બની શકે.

એટલે AIને સારો સંવાદી બનાવવા માટે એને માણસની ભાષા અને લાગણીઓના સંકેતો સમજવા-શીખવવા જરૂરી છે, પરંતુ એની મર્યાદા પણ સમજવી જરૂરી છે. માનો તમે AIને લખો, મારા મિત્ર સાથે ઝઘડો થયો. એ તમને દસ સુંદર વાક્યો લખી આપશે, પરંતુ તમારો મિત્ર સામે બેસીને જે રીતે ચૂપ રહે છે, આંખમાં જુએ છે. અડધા કલાક પછી અચાનક કહેશે, ચાલ, ભૂલી જઈએ આ અનુભવ મશીન માટે અલગ છે.

આનો અર્થ એવો નથી કે AIની હૂંફ નકલી છે એટલે એની કોઈ કિંમત નથી. કોઈ માણસ રાત્રે એકલો બેઠો હોય અને પોતાની વાત ગોઠવવા માટે AI સાથે વાત કરીને એને થોડું હળવું લાગે તો એ અનુભવ સાચો છે. જવાબ આપનાર મશીનને લાગણી થઈ કે નહીં એ એક અલગ સવાલ છે; જવાબ વાંચીને માણસને શું લાગ્યું એ આપણા માટે માનવીય ઘટના છે.

AIને વધુ સંવેદનશીલ બનાવવાની સાથે સુરક્ષાની મર્યાદા પણ જરૂરી છે. કોઈ વ્યક્તિ ગુસ્સામાં હોય ત્યારે AI એને વધુ ઉશ્કેરે નહીં, કોઈ દુઃખી વ્યક્તિને ખોટી ખાતરી ન આપે અને કોઈ નાજુક સ્થિતિમાં ખતરનાક સલાહ ન આપે જેવાં નિયંત્રણ જરૂરી છે. પરંતુ એટલા ડરથી AIને એવું પણ ન બનાવી દઈએ કે દરેક સવાલનો જવાબ સરકારી નોટિસ જેવો લાગે. આપણે AI પાસે કદાચ માણસ બનવાની અપેક્ષા રાખતા નથી. આપણને એટલું જોઈએ છે કે તે માણસ સાથે માણસ જેવી સંવેદનશીલ ભાષામાં વાત કરી શકે.

જેમ કે તમે કહો, આજે બહુ થાકી ગયો છું. એક મશીન કહી શકે, આરામ કરો. થોડું સારું AI કદાચ કહેશે આજે બહુ કામ હતું? આ બંને જવાબમાં શબ્દો થોડા જ છે, પણ બીજા જવાબમાં વાત આગળ વધવાની જગ્યા છે. કદાચ AIનું ભવિષ્ય માહિતી વધારવામાં નથી, કારણ કે માહિતી તો આમ પણ વધવાની છે. માણસની વાત ક્યારે જવાબ માગે છે અને ક્યારે માત્ર સાંભળનાર મંગે છે આ તફાવત સમજવામાં AIનું ભવિષ્ય છે.

હા, AI આપણને સમજ્યાનો અહેસાસ કરાવી શકે છે; આપણું જીવન જીવી શકતું નથી. તમારા મિત્ર સાથેની ચા, પિતાની ચિંતા, માતાની રાહ, કોઈ જૂના ગીતથી આવતી યાદ AI વર્ણવી શકે છે, પરંતુ એ જીવન એનું નથી. AI જેટલું માનવીય બનશે, આપણે માનવી અને મશીન વચ્ચેનો નાનો ફરક યાદ રાખવો પડશે. મશીન લાગણીની ભાષા શીખી શકે છે, પણ લાગણીનું જીવન માણસનું જ રહેવાનું છે. ■

**ધ એન્ડ**

*એક નાનકડી નદી તેના મૂળમાંથી નીડર બનીને નીકળે છે, તેને એટલી જ ખબર છે કે અહીં રોકાવા કરતાં નીકળવું જરૂરી છે. (અજ્ઞાત)*

# એપાર્ટમેન્ટના ત્રણ પ્રયોગ...


સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

શહેરીકરણની પ્રક્રિયામાં એપાર્ટમેન્ટની માગ વધતી જાય તે સ્વાભાવિક છે. સમગ્રતામાં જોતાં જણાશે કે એપાર્ટમેન્ટની રચનામાં વિવિધતાનો અભાવ હોય છે, આવાસને પોતાની ઓળખ મળતી નથી હોતી, બધી જ વસ્તુ જાણે ચીલાચાલુ હોય છે. હવે તો એવી પરિસ્થિતિ થઈ ગઈ છે કે સામાન્ય માનવી એમ વિચારી શકતો જ નથી કે એપાર્ટમેન્ટમાં પણ કંઈક નવીનતા હોઈ શકે, જે એપાર્ટમેન્ટમાં રહેવા જાય તે એ વાત સ્વીકારી જ લે કે આમાં વ્યક્તિગતતાનો સદંતર અભાવ હશે. આ એક કડવી વાસ્તવિકતા છે, વિશ્વના મોટાભાગના સ્થપતિઓએ આ પ્રશ્નને ગંભીરતાથી લીધો નથી. મોટા સ્ટેડિયમ અને મોલ બનાવાય છે, પરંતુ એપાર્ટમેન્ટ માટે તેટલું ચિંતન કરાતું નથી. સ્થાપત્યની આ એક નિષ્ફળતા છે.

એપાર્ટમેન્ટ કેવાં હોઈ શકે તેની માટે વિશ્વભરમાં જે પ્રયોગો થયાં છે તેમાં ત્રણ પ્રયોગ ખાસ ચર્ચામાં રહ્યા છે. એક કૅનેડાના મોન્ટ્રિયલનું સ્થપતિ મોસે સાફદીનું 'હેબિટાટ ૬૭', બીજું સ્પેનના બાર્સિલોનાનું સ્થપતિ લી કાર્બોઝિયરનું 'યુનાઇટેડ હેબિટાટ' અને ત્રીજું ભારતના મુંબઈનું સ્થપતિ ચાર્લ્સ કોરિયાનું 'કંચનજંગા'.

આમાંનું હેબિટાટ ૬૭ એ ઘનાકાર આવાસ ઘટકોને જુદા જુદા પ્રકારે એકબીજા પર ગોઠવી બનાવાયેલ નિયમબદ્ધ ઢગલાં જેવું છે. અહીં જુદા જુદા માપનાં આવાસના ચોસલાઓને એકબીજા સાથે એ રીતે ગોઠવવામાં આવ્યા છે કે જાણે દરેક આવાસને પોતાની ઓળખ મળે, દરેક આવાસમાં ગોપનીયતા જુદી જુદી રીતે પ્રાપ્ત થઈ શકે. એમ કહી શકાય કે અહીં એક જ વાત બે વાર ક્યારેય સ્થાપિત નથી થતી, દરેક વખતે જુદી ગોઠવણ અને જુદું પરિણામ. વ્યક્તિગતાની દૃષ્ટિએ અહીં દરેક આવાસને આગવું મહત્ત્વ મળે છે. અહીં એકધારાપણાનો સંપૂર્ણ અભાવ છે.







હેબિટાટ ૬૭નાં બધાં આવાસને અંગત બાલ્કની કે અગાસી મળે છે જે, મોન્ટ્રિયલ જેવાં શહેર માટે ઉલ્લેખનીય ઘટના ગણાય. આ બધાં આવાસ નાનાં હોવાં છતાં તે જરૂરિયાત મુજબનાં છે. હેબિટાટ ૬૭માં પ્રશ્ન એ છે કે આ રચના ખૂબ જટિલ છે અને તેથી તેની કિંમત બહુ વધી જાય છે. આ પ્રકારની રચના મધ્યમ વર્ગના માનવીને ન પરવડે. હકીકત તો એ છે કે આ પ્રકારની રચના ધનિકને પણ ન પરવડે. અહીં માળખાકીય બંધારણની કિંમત ખૂબ વધી જાય છે. સામાન્ય રીતે એપાર્ટમેન્ટમાં હોય છે તેમ, જ્યારે એક આવાસ પર બીજું આવાસ હોય ત્યારે તે રચના માળખાકીય દૃષ્ટિએ કિફાયતી બંને. અહીં તેનાથી સાવ જ વિપરીત પરિસ્થિતિ છે. તે સાથે અહીં મૂળભૂત સંરચનાની જટિલતા પણ વધુ રહે છે અને આવનજાવનના માર્ગમાં પણ જરૂરી સ્પષ્ટતાનો અભાવ રહ્યો છે. કન્સેપ્ટ તરીકે આ એક પ્રશંસનીય રચના છે, પરંતુ તેના વિગતિકરણમાં વધુ ઊંડા ઉતારવાની જરૂર છે.

યુનાઇટેડ હેબિટાટ પણ એક રસપ્રદ રચના છે. આ એપાર્ટમેન્ટ વિશાલ ચોસલા જેવું છે. આ એપાર્ટમેન્ટની સૌથી આગવી ખાસિયત એ છે કે અહીંના દરેક આવાસ ઊંચાઈમાં પરસ્પર એકબીજામાં ગોઠવાઈ ગયાં છે. એમ કહી શકાય કે પહેલો અને ત્રીજો માળ એપાર્ટમેન્ટની સામે સામેની દીવાલો સુધી સળંગ જાય અને વચ્ચેનો માળ ઉપર-નીચેના માળ સાથે અડધો અડધો વહેંચાઈ જાય. આ વચ્ચેના માળ સાથે જ આવનજાવન માટેનો કોરીડોર સંકળાય છે. સ્થાપત્યમાં આ એક સાવ જ ભિન્ન પ્રકારનો નવો જ પ્રયોગ હતો. તે વખતે વિશ્વમાં જે આધુનિકતાનો પવન વહેતો હતો તેમાં આ રચના સ્વીકૃત બની ગઈ. જો કે સમય જતાં તેમાં રહેલાં મૂળભૂત પ્રશ્નોને કારણે તેની અસ્વિકૃતિ ઝડપથી સ્થાપિત થતી ગઈ. કોઈપણ વસ્તુ જ્યારે પવનમાં વહે ત્યારે જરૂરી નથી કે તેણે સાચી દિશા પકડી હોય.

બાર્સિલોનાના આ યુનાઇટેડ હેબિટાટમાં આવાસને એક રહેવા માટેના મશીન તરીકે લેવાયું છે, પ્રશ્નોની શરૂઆત અહીંથી થાય છે. ઓછામાં ઓછી પહોળાઈ વાળા એપાર્ટમેન્ટ – આવાસમાં જેની ગણના થાય છે તેવાં આ આવાસની લંબાઈ પ્રમાણમાં વધારે હોવાથી તે ક્યાંક ટ્યૂબ જેવું લાગે છે. આ એપાર્ટમેન્ટની રચના અહીં રહીશોના અભિપ્રાય મુજબ જેલ જેવી છે. સ્થપતિએ પોતાનાં વિચારોમાં ક્યાંક અતિશયોક્તિ કરી નાખી હોય તેમ લાગે છે. નાનું મશીન જેવું છતાં દ્વિસ્તરીય બનાવવામાં માનવીય સંવેદનાઓ ક્યાંક વિસરાઈ ગઈ હોય તેમ ઘણાં માને છે. વિશ્વના એક મહાન સ્થપતિ દ્વારા બનાવેલ હોવા છતાં આ એપાર્ટમેન્ટનો પ્રયોગ લગભગ નિષ્ફળ ગણાય છે. અહીં ૮૦ પ્રતિશત જેટલાં આવાસ તો ખાલી છે. છતાં પણ સ્થાપત્યના ઇતિહાસમાં તેને સ્થાન છે કારણ કે આ એપાર્ટમેન્ટ થકી એપાર્ટમેન્ટની સ્થાપિત ધારણાં સામે એક નવી શૈલી અસ્તિત્વમાં આવી.


આ બધાં સામે મુંબઈના કંચનજંગા એપાર્ટમેન્ટમાં જે પ્રકારે પ્રત્યેક આવાસમાં વિવિધતા છે, આબોહવા અને બહારની પરિસ્થિતિ સાથે જે રીતે સંવાદ સ્થાપિત થાય છે, પ્રવર્તમાન જીવનશૈલીને સંપૂર્ણતામાં સ્વીકારીને જે રીતે સ્થાન નિર્ધારણ થયું છે, વિવિધતા સાથે જે રીતે ઐક્ય સ્થાપિત થાય છે, જટિલ રચનાનું જે રીતે સરળતામાં રૂપાંતર થયું છે, કોઈપણ અસંદર્ભિક તેમ જ અનિચ્છિત બાબત બળજબરીથી સ્થાપિત કરવાનો પ્રયત્ન નથી થયો – આ અને આવી બાબતોને કારણે, વિશ્વમાં એપાર્ટમેન્ટની રચના માટે થયેલ બધાં જ પ્રયોગોમાં આ કદાચ સૌથી વધુ સફળ, સૌથી વધુ સ્વીકૃત તથા સૌથી વધુ અસરકારક પ્રયોગ છે. સ્વતંત્ર ભારતના સ્થાપત્ય ક્ષેત્રનું આ ગૌરવ છે. આઝાદ ભારતના એક સ્થપતિની આ સિદ્ધિ છે.

આ ત્રણેય પ્રયોગોની કેટલીક ખાસિયત છે અને કેટલીક મર્યાદાઓ પણ છે. આવું તો થવાનું જ, જે કંઈ ખાસિયતો છે તેને આગળ વધારવી પડે અને જે કંઈ મર્યાદાઓ છે તેનો ઉકેલ લાવવો પડે. આ સંદર્ભમાં પણ ભારતનું કંચનજંગા આગવી છાપ છોડે છે. ■

# ગમે તેટલી વાર જાઓ, એક નવો જ ચહેરો બતાવતું લુસર્ન...

અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com





એનઆરઆઇનો દેશપ્રેમ તો આપણે ત્યાં મજાથી ચર્ચાય છે. તેમાં પણ અમેરિકામાં વસેલી ફર્સ્ટ જનરેશન ઇન્ડિયન કૉમ્યુનિટીની ઇમેજ પર જ મોટાભાગના બાકીના એનઆરઆઇને જજ કરવામાં આવે છે. એમાં વળી આજ કાલ બહાર વસેલા કે ફરવા ગયેલા ભારતીયો કોઈ ને કોઈ કારણસર ભારતમાં કે બહાર વિયેનામાં રસ્તા વચ્ચે ગરબા ગાવા માટે અને એફિલ ટાવર પરથી સ્ત્રીઓને દૂર રાખવાની વાતો માટે ચર્ચાએ ચઢ્યા કરે છે. દુનિયાભરમાં આજકાલ પોતાના કરતાં અલગ કલ્ચરલની સ્વીકૃતિ જરા અઘરી બની ગઈ હોય તેવું લાગે છે. ટ્રાવેલ કરો તો પણ અને ન કરો તો પણ કોઈ ને કોઈ જજમેન્ટના ભોગ તો બનવાનું જ હોય છે.

એવામાં મન કરે ત્યાં નીકળી જવાનો મેળ પડતો હોય તો તે તક કોઈ જજમેન્ટની ચિંતા વિના ઝડપી લેવી, એવું અલગ અલગ રીતે ઇન્સ્ટા રીલ્સ પર અને યુટ્યૂબ શોર્ટ્સ પર જોવા મળ્યા કરે છે. જે પણ ચર્ચા કરતા હો, કે સર્ચ કરી હોય, તેની અસર અલગોરિધમ પર પણ દેખાવા લાગે છે. ખરેખર ઇન્ટરનેટ પર કોઈ એડ જોઈને ઇચ્છાઓ થતી હતી કે એટલે એડ્સ આવતી હતી તે પણ સમજાતું નહોતું. એવામાં ગઈ ઓટમમાં સ્વિસ ડેસ્ટિનેશન્સની જાહેરાતો સોશ્યલ મીડિયા પર દેખાવા લાગી હતી. દિવાળી પાર્ટી દિવાળીના દિવસે થઈ ચૂકી હતી. મમ્મી અને પપ્પા સાથે હતાં. ચારેય ઘરે બેસીને ગુજરાતી નવું વર્ષ ફોન પર વિતાવવાના બદલે લાંબું વીકેન્ડ પ્લાન કરીને ગાડીમાં સામાન ભરીને અમે લુસર્ન તરફ નીકળી પડ્યાં.

સેન્ડવિચ બ્રેક અને કોફી હોલ્ટ સાથે સાડા ત્રણ કલાકમાં લુસર્નનું પાર્કિંગ આવી ગયું. આ પહેલાં ઓફિસના કામથી અને ફરવા માટે લુસર્ન ઘણી વાર જવાનું થયું છે. અમારું મૂળ ટારગેટ તો ઝેરમાટ તરફ જવાનું હતું અને પેરેન્ટ્સ સાથે ઇન્ટરલાકેનમાં યશ ચોપડાના સ્ટેચ્યૂ પાસે ફિલ્મી મજા કરવાનું પણ હતું જ, પણ પહેલો ફુલ બ્રેક લુસર્નમાં બે-ત્રણ કલાક વિતાવી, ત્યાંની વાઈબ એન્જોય કરવાનો હતો. લુસર્નમાં રોકાઈને પિલાયુસ જવાનો કોઈ મતલબ ન હતો, ઝેરમાટ પણ દેખાશે કે નહીં તેની કોઈ ખાતરી ન હતી, પણ સિઝન ગમે તે હોય, સ્વિત્ઝરલેન્ડના પહાડો અને કડક હવામાં જાણે પ્લાનને ઉત્સાહની પાછળ ફરવું પડતું હતું.

લુસર્નની લાલ જીરેનિયમ ફૂલોથી લદાયેલી ખ્યાતનામ બાલ્કની જોયા વિના તો ત્યાંથી પાછું નીકળાય જ નહીં. અમે તે બાલ્કની તરફ ચાલવાનું શરૂ કર્યું અને રસ્તામાં માત્ર નાનકડી ગલીઓ અને બીજા બ્રિજ વટાવતાં શેકેલાં ચેસ્ટનટ્સના ઠેલાના હળવા ધુમાડા વચ્ચે તે સમયે કોઈ ટૂરિસ્ટ સિઝન ન હોવાં છતાંય ગામ ટૂરિસ્ટથી ભરેલું હતું. ઘણાં સ્થળોએ લોકો ગરમાગરમ ફોન્ડ્યુ દબાવવા બેઠાં હતાં. આસપાસમાં માઉન્ટ પિલાટુસ જ નહીં માઉન્ટ રિગિ પણ છે, અને પિલાટુસ તો શહેરમાં ઘણા ખૂણેથી દેખાય પણ છે. બાકી ઘણી ખ્યાતનામ સ્વિસ પહાડની ટોચ જોવા માટે હાઇક કરીને ખાસ જગ્યાઓએ જવું પડે, પણ રેલવે સ્ટેશન હોય કે સિટી સેન્ટર, પિલાટુસ બિલકુલ સ્ટ્રગલ કર્યા વિના લોકોને પોતાના વ્યૂની મજા કરાવી દેતો હતો.

ચેપલ બ્રિજની બહાર ફોટા પડાવવા માટે લાઈન હતી. અંદરથી પસાર થવામાં પણ શાંતિથી લોકોની ભીડ વચ્ચેથી જ નીકળવું પડતું હતું અને લોકો ખાસ આ બ્રિજ માટે જ લુસર્ન આવતાં હોય તો પણ નવાઈ નહીં. છેક ૧૩૦૦ની સાલથી આ લાકડાનો કવર્ડ બ્રિજ અહીં હાજર છે. તે આ પ્રકારનો યુરોપનો સૌથી જૂનો બ્રિજ તો છે જ, અમે તો ત્યાં આ બ્રિજને કેટલી બોલિવૂડ ફિલ્મોમાં જોયો છે તે યાદ કરવાનો પણ આનંદ લઈ લીધો હતો. ભારતનાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ જો ઓલરેડી સ્વિત્ઝરલેન્ડ ન જઈ શક્યાં હોય તો આ દેશ તેમના લિસ્ટ પર તો હોવાનો જ. વળી લુસર્નનાં કોમર્શિયલ બિલ્ડિંગ્સ એક્સપેન્સિવ વોચ કંપનીઓનાં ડિસ્પ્લેથી ભરેલાં હતાં.

શહેરનો પેનોરમા જોવા માટે ત્યાંના ૯માંથી એક ટાવર પર તો ચઢી જ આવવું. આ એવું ગામ છે જ્યાં અડધો દિવસ હોય તો પણ મજા થઈ શકે અને એક મહિનો હોય તો પણ. ખરું જોવા જાઓ તો દરેક ગામમાં એ શક્ય છે, બસ તમને પ્રાયોરિટાઇઝ કરતાં આવડવું જોઈએ. એમાંય સ્વિત્ઝરલેન્ડમાં કોણ જાણે કેમ ગામનું સેન્ટર અને મધ્યયુગીન કિલ્લાઓ ભલે હોય, સૌથી વધુ મજા તો રોડ સાઇડ પર કોઈ નદી કિનારે પહાડોની આઉટલાઈન જોવામાં જ આવતી હોય છે. ધીમે ધીમે સાઇટ્સનું લિસ્ટ જાણે અમારા પ્રવાસમાંથી ગાયબ થઈ રહ્યું હોય તેવું લાગતું હતું. ઘણાં સ્થળોએ ફરી ફરીને જવા મળે છે અને ફોકસ હંમેશાં ત્યાંથી કયો નવો અનુભવ મેળવી શકાય તેમ છે એ વાત પર રહે છે. લુસર્નમાં આ પહેલાં અમે રિવર ક્રૂઝ લઈ ચૂક્યાં હતાં. ફૂડ ટૂર પણ કરી હતી. આ વખતે વોકિંગ ટૂરનો મૂડ હતો. અને જોતજોતામાં એક ગાઇડેડ ટૂર સાથે સિટી સેન્ટર જાણે અમારા માટે વધુ જીવંત બની ગયું હતું.





આ વખતે અમે ખાસ ગ્લેસિયર ગાર્ડન જવાનાં હતાં. બ્રિજથી બીજી ૧૫ મિનિટની લટાર અમને આ આ જિયોલોજિકલ પાર્કમાં લઈ આવી. અહીં છેક ૨૦,૦૦૦ વર્ષ પહેલાંનાં આઇસ-એજ દરમ્યાન પડેલા ડીપ ખાડા જોઈને અચાનક જ માનવજાતના અસ્તિત્વને લગતા પ્રશ્નો થવા લાગ્યા. આ રોક ગાર્ડનમાં ૧૮૨૦માં એક સ્થાનિક આર્ટિસ્ટે સિંહનું અત્યંત કરુણ સ્કલ્પચર બનાવ્યું હતું. સ્વિત્ઝરલેન્ડના ઘણા ચહેરા છે, તેમાંનો એક થાકેલો પથ્થરનો સિંહ પણ છે. લુર્સનમાં ચાલતાં ચાલતાં સાંજ ક્યાં પડી ગઈ ખબર જ ન પડી. એક નવા સ્વિસ એડવેન્ચરની શરૂઆત થઈ ચૂકી હતી. ■

# જંક ફૂડના પેકેટ પરના લેબલ અંગે ફૂડ ઑથોરિટી પાસે સ્પષ્ટતા માગતી સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે વધુ નમક, ખાંડ અને ચરબી (ફૅટ)વાળા જંક ફૂડના પેકેટ પર સ્પષ્ટ ચેતવણી લખેલા લેબલ લગાવવાની યોજના અંગે ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી (એફએસએસએઆઇ) પાસે શુક્રવારે સ્પષ્ટતા માગી હતી.

ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટીએ જંક ફૂડના પેકેટ પર ચેતવણી આપતા 'ફ્રંટ-ઑફ-પેકેજ લેબલિંગ' ફરજિયાત બનાવવાની યોજના ધરાવતી હોવાનો અગાઉ દાવો કર્યો હતો.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બૅન્ચે ગુરુવારે કેન્દ્રને સવાલ કર્યો હતો કે બાળકો અપૌષ્ટિક ખોરાક વધુ ખાતા હોવાથી તમે શાળાઓમાં આવા જંક ફૂડ સામે જાગૃતિ લાવવાની કેવી યોજના ધરાવો છો?

સર્વોચ્ચ અદાલતે ગુરુવારે મોડી રાતે પોતાનો સંબંધિત આદેશ વૅબસાઇટ પર અપલૉડ કર્યો હતો. આ કેસની વધુ સુનાવણી ૨૮ સપ્ટેમ્બર પર રખાઇ હતી. અગાઉ, 'થ્રીએસ ઍન્ડ અવર હૅલ્થ સોસાયટી' નામના પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટે કરેલી અરજીમાં જંક ફૂડ એટલે કે અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ અથવા ખાંડ, નમક અને ચરબીનું વધુ પ્રમાણ ધરાવતા ફૂડના પૅકેટ પર ચેતવણી સ્પષ્ટ શબ્દોમાં લખવાનું ફરજિયાત બનાવવા કેન્દ્રને આદેશ આપવા સર્વોચ્ચ અદાલતને વિનંતિ કરી હતી.

ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટીએ અગાઉ સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે જે જંક ફૂડમાં વધુ ખાંડ, નમક અને ચરબી હોય, તેના પેકેટ પર લાલ રંગથી ચેતવણી આપતું લેબલ લગાવવાનું ફરજિયાત બનાવવાની યોજના છે.

ફૂડ ઑથોરિટીએ આ સંબંધમાં સોગંદનામું પણ નોંધાવ્યું હતું, જેમાં જણાવાયું હતું કે અમે આ યોજનાના અમલ માટે ફૂડ ઇન્ડસ્ટ્રીને તૈયારી કરવા પૂરતો સમય આપવા માગીએ છીએ.

તેણે જણાવ્યું હતું કે અમે આ યોજનાનો અમલ બે તબક્કામાં કરીશું. પહેલા તબક્કામાં નમક, ખાંડ અને ચરબીમાંથી કોઇ બેનું પ્રમાણ જે ફૂડમાં વધારે હોય, તેના પેકેટ પર જોખમની સૂચના લખવાનું ફરજિયાત બનાવીશું. બીજા તબક્કામાં આ ત્રણમાંથી કોઇ પણ એકની માત્રા વધુ હોય, તો તેની ચેતવણી પેકેટ પર લખવાનું ફરજિયાત બનાવીશું. આ યોજના વધુ ગળ્યા પીણાં માટે પણ લાગુ પાડીશું. (એજન્સી)■

# ભારત સાથેના મતભેદો યોગ્ય રીતે હાથ ધરવા જોઈએ: ચીન

બેઇજિંગ: બ્રિક્સ સમિટ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથેની પ્રમુખ શી જિનપિંગની દ્વિપક્ષી મંત્રણા પહેલાં ચીને શુક્રવારે કહ્યું હતું કે બંને દેશોએ મતભેદોને યોગ્ય રીતે હાથ ધરવા જોઈએ તથા સંબંધોને વ્યૂહાત્મક અને લાંબા ગાળાના દૃષ્ટિકોણથી જોવા જોઈએ.

જિનપિંગ શનિવારે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે આવશે, જે લગભગ સાત વર્ષમાં ભારતની આ તેમની પ્રથમ મુલાકાત હશે. સમિટ દરમિયાન શનિવારે વડાપ્રધાન મોદી સાથે તેમની દ્વિપક્ષી બેઠક યોજાવાની છે. મોદી-જિનપિંગ મુલાકાત અંગે ચીનનો અભિપ્રાય પૂછવામાં આવતા, ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું હતું કે કઝાન અને ટિયાનજિનમાં થયેલી બેઠકો બાદ બંને નેતા સતત ત્રીજા વર્ષે મળી રહ્યા છે.

માઓએ કહ્યું કે ચીન બંને નેતાના વ્યૂહાત્મક માર્ગદર્શન પર અમલ કરવા, વ્યૂહાત્મક ઊંચાઈ અને લાંબા ગાળાના દૃષ્ટિકોણથી દ્વિપક્ષી સંબંધોને સંભાળવા, સંવાદ વધારવા અને મતભેદોને યોગ્ય રીતે ઉકેલવા માટે સહયોગ વધારવા તથા સારા પાડોશી અને પરસ્પર મદદરૂપ ભાગીદાર તરીકે સાથે મળીને કામ કરશે.

જિનપિંગની મુલાકાત એક ઉચ્ચ-સ્તરીય રાજદ્વારી ઘટના બની રહેશે તેવી અપેક્ષા છે, જેની અસર બે એશિયાઇ શક્તિઓ વચ્ચેના દ્વિપક્ષી સંબંધોને સ્થિર કરવાના ચાલુ પ્રયાસો તેમજ અસ્થિર વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે બ્રિક્સ સહયોગ પર પડશે. ભારત ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં ૧૮મી બ્રિક્સ સમિટનું આયોજન કરશે. જિનપિંગ છેલ્લે ૨૦૧૯માં ચેન્નાઈ નજીક મામલ્લાપુરમ ખાતે મોદી સાથેની અનૌપચારિક સમિટ માટે ભારત આવ્યા હતા. અગાઉ ૨૦૧૬માં બ્રિક્સ સમિટમાં ભાગ લેવા ગોવા આવ્યા હતા અને સપ્ટેમ્બર ૨૦૧૪માં ભારતની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન તેમણે મોદી સાથે વિસ્તૃત વાતચીત કરી હતી.

જિનપિંગની આગામી મુલાકાત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે ૨૦૨૦માં ગલવાનમાં સર્જાયેલા તણાવ બાદ લાંબા સમય સુધી સંબંધો સ્થગિત રહ્યા પછી, ભારત અને ચીન દ્વારા સંબંધોને સામાન્ય બનાવવાની ચાલી રહેલી કવાયત વચ્ચે થઈ રહી છે. ■



**શ્રદ્ધાંજલિ:** ૯-૧૧ આતંકવાદી હુમલાની પચીસમી વરસીએ શહીદોના સ્મારક પાસે ઊભા રહીને શ્રદ્ધાંજલિ આપી રહેલા અમેરિકાના વાણિજ્ય પ્રધાન હાવર્ડ લુટનિક. (એજન્સી)

# લદાખમાં હવે કેન્દ્રના નક્કર પ્રસ્તાવ પર નજર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ: લદાખના રાજકીય અને સામાજિક સંગઠનો તેમ જ કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ વચ્ચે તાજેતરમાં જ થયેલી બેઠક બાદ આ વિસ્તારનો માહોલ ફરી આશા અને અસંતોષ વચ્ચે ઝૂલતો નજરે પડી રહ્યો છે.

નવ અને દસ સપ્ટેમ્બરે દિલ્હીમાં યોજાયેલી બેઠક બાદ કેન્દ્ર સરકાર તરફથી લદાખથી સીધા ચૂંટાયેલા પ્રતિનિધિઓને ભૂમિ, સંસ્કૃતિ, ભાષા, વન, પર્યાવરણ અને કુદરતી સંસાધનો જેવી બાબતો અંગેના અધિકાર આપવાના સંકેત મળી રહ્યા છે.

જોકે લેહ એપેક્સ બૉડી અને કારગિલ ડેમોક્રેટિક અલાયન્સ આ વાતથી સંપૂર્ણપણે સંતુષ્ટ નથી. નેતાઓનું કહેવું છે કે બેઠકમાં કોઈ નક્કર લેખિત ઠરાવ સામે નહોતો આવ્યો. સોનમ વાંગચૂક સહિત અનેક નેતાઓએ ચેતવણી આપી છે કે એક અઠવાડિયામાં કેન્દ્ર સરકાર સ્પષ્ટ પ્રસ્તાવ નહીં આપે તો ફરી ઉગ્ર આંદોલન કરવામાં આવી શકે છે.

૧૯થી ૨૪ સપ્ટેમ્બર સુધીની પદયાત્રાએ સરકારની ચિંતા વધારી દીધી હતી.

કેન્દ્ર સરકારે સંકેત આપ્યા છે કે બંધારણની કલમ ૩૭૧ અંતર્ગત લદાખ માટે એક વિશેષ બંધારણીય વ્યવસ્થા કરવામાં આવી શકે છે. અંતિમ વ્યવસ્થા માટે સંસદની મંજૂરી અને બંધારણીય પ્રક્રિયા આવશ્યક હશે.

લદાખમાં અત્યારે સૌથી મોટો સવાલ એ છે કે બેઠકમાં અપાયેલું આશ્વાસન ક્યારે નક્કર બંધારણીય અને વહીવટી નિર્ણયમાં ફેરવાશે. ■

# એચ-વનબી વીઝાધારકોને અપાતો ૬૦ દિવસનો ગ્રેસ પિરિયડ નાબૂદ કરવાનો પ્રસ્તાવ

વૉશિંગ્ટન: એચ-વનબી વિઝાધારક કુશળ કર્મચારીઓ સહિત ચોક્કસ ઈમિગ્રન્ટોને નોકરી ગુમાવ્યા બાદ અપાતો ૬૦ દિવસનો વધારાનો સમયગાળો નાબૂદ કરવાનો અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યોરિટી (ડીએચએસ)એ પ્રસ્તાવ મૂક્યો છે.

ડિપાર્ટમેન્ટે આ અંગેની સરકારી નૉટિસ ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશિત કરી હતી.

નૉટિસ મુજબ એચ-વનબી વીઝા ધરાવતા કુશળ કારીગરો સહિત કામચલાઉ વર્ક વીઝા ધરાવતા લોકોએ હવે નોકરી ગુમાવ્યાના તુરંત બાદ અમેરિકા છોડીને જતા રહેવું પડશે.

ડીએચએસના જણાવ્યા અનુસાર નોકરી ગુમાવનાર વ્યક્તિને રાહત માટે આપવામાં આવતો ૬૦ દિવસનો વધારાનો સમયગાળો નાબૂદ કરવાની બાબત નિયમનકારી જોગવાઈઓ અને કાયદાકીય જોગવાઈઓ સાથે વધુ સુસંગત બનશે અને એવી અપેક્ષા પુનઃસ્થાપિત થશે કે જે રોજગાર અથવા પ્રવૃત્તિના આધારે વીઝા આપવામાં આવ્યો હતો તે બંધ થાય ત્યારે વિદેશી નાગરિકો અમેરિકા છોડી જાય.

ડીએચએસે અવારનવાર સ્પષ્ટતા કરી છે કે ૬૦ દિવસના આપવામાં આવતા વધારાના સમયગાળાનો હેતુ કેટલાક ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી નાગરિકોને નોકરી બદલવામાં વધુ સુગમતા આપવાનો અને અમેરિકન નોકરીદાતાઓને હાલના તથા નવા ભરતી કરાયેલા નોન-ઈમિગ્રન્ટ કામદારોની રોજગારીમાં વધુ સરળતાથી ફેરફાર કરવાની ક્ષમતા વધારવાનો હતો, પરંતુ ડીએચએસ હવે માને છે કે આ વધારાનો સમયગાળા શરૂ કરવાનું કારણ અસરગ્રસ્ત વીઝા વર્ગોને લાગુ પડતી કાયદાકીય જોગવાઈઓ સાથે ઊભી થયેલી અસંગતતાને પૂરતું ધ્યાન પર લેતું હતું.

ડીએચએસે આ નિયમને અંતિમ સ્વરૂપ આપતા પહેલાં જાહેર અભિપ્રાય લેવા બે મહિનાનો સમયગાળો પ્રસ્તાવિત કર્યો છે. નવો નિયમ ઈ-વન આંતરરાષ્ટ્રીય વેપારી વીઝાધરકો, ઈ-ટૂ વ્યાવસાયિક વાહન સંચાલક વીઝાધારકો, આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે કામ કરતા એક્ઝિક્યુટિવ અથવા મેનેજર માટેના એલ-વન વીઝાધારકો, ટૂંકાગાળાના વર્ક વીઝાધારકો, વિજ્ઞાન, રમતગમત અથવા કળામાં અસાધરણ ક્ષમતા ધરાવતા ઓ-વન વિઝાધારકો અને ટીએન વ્યાવસાયિક કામદારોને પણ લાગુ પડશે. (એજન્સી) ■

# એકપક્ષી ટૅરિફની બ્રિક્સની બેઠકમાં ઝાટકણી કઢાઈ

મુંબઈ: 'બ્રિક્સ'ના નાણાં પ્રધાનો અને સેન્ટ્રલ બૅન્કના ગવર્નરોએ આઈએમએફ અને વર્લ્ડ બૅન્કમાં ઊભરતાં બજારો અને વિકાસશીલ અર્થતંત્રોના વધુ પ્રતિનિધિત્વની હાકલ કરી હતી તેમ જ એકપક્ષી ટૅરિફ અને વેપારી પગલાંની આકરી ટીકા કરી હતી.

વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રની અનિશ્ચિતતા વચ્ચે 'બ્રિક્સ'ના નાણાં પ્રધાનો અને સેન્ટ્રલ બૅન્કના ગવર્નરોએ આર્થિક સહકાર વધારવાની અને વધુ મજબૂત બનાવવાની હાકલ કરી હતી.

બેઠક બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં બ્રિક્સના નાણાં પ્રધાનો અને સેન્ટ્રલ બૅન્કના ગવર્નરોએ વેપાર અને રોકાણ માટે સ્થાનિક ચલણનો ઉપયોગ વધારવાની અને સરહદપારના પેમેન્ટની ચુકવણી માટે પણ એ જ ચલણનો ઉપયોગ કરવાની હાકલ કરી હતી. (એજન્સી)■

# એલાયન્સ એરના વિમાનના ઍન્જિનમાં ખામી સર્જાતા ઇમર્જન્સી લૅન્ડિંગ કરાયું

નવી દિલ્હી: એલાયન્સ એરના વિમાનમાં એન્જિનમાં ખામી સર્જાયા બાદ દિલ્હી એરપોર્ટ પર વિમાનનું ઇમર્જન્સી લૅન્ડિંગ કરવામાં આવ્યું હતું. વિમાનમાં લગભગ ૪૦ મુસાફરો સવાર હતા. આ જાણકારી એક સૂત્રએ આપી હતી. એલાયન્સ એરના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે વિમાનનું સુરક્ષિત રીતે ઉતરાણ કરવામાં આવ્યું હતું. તેમ જ એન્જિનિયરોની એક ટીમ તેની તપાસ કરી રહી છે. એરલાઇન પ્રયાગરાજથી રાષ્ટ્રીય રાજધાની માટે એટીઆર ૭૨-૬૦૦ સાથે ફ્લાઇટ ૯૧૬૯૮નું સંચાલન કરી રહી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર વિમાનમાં લગભગ ૪૪ લોકો સવાર હતા. વિમાનના એક એન્જિને કામ કરવાનું બંધ કરી દેતા તેનું ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. એરલાઇનના પ્રવક્તાએ જણાવ્યું કે વિમાન બિલાસપુર (પીએબી)-પ્રયાગરાજ (આઇએક્સડી)-દિલ્હી (ડીઇએલ) રૂટ પર ચાલી રહ્યું હતું. ■

# હૈદરાબાદમાં સેનાના હથિયારોની ચોરી ભૂતપૂર્વ હવાલદારે જ કરી હતી

હૈદરાબાદ: ગત મહિને હૈદરાબાદમાં લશ્કરી મથકમાંથી હથિયારો અને દારૂગોળાની ચોરી કરનાર મુખ્ય આરોપી ભૂતપૂર્વ હવાલદાર હોવાનું સામે આવ્યું છે. આ માહિતી તેલંગાણાના ડીજીપી સીવી આનંદે શુક્રવારે આપી હતી. ડીજીપીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે યુ. મલ્લેશને અનુશાસનહીનતા અને ખરાબ સ્વાસ્થ્યને કારણે જૂન મહિનામાં સેવામાંથી નિવૃત કરવામાં આવ્યા હતા. તેની પાસેથી ચોરાયેલા હથિયારો અને દારૂગોળો જપ્ત કરી લેવામાં આવ્યા છે.આનંદે વધુમાં જણાવ્યું કે અમે હજુ પણ ચોરી પાછળના હેતુની તપાસ કરી રહ્યા છીએ. પોલીસના એક નિવેદન અનુસાર પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ચોરી કરવા પાછળનું એક કારણ સેવામાંથી વહેલા નિવૃત્ત કરવાને લઇને તેમની નારાજગી પણ હોઇ શકે છે. ■

---

ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પ્રતિષ્ઠા | રાહ |
| પ્રતિસ્પર્ધી | આબરૂ |
| પ્રતિહાર | દરેક |
| પ્રતીક્ષા | દ્વારપાળ |
| પ્રત્યેક | હરીફ |

## જાણવા જેવું

સારસ નામનું સુંદર પક્ષી એની જોડી માટે ખ્યાતિ ધરાવે છે. સારસની જોડલીનો અલૌકિક પ્રેમ કવિઓએ કાવ્ય લખી અમર કર્યો છે અને તે કંઈ માત્ર કલ્પના જ નથી. એનું યુગ્મ જિંદગી સુધી નભે છે અને બેમાંથી એકનો નાશ થતાં બીજાની કરુણ દશા દયા ઉપજાવ્યા વિના રહેતી નથી.

## ગુજરાત મોરી મોરી રે

વિવિધ ભાષાના સાહિત્યકારો તખલ્લુસ રાખવા માટે જાણીતા છે. ક્યા સર્જકનું તખલ્લુસ 'દર્શક' હતું એ શોધી કાઢો.

અ) ચુનીલાલ મડિયા
બ) મનુભાઈ પંચોળી
ક) કન્હૈયાલાલ મુનશી
ડ) ઈશ્વર પેટલીકર

## નોંધી રાખો

*ભણતર ક્યારેય જીવન બરબાદ નથી કરતું, બલકે એક દિશા આપી આગળનું આયુષ્ય ચમકતું બનાવવામાં નિમિત્ત બને છે.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | | ૪ | | ૫ |
| ૬ | | | | | | | | | |
| | | ૭ | | | | ૮ | | | |
| | ૯ | | | | ૧૦ | | | ૧૧ | |
| ૧૨ | | | | | | | | | |
| | | | | ૧૩ | | ૧૪ | ૧૫ | | |
| ૧૬ | | | | | | | ૧૭ | | |
| | | ૧૮ | | | ૧૯ | | | | ૨૦ |
| | | | | | | | | ૨૧ | |
| ૨૨ | | | | ૨૩ | | | ૨૪ | | |

### આડી ચાવી

૧. ફેંસલો, નિકાલ (૩)
૩. ઈમાનદાર, પ્રામાણિક (૨)
૪. કૃતઘ્ની (૩)
૬. --- પહેલાં પાળ બાંધો (૨)
૭. મહેરામણ (૩)
૮. --- કરે કામ (૨)
૯. લોઢું, લોખંડ (૨)
૧૧. જીવ (૨)
૧૨. મુરાદ, ધારણા (૪)
૧૪. ઝબક (૪)
૧૬. પરોઢિયું, સવાર (૨)
૧૭. અપશબ્દ, ખરાબ બોલ (૨)
૧૮. માત્ર, કેવળ (૨)
૧૯. રહેઠાણ, પડાવ (૩)
૨૧. દુર્ગંધ (૨)
૨૨. ભેખડ (૩)
૨૩. ભૂખ ન જુવે સૂકો --- (૨)
૨૪. બેહદ, હદ વિનાનું (૩)

### ઊભી ચાવી

૧. પ્રવીણ, પારંગત (૩)
૨. દ્વેષ, શત્રુવટ (૨)
૩. ઝાંઝર (૩)
૪. કિસ્મતકી હવા કભી --- કભી નરમ (૩)
૫. તોફાન, ધિંગાણું (૪)
૭. વગર વિચાર્યું જોખમી કામ (૩)
૯. જનતાનો અભિપ્રાય (૪)
૧૦. પંખી (૨)
૧૧. સવાર (૪)
૧૩. --- ની ગતિ નહીં (૨)
૧૫. રાશ (૩)
૧૬. પ્રાથમિક, શરૂઆતનું (૪)
૧૮. વરણાગિયું, છેલ (૩)
૧૯. મુકરર કરેલો સમય (૩)
૨૦. ઋતુ (૩)
૨૧. --- અન્ન તબિયત માટે હાનિકારક છે. (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ર્જ | ૨ ન | ૩ હા | ર | | ૪ અ | નુ | ૫ ભ | વ |
| પ્ત | | ૬ ઠા | મ | | ૭ સ | ખી | | ભૂ | |
| | ૮ ખ | રું | | ૯ અ | | લ | | ૧૦ ત | ર્જ |
| ૧૧ સા | પ | | ૧૨ ક | જા | ત | | ૧૩ શિં | | |
| ધ | | ૧૪ ના | | ણું | | ૧૫ સ | ગ | વ | ૧૬ ડ |
| ૧૭ ના | મ | દા | ર | | ૧૮ ક | | ડાં | | ફ |
| | | ન | | ૧૯ આ | પ | લે | | ૨૦ મ | ણા |
| ૨૧ ભા | ૨૨ વિ | | ૨૩ દ | | ટ | | ૨૪ વે | ત | |
| | સ્મ | | ૨૫ મા | દા | | ૨૬ રા | ત | | ૨૭ ઢી |
| ૨૮ પ | ય | ગા | મ | | ૨૯ સ | હ | ન | શી | લ |

## ઓળખાણ પડી?

જન્મ ઝિમ્બાબ્વેમાં પણ ઈંગ્લેન્ડ વતી ટેસ્ટ રમેલા ક્રિકેટરની ઓળખાણ પડી? કાઉન્ટી ક્રિકેટની એક ઈનિંગ્સમાં ૪૦૫ રન કર્યા હતા.

અ) કેપ્લર વેસલ્સ
બ) ગ્રેમ હિક
ક) ગ્રેહામ ગૂચ
ડ) એલેક સ્ટુઅર્ટ



## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

ઓલિમ્પિક ગેમ્સનો પ્રારંભ ઈસવીસન પૂર્વે થયો હતો. એશિયામાં સર્વપ્રથમ ઓલિમ્પિકનું આયોજન કયા દેશમાં થયું હતું?

અ) ઈન્ડોનેશિયા બ) ચીન ક) જાપાન ડ) ફિલિપિન્સ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૩, ૨૪, ૩૭, ૫૨, ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૫૨ પછી કઈ સંખ્યા આવે?

અ) ૫૯ બ) ૬૩ ક) ૬૯ ડ) ૭૪

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | ૯ | | ૨ | | | ૮ |
| | ૭ | | ૫ | | ૧ | | ૬ | |
| ૫ | | ૨ | ૪ | | ૮ | ૭ | | ૯ |
| | ૫ | ૬ | | | | ૪ | ૨ | |
| | | | | | | | | |
| | ૨ | ૧ | | | | ૯ | ૮ | |
| ૨ | | ૫ | ૬ | | ૪ | ૮ | | ૩ |
| | ૪ | | ૨ | | ૩ | | ૯ | |
| ૧ | | | ૭ | | ૯ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૫ | ૧ |
| ૧ | ૯ | ૮ | ૩ | ૫ | ૪ | ૨ | ૬ | ૭ |
| ૭ | ૫ | ૬ | ૮ | ૧ | ૨ | ૩ | ૯ | ૪ |
| ૬ | ૩ | ૧ | ૨ | ૭ | ૯ | ૪ | ૮ | ૫ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૩ | ૬ | ૧ | ૭ | ૯ |
| ૯ | ૭ | ૪ | ૧ | ૮ | ૫ | ૬ | ૩ | ૨ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૯ | ૩ | ૭ | ૨ | ૮ |
| ૮ | ૬ | ૯ | ૭ | ૨ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૩ | ૨ | ૭ | ૫ | ૪ | ૮ | ૯ | ૧ | ૬ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પ્રતિકૃતિ | નકલ |
| પ્રતિજ્ઞા | શપથ |
| પ્રતિબંધ | રુકાવટ |
| પ્રતિભા | તેજ |
| પ્રતિમા | મૂર્તિ |

ગુજરાત મોરી મોરી રે: ઝીણાભાઈ દેસાઈ

ઓળખાણ પડી? દુલીપ મેન્ડીસ

માઈન્ડ ગેમ : 131

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : ગ્રીસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) શ્રદ્ધા આશર (૯) ખુશરૂ કાપડિયા (૧૦) જયવંત પદમશી ચિખલ (૧૧) લજિતા ખોના (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પ્રવીણ વોરા (૧૮) કમલ માતલિયા (૧૯) મહેશ એન. સંઘવી (૨૦) નિતીન જયંતીલાલ બજરિયા (૨૧) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) ભાવના કર્વે (૨૪) અંજુ ટોલિયા (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૮) અલકા વાણી (૨૯) અરવિંદ કામદાર (૩૦) જ્યોત્સના ગાંધી (૩૧) હિનાબેન દલાલ (૩૨) ઈનાક્ષીબેન દલાલ (૩૩) રમેશભાઈ દલાલ (૩૪) નયના ગિરીશ મિસ્ત્રી (૩૫) સુભાષ મોમાયા (૩૬) નીતા દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) પ્રતિમા પમીણી (૪૨) ભામિની સંપટ (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) હિંમત પુરુષોત્તમ ખોલીયા (૪૫) વિજય આસર

# ૯૩મા વર્ષે ‘લાલબાગચા રાજા’નું અદ્‌ભુત રૂપ!

## પ્રાચીન શિવ-મંદિર થીમ આધારિત ડેકોરેશન આકર્ષણનું કેન્દ્ર

મુંબઈ: મુંબઈ સહિત સમગ્ર વિશ્વમાં વસતા કરોડો ગણેશભક્તો જે ક્ષણની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તે ઘડી આખરે આવી પહોંચી છે. ગણેશોત્સવ પૂર્વે મુંબઈના સુપ્રસિદ્ધ અને મનોકામના પૂર્ણ કરનારા ‘લાલબાગચા રાજા’નો ફર્સ્ટ લૂક આજે ઓફિશિયલી જાહેર કરવામાં આવ્યો હતો. બાપ્પાની મનમોહક પ્રતિમા અને સજાવટ જોઈને ભક્તોની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયા હતા. લાલ બાગ ચા રાજાના ફર્સ્ટ લૂકે પણ સોશ્યલ મીડિયા પર જોરદાર ચર્ચા જાગી હતી.

લાલબાગ સાર્વજનિક ગણેશોત્સવ મંડળના આ ૯૩મા વર્ષે બાપ્પાનું ભવ્ય, તેજોમય અને રાજવી રૂપ જોઈને ઉપસ્થિત તમામ ભક્તો અને શ્રદ્ધાળુઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. ભાદ્રપદ ગણેશોત્સવ દરમિયાન સોમવાર, ૧૪મી સપ્ટેમ્બર (ગણેશ ચતુર્થી)થી શરૂ થનારા આ મહોત્સવ માટે લાલબાગ પંડાલમાં ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું છે. ૧૧મી સપ્ટેમ્બના રોજ બાપ્પાનો ફર્સ્ટ લૂક રીવિલ કરવામાં આવ્યો હતો.

આ વર્ષે પણ લાલબાગચા રાજાની પ્રતિમાને અત્યંત આકર્ષક અને ભવ્ય સિંહાસન પર બિરાજમાન કરવામાં આવી છે. સુવર્ણ આભૂષણો, હીરાજડિત મુગટ અને રેશમી પીતાંબરથી સજજ બાપ્પાના મુખમંડળ પરનું દિવ્ય તેજ ભક્તોના મન મોહી રહ્યું છે. મંડળ દ્વારા પંડાલને વિશેષ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક થીમ પર ડિઝાઈન કરવામાં આવ્યો છે, જે સમગ્ર દેશમાંથી આવતા લાખો દર્શનાર્થીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે.

બાપ્પાની પ્રતિમાની પાછળ સ્થાપિત કરાયેલું વિશાળ ત્રિશૂળ અને ભવ્ય પ્રાચીન શિવ-મંદિર થીમ આધારિત ડેકોરેશન આ વર્ષના લાલબાગચા રાજાના મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. પ્રથમ દર્શન થતાંની સાથે જ લાલબાગ પરિસરમાં ‘‘ગણપતિ બાપ્પા મોરયા’’ના ગગનભેદી નારા ગૂંજી ઊઠ્યા હતા.

પ્રતિમાની પૃષ્ઠભૂમિમાં વિશાળ કદનું સુવર્ણ-ચમક ધરાવતું ત્રિશૂળ સ્થાપિત કરવામાં આવ્યું છે, જે ભગવાન શિવના આશીર્વાદ અને દૈવી શક્તિનું પ્રતીક છે. સમગ્ર પંડાલને દક્ષિણ અને પશ્ચિમ ભારતના પ્રાચીન શિવ મંદિરોના પથ્થર સ્થાપત્ય અને કોતરણી જેવો લાઈવ લૂક આપવામાં આવ્યો છે, જે ભક્તોને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરાવે છે. ‘લાલબાગચા રાજા’ને આ વર્ષે પરંપરાગત વસ્ત્રો, હીરાજડિત મુગટ અને વિશેષ સુવર્ણ આભૂષણોથી સજાવવામાં આવ્યા છે.

### ૧૪ સપ્ટેમ્બરથી સામાન્ય ભક્તો માટે દર્શન

ગણેશ ચતુર્થીના પાવન દિવસથી ભક્તો માટે ૨૪ કલાક અવિરત દર્શન વ્યવસ્થા શરૂ થશે. જેમાં એક લાઇન ‘ચરણ સ્પર્શ’ (માનતા) માટે અને બીજી લાઇન સામાન્ય ‘મુખ દર્શન’ માટે રાખવામાં આવી છે. લાલબાગ નહીં પહોંચી શકનારા દેશ-વિદેશના ભક્તો માટે મંડળ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને ઓફિશિયલ ચેનલ્સ પરથી ૨૪ કલાક લાઈવ આરતી અને દર્શનનું પ્રસારણ કરવામાં આવશે.

### કઈ રીતે પહોંચશો?

- મધ્ય રેલવેના ભક્તો માટે ચિંચપોકલી, કરી રોડ અને પરેલ રેલવે સ્ટેશન સૌથી નજીક છે.
- પશ્ચિમ રેલવેના ભક્તો લોઅર પરેલ સ્ટેશને ઉતરીને ચાલીને અથવા ટેક્સી દ્વારા પંડાલ પહોંચી શકે છે.
- હાર્બર લાઈનના ભક્તો માટે કોટન ગ્રીન સ્ટેશન સૌથી નજીકનું સ્ટોપ રહેશે.

# સીજેપી ભાજપ શાસિત રાજ્યોની જ સરકારી શાળાઓને બદનામ કરતી હોવાનો આરોપ

મુંબઈ: અભિજિત દીપકેની આગેવાની હેઠળની કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ની ઝાટકણી કાઢી યુવા આંદોલન પર ભાજપ શાસિત રાજ્યોમાં સરકારી શાળાઓને ઇરાદાપૂર્વક નિશાન બનાવવાનો આરોપ તાજેતરમાં જનતા પાર્ટી-ડેમોક્રેટિક શરૂ કરનાર કાર્યકર્તા મનીષ બ્રહ્મભટ્ટે શુક્રવારે કર્યો છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં બ્રહ્મભટ્ટે આરોપ કર્યો હતો કે સીજેપીના નેતાઓ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી સાથે મળીને કામ કરી રહ્યા છે અને તેમના પ્રચારને આગળ વધારવા માટે પંજાબમાં સારી રીતે કામ કરી રહેલી શાળાઓને નિશાન બનાવી રહ્યા છે. ‘સીજેપીની ટીમ રાજસ્થાનના જયપુરની એક જર્જરિત ગ્રામીણ શાળામાં ગઈ અને સારી રીતે કાર્યરત પંજાબની એક એઆઈ-સ્કૂલમાં ગઈ હતી’ એમ તેમણે જણાવ્યું હતું.

ગયા મહિને સીજેપીએ ‘સ્કૂલ ઠીક કરો’ ઝુંબેશ શરૂ કરી હતી, જેનો હેતુ ગ્રામીણ સરકારી શાળાઓમાં સુવિધા અને જવાબદારીમાં સુધારો કરવાનો હતો. સીજેપીના પ્રવક્તા સૌરવ દાસે ગુરુવારે પક્ષના નેતાઓનો પંજાબની એક સરકારી શાળાની મુલાકાત લેતો વીડિયો પોસ્ટ કર્યો હતો. દાસે એક પોસ્ટમાં કહ્યું હતું કે તેઓ રાજ્યની પ્રતિષ્ઠિત શાળાઓથી પ્રભાવિત છે.

સીજેપી પર પ્રહાર કરતા બ્રહ્મભટ્ટે કહ્યું કે, તેઓ હાલત ખરાબ છે એ સંગરુર અને જાલંધરની શાળાઓમાં ન ગયા. તેઓ ઝારખંડની શાળાઓની પણ મુલાકાત લેતા નથી. તેઓ માત્ર ભાજપ-શાસિત રાજ્યોમાં શાળાઓની પસંદગી કરી રહ્યા છે. (પીટીઆઈ)

### જરાંગે સાથે ચર્ચા કરવા દીપકેની સરકારને વિનંતી

જાલના: કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ શુક્રવારે મહારાષ્ટ્ર સરકારને મરાઠા અનામત આંદોલનકર્તા મનોજ જરાંગેની વાત સાંભળવા અપીલ કરી અને આંદોલનમાં બળજબરીથી દરમિયાનગીરી કરવાના પ્રયાસો સામે ચેતવણી આપી. જાલના જિલ્લાના અંતરવાલી સરાટી ગામમાં દીપકે જરાંગેને મળ્યા હતા. અહીં જરાંગેની ભૂખ હડતાળ ૧૪મા દિવસમાં પ્રવેશી હતી. દીપકેએ પછી મીડિયા સાથે વાત કરી હતી.

દીપકેએ એમ પણ જણાવ્યું હતું કે ’સરકારે તેમની માગણીઓ સમજવા માટે તેમની સાથે વાર્તાલાપ કરવો જોઈએ. એમને હેરાન ન કરવા જોઈએ કારણ કે આ મહારાષ્ટ્ર છે. તેના પરિણામો ભોગવવા પડશે. જરાંગે આત્મહત્યા કરીને મૃત્યુ પામેલા એમપીએસસી ઉમેદવાર પ્રથમેશ દેશમુખ જેવા વિદ્યાર્થીઓ માટે સુવિધા માગી રહ્યા છે. મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન શું કરી રહ્યા છે? તેઓ પોતાના બાળકોને વિદેશમાં અભ્યાસ માટે મોકલે છે, પણ અહીંની શાળાઓની અવસ્થા સારી નથી.

મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાઓની તૈયારી કરી રહેલા દેશમુખ (૨૮) નું પુણેમાં કથિત રીતે આત્મહત્યા દ્વારા મૃત્યુ થયું હતું. તેણે લખેલી ચિઠ્ઠીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે તેના પર આશરે અઢી લાખ રૂપિયાનું દેવું હતું. (પીટીઆઈ)

# કાંદાના ભાવે ગૃહિણીઓનું બજેટ ખોરવ્યું!

મુંબઈ: કાંદાના વધેલા ભાવને કારણે મુંબઈગરાઓના રસોડાનું બજેટ ખોરવાયું છે. હોલસેલ માર્કેટમાં કાંદાનો સરેરાશ ભાવ ૪,૧૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ એટલે ૪૧ રૂ. કિલો પર પહોંચ્યો છે, જ્યારે રિટેલ માર્કેટમાં તે ૬૫ થી ૭૫ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે.બુધવારે બજારમાં ૧૦,૮૨૪ ક્વિન્ટલ કાંદાની આવક સામે ક્વિન્ટલ દીઠ ભાવ ૩,૫૦૦ થી ૪,૭૦૦ રૂપિયા નોંધાયો હતો. આ ભાવવધારાથી ગ્રાહકો પર ભારે બોજ પડ્યો છે. ઓગસ્ટના મધ્યથી અત્યાર સુધીના માત્ર ત્રણ અઠવાડિયામાં જથ્થાબંધ બજારમાં કાંદાનો ભાવ ૨૮ રૂ. થી વધીને ૪૧ રૂ. પ્રતિ કિલો થઈ ગયો છે. આ જથ્થાબંધ ભાવવધારામાં વાહનવ્યવહાર અને અન્ય ખર્ચ ઉમેરાતાં છૂટક બજારમાં કાંદા વધુ મોંઘા વેચાઈ રહ્યા છે. કાંદાના એક વિક્રેતા રમેશ પાટીલના જણાવ્યા મુજબ, મોંઘવારીના કારણે ગ્રાહકો હવે બે કિલોના બદલે માત્ર એક કિલો કાંદા ખરીદી રહ્યા છે.

# સિંગાપોર બનાવવાની વાતો કરનારાઓએ શહેરને કચરાપેટી બનાવી દીધું: વર્ષા ગાયકવાડ

મુંબઈ: મુંબઈમાં માળખાગત સુવિધાઓનું સત્યાનાશ વળી ગયું છે અને શહેર સંપૂર્ણપણે બેહાલ થઈ ગયું છે, એ વાત કૉંગ્રેસ પક્ષ સતત કહી રહ્યો હતો પણ તેના તરફ દુર્લક્ષ કરવામાં આવ્યું. વિકાસ કામોના નામે મુંબઈની તિજોરી સાફ કરવાનું કામ ચાલી રહ્યું છે. મુંબઈને સિંગાપુર બનાવવાની વાતો કરનારાઓએ શહેરને કચરાપેટી બનાવીને મૂકી દીધું છે. મુંબઈનું સત્યાનાશ વાળનારા અધિકારીઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ, તેમ મુંબઈ કૉંગ્રેસ અધ્યક્ષ અને સાંસદ વર્ષા ગાયકવાડે કહ્યું હતું. બીએમસીના કારભાર પર બોલતા કૉંગ્રેસ સાંસદ વર્ષા ગાયકવાડે આગળ કહ્યું કે, શહેરમાં કચરાની સમસ્યા અંગે માનનીય હાઈ કોર્ટની ટીકા ગંભીર છે, પરંતુ તેણે ફરી એકવાર એ હકીકત પર ભાર મૂક્યો છે કે વિકાસના નામે કરોડો રૂપિયા ખર્ચવા છતાં મુંબઈગરાઓને સુવિધાઓ મળી રહી નથી. બીએમસીમાં સત્તાધીશો, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો વચ્ચે અયોગ્ય ગઠબંધન છે.

### વિલેપાર્લેમાં ફિઝિયોથેરપિસ્ટની બળાત્કાર બાદ હત્યાના કેસમાં કોર્ટે કહ્યું...

# ‘મજબૂત શંકા પણ પુરાવાનું સ્થાન ન લઈ શકે’

## સેશન્સ કોર્ટે મૃત્યુદંડની સજા આપી, પણ હાઈ કોર્ટે તપાસ પક્ષની ત્રુટિઓને ધ્યાનમાં લઈ નિર્દોષ છોડ્યો

મુંબઈ: વિલેપાર્લેમાં ફિઝિયોથેરપિસ્ટની બળાત્કાર બાદ હત્યા કરવાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપીને સેશન્સ કોર્ટે મૃત્યુદંડની સજા આપી હતી, પરંતુ બૉમ્બે હાઈ કોર્ટે તપાસ પક્ષની ત્રુટિઓને ધ્યાનમાં લઈ તેને નિર્દોષ છોડવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે મજબૂત શંકા પણ પુરાવાનું સ્થાન ન લઈ શકે અને ફરિયાદ પક્ષ શંકાથી પર ગુનો સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયો છે.

ફરિયાદી પક્ષ દ્વારા આરોપી સામે રજૂ કરવામાં આવેલા પુરાવા અમારા મતે નબળા, અસંલગ્ન અને સાંયોગિક છે. માત્ર શંકાના આધાર પર આ કેસમાં રજૂ કરાયેલા પુરાવા, ભલે એ કેટલા પણ મજબૂત હોય, તેને નક્કર પુરાવા ગણી ન શકાય. આમ કહીને જસ્ટિસ ભારતી ડાંગરે અને મંજુષા દેશપાંડેએ મૃત્યુદંડની સજાને ફગાવીને દેબાશિષ ધારાને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.

વિલેપાર્લેની એક ચાલમાં ૨૪ વર્ષની ફિઝિયોથેરપિસ્ટ પરિવાર સાથે રહેતી હતી. ઘટનાની રાતે તે સામેના ઘરના માળિયા પર સૂતી હતી. છઠ્ઠી ડિસેમ્બર, ૨૦૧૬ના મળસકે ત્રણ વાગ્યાની આસપાસ યુવતી સૂતી હતી તે રૂમમાંથી ધુમાડો નીકળતો હોવાનું પડોશીના ધ્યાનમાં આવ્યું હતું. તેણે તરત જ યુવતીના પિતાને આ અંગે જાણ કરી હતી. આગ ઓલવ્યા પછી યુવતી ગંભીર અવસ્થામાં મળી આવી હતી અને તેના ગળા ફરતે જીન્સ પૅન્ટ વીંટળાયેલી હતી. ચાદમાં વીંટાળીને યુવતીને માળિયા પરથી નીચે લાવવામાં આવી હતી.

હૉસ્પિટલમાં લઈ જવાયેલી યુવતીને તબીબે મૃત જાહેર કરી હતી. પોસ્ટમોર્ટમના અહેવાલમાં યુવતી સાથે બળાત્કાર થયાની વાત સામે આવી હતી. ગળું દબાવીને તેની હત્યા કરાઈ હોવાનું તબીબે જણાવ્યું હતું.

આ કેસમાં લગભગ દોઢેક મહિના બાદ ૨૮ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ નજીકના જ્વેલરી સ્ટોરના કર્મચારી ધારાને કોલકતાથી પકડી પાડવામાં આવ્યો હતો.

આરોપી વિરુદ્ધ સેશન્સ કોર્ટમાં ખટલો ચાલ્યો હતો. ૧૦ ઑક્ટોબર, ૨૦૧૯ના એડિશનલ સેશન્સ જજ એ. ડી. દેવે ધારાને બળાત્કાર, હત્યા અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય સહિત અન્ય આરોપો હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો. ‘અત્યંત માનસિક વિકૃતિ’ દર્શાવતું આ ‘ભયંકર, ક્રૂર અને ઘૃણાસ્પદ કૃત્ય’ હોવાથી કોર્ટે આ કેસ રેરેસ્ટ ઑફ ધ રેરની કૅટેગરીમાં આવતો હોવાનું નોંધ્યું હતું.

સેશન્સ કોર્ટ એવા નિષ્કર્ષ પર આવી હતી કે સરકારી પક્ષ આરોપીને ગુના સાથે જોડનારી પરિસ્થિતિજન્ય પુરાવાની ચેઈન સિદ્ધ કરવામાં સફળ રહ્યો છે. સરકારી વકીલે આરોપીની જીન્સ પરના લોહીના ડાઘ અને એક કાંસકાના કેમિકલ એનાલિસીસ/ ડીએનએ રિપોર્ટ તેમ જ સીસીટીવી ફૂટેજ પર આધાર રાખ્યો હતો. ડીએનએ પ્રોફાઈલિંગને કારણે આરોપી ધારા જ હોવાનું સિદ્ધ થયું હતું.

જોકે હાઈ કોર્ટે તપાસ પક્ષના કેસમાં અનેક ત્રુટિઓ હોવા તરફ ધ્યાન આપ્યું હતું. કોર્ટે નોંધ્યું હતું કે સીસીટીવી ફૂટેજ પરથી ધારા કોના ઘરમાં અને શા માટે ડોકિયું કરતો હતો, એ સિદ્ધ થતું નથી. આ મુદ્દો તેની વિરુદ્ધ પુરાવા તરીકે માન્ય રાખી શકાય નહીં. હત્યાના બે મહિના પછી ધારાના ઘરમાંથી તેની જીન્સ તાબામાં લેવાઈ હતી. જીન્સ પર બહારના ભાગમાં લોહીના ડાઘ નહોતા, પણ જમણા ખીસાના અંદરના ભાગમાં હતા, જેને હાઈ કોર્ટે ‘એક ઈન્નોવેટિવ આઈડિયા’ ગણાવ્યો હતો.

પંચનામામાં જણાવ્યું હતું કે કાંસકાના હેન્ડલ પર લાલ ડિઝાઈન જેવું હતું, જે કેમિકલ એનલાઈઝરના કહેવા મુજબ લોહીના ડાઘ હતા. જજે એવું પણ નોંધ્યું હતું કે ભીની ચાદર પર ડીએનએ રહ્યા અને તે ધારા સાથે મૅચ થયા, એ બન્ને બાબત માન્યમાં ન આવે એવી છે.

# વર્સોવા-મઢ કેબલ સ્ટેડ પ્રોજેક્ટ: મેન્ગ્રોવ્ઝ કાપવાની આપી મંજૂરી, ૯૦ મિનિટની સફર હવે થશે ૧૦ મિનિટમાં

મુંબઈ: મુંબઈગરાઓ માટે એક ખૂબ જ મોટા અને રાહતના સમાચાર મળ્યા છે. મુંબઈના પશ્ચિમી ઉપનગરોમાં વર્સોવા અને મઢ વચ્ચે લગભગ ૨,૩૯૫ કરોડ રૂપિયાના ખર્ચે બનવા જઈ રહેલા કેબલ સ્ટેડ ફ્લાયઓવરના નિર્માણનો માર્ગ આખરે મોકળો બની ગયો છે. બોમ્બે હાઈ કોર્ટે આ પ્રોજેક્ટ માટે અવરોધરૂપ બનેલા ૧,૨૩૭ મેન્ગ્રોવ્ઝ કાપવાની મુંબઈ મહાનગરપાલિકાને પરવાનગી આપી દીધી છે.

વર્તમાન પરિસ્થિતિ જોતા જે લોકો માર્ગ પરિવહન દ્વારા વર્સોવાથી મઢ જવા ઈચ્છે છે, તેમને અંધેરી, જોગેશ્વરી, રામ મંદિર, ઓશિવારા અને પછી મલાડથી મઢ-માર્વે રોડથી જવું પડે છે. મઢ-માર્વે રોડ, કાંદિવલી લિંક રોડ કે મલાડ લિંક રોડથી ૧૨ કિલોમીટરથી પણ વધુ દૂર છે. આ એક લાંબી સફર છે અને રસ્તામાં ભારે ટ્રાફિકના લીધે પ્રવાસીઓને ઘણી હાલાકીનો સામનો કરવો પડતો હતો.

વર્સોવા જેટી અને મઢ વચ્ચે એક દિશાથી બીજી દિશામાં જવા માટે એક વૈકલ્પિક ફેરી રૂટ ઉપલબ્ધ છે. આ રૂટ પર સવારે ૫.૦૦ વાગ્યાથી રાતે ૧.૦૦ વાગ્યા સુધી ત્રણ ફેરી ચલાવાય છે. જોકે, ઓટના સમયે ફેરી સેવા રોકવી પડે છે. આના સિવાય ફેરી સેવાઓની પણ અમુક મર્યાદાઓ પણ છે. આ કારણોસર આ પુલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નગરપાલિકા દ્વારા દાખલ કરેલી રિટ અરજીના માધ્યમથી કોર્ટને જાણકારી આપી હતી.

વર્તમાન પ્રોજેક્ટમાં મલાડ ક્રીક ઉપર મઢ આઇલેન્ડ અને વર્સોવા જોડવા માટે ૨,૦૬૪ મીટર લાંબા, ચાર લેનવાળા કેબલ-સ્ટેડ પુલ બનાવવાનું સામેલ છે. આ પુલ ૨૭.૪૫ મીટર પહોળા ડેવલપમેન્ટ પલાણ રોડ અને કોસ્ટલ રોડ અલાઇન્મેન્ટથી જોડવામાં આવશે. આ બાબતમાં કોર્ટને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ એસ. વી. રોડ અને લિંક રોડના ભારે ટ્રાફિકને ડાઇવર્ટ કરવામાં મદદરૂપ થશે.

નગર નિગમે એક વચન આપ્યું જેમાં કહેવામાં આવ્યું કે આ પ્રોજેક્ટને જરૂરી પર્યાવરણીય મંજૂરી મળી ગઈ છે. કોસ્ટલ રેગ્યુલેશન ઝોન નોર્થ કોંકણ મેન્ગ્રોવ્ઝ ડિવિઝનના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસરના અધિકાર ક્ષેત્રમાં આવનારી નવ હેક્ટર ખરાબ થઈ ચુકેલી મેન્ગ્રોવ વન ભૂમિ પર ૩૯,૦૦૦ મેન્ગ્રોવ્ઝનાં છોડ વાવવામાં આવશે. નિગમે આગળ કહ્યું કે આ વૃક્ષોની ૧૦ વર્ષ સુધી દેખરેખ અને અન્ય સંબંધિત ગતિવિધિઓ માટે ૧.૪૨ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાં પર મુસાફરીનું અંતર લગભગ ૧૮ થી ૨૦ કિલોમીટર ઘટશે. જે સફરમાં હાલમાં લગભગ દોઢ કલાક જેટલો સમય લાગે છે તે ફક્ત પાંચ મિનિટમાં પૂર્ણ થઈ જશે. તેનાથી લગભગ ૭૦ થી ૮૦ મિનિટનો સમય બચશે. આ પુલ બનવાથી ન્યુ લિંક રોડ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે અને એસ.વી. રોડ પર બનતી દુર્ઘટનાઓ ઘટાડવામાં મદદ મળશે તેવો નગર નિગમે કોર્ટમાં દાવો કર્યો હતો.

# ભંડારા જિલ્લામાં ટ્રક સાથે પિકઅપ વૅન ટકરાતાં ત્રણ બાળક સહિત નવનાં મૃત્યુ

ભંડારા: ભંડારા જિલ્લામાં ટ્રક સાથે પિકઅપ વૅન અથડાતાં ત્રણ બાળક સહિત નવ જણનાં મોત થયાં હતાં, જ્યારે ત્રણ જણ ઘવાયા હતા.જિલ્લાના લખણી તાલુકામાં માનેગાંવ અને પિંપળગાંવ વચ્ચે શુક્રવારે મળસકે ચાર વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. છત્તીસગઢની રાજધાની રાયપુરથી પિકઅપ વૅનમાં મજૂરો નેશનલ હાઇવે ૫૩ પરથી નાગપુર તરફ આવી રહ્યા હતા. અકસ્માત થયો ત્યારે મોટા ભાગના મજૂરો સૂતા હતા.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મજૂરોને તાત્કાલિક સારવાર માટે જિલ્લાની સરકારી હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં આઠ જણને તપાસીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એક મજૂરનું બાદમાં મૃત્યુ થયું હતું. ચાર ઘાયલોને સારવાર માટે નાગપુરની હોસ્પિટલમાં દાખલ કરાયા હોઇ એક મજૂરની હાલત નાજૂક છે.પ્રાપ્ત માહિતી અનુસાર હાઇવે પર ટ્રક પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ ભરીને નાગપુર તરફ જઇ રહી હતી ત્યારે પાછળથી આવી રહેલી પિકઅપ વૅન તેની સાથે ટકરાઇ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે પિકઅપ વૅનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને મજૂરો અંદર ફસાઇ ગયા હતા.

# ગણેશ ચતુર્થી માટે સિંધુદુર્ગ જતી ‘મોદી એક્સપ્રેસ’ને લીલી ઝંડી

મુંબઈ: મહારાષ્ટ્રના પ્રધાન નિતેશ રાણેએ શુક્રવારે દાદરથી સિંધુદુર્ગ જિલ્લાના સાવંતવાડી માટે પહેલી ‘મોદી એક્સપ્રેસ’ને લીલી ઝંડી બતાવીને રવાના કરી, જે ગણેશોત્સવ માટે કોંકણ જઈ રહેલા ભક્તોને મફત પ્રવાસની સુવિધા આપશે.

ભાજપ નેતા તેમના પોતાના ખર્ચે છેલ્લા ૧૪ વર્ષથી ગણેશ ભક્તો માટે પરિવહનની વ્યવસ્થા કરી રહ્યા હોવાનું તેમના કાર્યાલય દ્વારા જણાવાયું હતું. બીજી મોદી એક્સપ્રેસ રવિવારે કોંકણ માટે રવાના થશે, એમ તેમાં જણાવાયું છે.

# થાણેમાં હત્યાના પ્રયાસના કેસમાં આરોપીને ૧૦ વર્ષની કેદ

થાણે: થાણે જિલ્લાની કોર્ટે રૂપિયાને મુદ્દે થયેલા વિવાદમાં વેપારીના પુત્રના માથામાં પાવડાથી પ્રહાર કરીને તેની હત્યાનો પ્રયાસ કરવા બદલ પચીસ વર્ષના આરોપીને ૧૦ વર્ષની સખત કેદ ફટકારી હતી. એડિશનલ સેશન્સ જજ જી.ટી. પવારે આરોપી શાહરુખ સાદિક શેખને દોષી ઠેરવ્યો હતો અને તેને પચાસ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો.

તપાસકર્તા પક્ષના જણાવ્યા અનુસાર આરોપી શાહરુખ શેખનો રૂપિયાને મુદ્દે ૪ માર્ચ, ૨૦૨૫ના રોજ હુસેન ખાન સાથે વિવાદ થયો હતો અને શેખે તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એ જ સાંજે શેખે મસ્જિદ નજીક ખાનને આંતર્યો હતો અને તેના માથામાં પાવડાથી પ્રહાર કર્યો હતો, જેને કારણે તેની ખોપડીમાં ફ્રેક્ચર થયું હતું.

હુસેન ખાન અને મેડિકલ ઓફિસર્સની જુબાની તથા નજરે જોનાર સાક્ષીદારોની અંશતઃ જુબાની પર આધાર રાખીને કોર્ટે બચાવ પક્ષની એ દલીલને ફગાવી દીધી હતી કે મસ્જિદના પગથિયાં પર અકસ્માતે પડી જવાથી ખાનને ઇજા પહોંચી હતી.

કોર્ટે આરોપી શેખને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૯ હેઠળ દોષી ઠેરવીને તેને સજા ફટકારી હતી. શેખને પચાસ હજાર રૂપિયાનો દંડ ફટકારાયો હતો અને દંડની રકમ ન ભરે તો વધારાના છ મહિનાની કેસ ભોગવવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઇ)

# ભિવંડીમાં હિટ એન્ડ રન: છ વર્ષની બાળકી ગંભીર રીતે ઘવાઇ

થાણે: થાણે જિલ્લામાં પૂરપાટ વેગે આવેલી કારે સ્કૂટરને અડફેટે લેતાં છ વર્ષની બાળકીને ગંભીર ઇજા પહોંચી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

ભિવંડી વિસ્તારમાં તીન બત્તી માર્કેટ નજીક ૮ સપ્ટેમ્બરે આ અકસ્માત થયો હતો, જેમાં ઘવાયેલી બાળકીની ઓળખ માહેરા મોમિન તરીકે થઇ હતી.

મોહંમદ મુખ્તાર અહમદ મોમિન ૮ સપ્ટેમ્બરે તેની પુત્રી માહેરા સાથે સ્કૂટર પર જઇ રહ્યો હતો ત્યારે પૂરપાટ વેગે આવેલી કારે તેના સ્કૂટરને ટક્કર મારી હતી. કારની ટક્કરને કારણે માહેરા સ્કૂટર પરથી નીચે પટકાઇ હતી અને તેને ગંભીર ઇજા પહોંચી હતી. અકસ્માત બાદ ઘાયલ બાળકીને હોસ્પિટલમાં લઇ જવાને બદલે કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થઇ ગયો હતો. બાળકીના પિતા મોહંમદ મુખ્તારે આ પ્રકરણે ભિવંડી શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે કારચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

# સાયબર ફ્રોડથી ૧૦ બૅંક અકાઉન્ટમાં ૨૪ કરોડ રૂપિયા જમા થયા: ત્રણની ધરપકડ

મુંબઈ: પોતાના તથા સાથીદારોના નામે વિવિધ બૅંકમાં અકાઉન્ટ ખોલાવ્યા બાદ તેનો ઉપયોગ સાયબર ફ્રોડ માટે કરનારા ત્રણ જણને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા. સાયબર ફ્રોડથી માત્ર ૧૦ બૅંક અકાઉન્ટમાં ૨૪ કરોડ રૂપિયા જમા થયા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-પાંચની ટીમે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ ઇસ્લામુદ્દીન સલીમુદ્દીન શેખ, યાસીર નસીરુદ્દીન શેખ અને શેખ અબ્દુલ રઝાક શેખ રઉફ તરીકે થઇ હતી. ત્રણેય આરોપી તળોજા વિસ્તારના રહેવાસી છે. આરોપીઓ પાસેથી વિવિધ બૅંકની ૮૮ પાસબૂક, ૧૪૩ ચેકબૂક, ૧૦૦ એટીએમ કાર્ડ તથા દસ્તાવેજો, ૨૪ મોબાઇલ, ૧૬૭ સિમ કાર્ડસ, બે લેપટોપ તેમ જ અન્ય મતા જપ્ત કરવામાં આવી હતી. આરોપીઓએ સાયબર ફ્રોડ માટે ૨,૮૯૮ સિમ કાર્ડસનો ઉપયોગ કર્યો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આરોપીઓને ધરપકડ બાદ કોર્ટમાં હાજર કરાતાં તેમને ૧૯ સપ્ટેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-પાંચના અધિકારીને માહિતી મળી હતી કે ત્રણ વ્યક્તિ પોતાના નામે તથા તેમના સાથીદારોના નામે વિવિધ બૅંકમાં અકાઉન્ટ ખોલ્યા બાદ તેની સાથે લિંક કરવા માટે સિમ કાર્ડ ખરીદે છે અને ચેકબૂક, પાસબૂક મેળવ્યા બાદ ઉપરોક્ત બૅંક અકાઉન્ટનો ઉપયોગ સાયબર ફ્રોડ માટે કરે છે. આ અંગે ખાતરી કરવા માટે તપાસ કરાઇ હતી અને બાદમાં ગુનો આચરનાર ત્રણ જણને ઝડપી પાડવામાં આવ્યા હતા.

# મહારાષ્ટ્રમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ ₹ ૫,૭૨૪ કરોડનું ઈ-ચલણ બાકી

મુંબઈ: દેશના વાહનવ્યવહાર સુસંચાલન માટે ટ્રાફિક પોલીસની વ્યવસ્થા કરી છે, પરંતુ મહારાષ્ટ્રમાંથી ચોંકાવનારા સમાચાર મળી રહ્યા છે. ટ્રાફિકના નિયમોના ભંગ કરવાના કિસ્સામાં ઈ-ચલણ મારફત હજારો કરોડો રૂપિયાનો દંડ વસૂલવાનો બાકી છે તો તંત્રની સુધારાલક્ષી કામગીરી અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

મહારાષ્ટ્રમાં ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે, પરંતુ મોટી સંખ્યામાં વાહનચાલકો ઈ-ચલણનો દંડ ભરવાથી બચી રહ્યા છે. વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધી રાજ્યમાં ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ જારી કરાયેલા ઈ-ચલણની આશરે ૫,૭૨૪ કરોડ રૂપિયાની રકમ બાકી છે. આ આંકડો ટ્રાફિક નિયમોના પાલન તેમ જ દંડની વસૂલાત બંને સામે રહેલા મોટા પડકારને દર્શાવે છે.

ઈ-ચલણની વ્યવસ્થા શરૂ કરવાનો મુખ્ય હેતુ ટ્રાફિક નિયમો તોડનારાઓ સામે ડિજિટલ માધ્યમથી કાર્યવાહી કરવી અને દંડની વસૂલાતને વધુ પારદર્શક તથા અસરકારક બનાવવાનો હતો. મહારાષ્ટ્ર હાઈવે ટ્રાફિક પોલીસના જણાવ્યા અનુસાર, ઈ-ચલણ સિસ્ટમ ટેક્નોલોજીની મદદથી ટ્રાફિક ઉલ્લંઘનની ઓળખ કરી કાગળ વિના દંડની કાર્યવાહી કરવામાં મદદરૂપ થાય છે.

જોકે, ચલણ જારી થયા બાદ મોટી સંખ્યામાં લોકો નિર્ધારિત દંડની રકમ જમા કરાવતા નથી. પરિણામે, વર્ષોથી પેન્ડિંગ રહેલા ઈ-ચલણની રકમ સતત વધી રહી છે. ૫,૭૨૪ કરોડ રૂપિયાની બાકી રકમ રાજ્ય સરકાર માટે માત્ર આવકનો મુદ્દો નથી, પરંતુ લોકો ટ્રાફિક નિયમોને કેટલી ગંભીરતાથી લે છે તે અંગે પણ સવાલો ઉભા કરે છે.

ઈ-ચલણ દ્વારા ટ્રાફિક નિયમો તોડનારાઓ સામેની કાર્યવાહીમાં ટ્રાફિક સિગ્નલનું ઉલ્લંઘન, ઓવર સ્પીડમાં વાહન ચલાવવું, હેલ્મેટ અથવા સીટ બેલ્ટ વિના વાહન ચલાવવું સહિત મોટર વાહન કાયદાના અન્ય ઉલ્લંઘનોનો સમાવેશ થાય છે. મુંબઈ સહિત રાજ્યના વિવિધ શહેરોમાં કેમેરા અને ડિજિટલ સિસ્ટમ દ્વારા આવા ઉલ્લંઘનો પર નજર રાખવામાં આવી રહી છે.

# ભાગવતજી, મરાઠવાડામાં જઈ કૃષિ સંકટ જોઈ આવો: રાઉત

નાંદેડ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના અધ્યક્ષ મોહન ભાગવતે મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રની મુલાકાત લઈ કૃષિ સંકટની સમસ્યા ઉકેલવામાં સરકારની નિષ્ફળતા જાણવી જોઈએ એમ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે જણાવ્યું હતું.

ગુરુવારે નાંદેડમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે કહ્યું કે આરએસએસએ ઘણું સામાજિક કાર્ય કર્યું છે. સંસ્થાના અધ્યક્ષ ઘણીવાર ધર્મથી લઈને આંતરરાષ્ટ્રીય બાબતો સુધીના મુદ્દાઓ પર બોલે છે. તેમણે મહારાષ્ટ્રમાં ખેડૂતોની સ્થિતિ પર પણ ધ્યાન આપવું જોઈએ. ’મોહન ભાગવતને મરાઠવાડા આવીને કૃષિ સંકટ જોવું જોઈએ’ એમ રાઉતે શુક્રવારે ૭૬ વર્ષના ભાગવતને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા કહ્યું. રાઉતે રાજ્ય સરકાર પર રસ્તાના બાંધકામમાં વિલંબનો આરોપ મૂકી કહ્યું કે ‘કોન્ટ્રાક્ટર રાજ આ પરિસ્થિતિ માટે જવાબદાર છે. આ કોન્ટ્રાક્ટરો ખરેખર કોણ છે?’ શું તેઓ શાસક પક્ષના નેતાઓના સંબંધીઓ છે કે પ્રધાનોના સંબંધીઓ? તેમણે (સરકારે) પહેલા આ જાણકારી આપવી જોઈએ. ભાગવતને મહારાષ્ટ્રમાં વર્તમાન સરકારને ટેકો આપવા બદલ પ્રાયશ્ચિત કરવું જોઈએ. (પીટીઆઈ)

# ટૅન્કરે બાઈકને અડફેટે લેતાં ત્રણનાં મોત

બીડ: બીડ જિલ્લામાં બનેલી અકસ્માતમાં ઘટનામાં પુરપાટ વેગે આવેલા ટૅન્કરે બાઈકને અડફેટે લેતાં ત્રણ યુવાનનાં મોત નીપજ્યાં હતાં.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના પાતોડા તહેસીલના ઉકંદા ગામ નજીક ગુરુવારની રાતે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. મૃતકોની ઓળખ કૈલાસ આબા તુલે (૩૦), અક્ષય શિંદે (૨૫) અને હૃષીકેશ ફુલઝડકે (૨૭) તરીકે થઈ હતી. ત્રણેય બીડ તહેસીલના રાજુરી (નવગાંવ)ના રહેવાસી હતા.

પરિવારના સભ્યોના કહેવા મુજબ ત્રણેય જણ અહિલ્યાનગર જિલ્લાના જામખેડથી એક બાઈક પર વતન પાછા ફરી રહ્યા હતા. બીડ તરફ પુરપાટ વેગે જતા ટૅન્કરે તેમની બાઈકને અડફેટે લીધી હતી. ટૅન્કર નીચે કચડાઈ જતાં ત્રણેયનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં. પોલીસે ત્રણેયનાં શબને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આપ્યાં હતાં.

પોલીસે જણાવ્યું હતું કે તુલેના પરિવારમાં પત્ની અને પુત્ર છે, જ્યારે શિંદેના મહિના અગાઉ જ લગ્ન થયાં હતાં. (પીટીઆઈ)

# ડ્રેસિંગ રૂમની માહિતી લીક કરીઃ પાકિસ્તાની ક્રિકેટરો રિઝવાન અને ઈમામની પૂછપરછ

લાહોર : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) દ્વારા ડ્રેસિંગ રૂમની માહિતી લીક થવાના કથિત મામલામાં ફરિયાદ બાદ પાકિસ્તાનની રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનસીસીઆઈએ) એ અનુભવી ખેલાડીઓ મોહમ્મદ રિઝવાન અને ઇમામ-ઉલ-હકની લગભગ ચાર કલાક સુધી પૂછપરછ કરી હતી. આ ઘટના ઇંગ્લેન્ડના ચાલી રહેલા ટેસ્ટ પ્રવાસમાં પાકિસ્તાનના ખરાબ પ્રદર્શન વચ્ચે બની હતી. શિસ્તભંગના મુદ્દાઓને કારણે રિઝવાન અને ઇમામ સહિત સાત ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના બે સભ્યોને પ્રવાસમાંથી અધવચ્ચે જ પાકિસ્તાન પરત મોકલી દેવામાં આવ્યા હતા.

હાલમાં બંને ખેલાડીઓ વિરુદ્ધ તપાસ ચાલી રહી છે અને શનિવારથી શરૂ થનારી દેશની પ્રીમિયર ડોમેસ્ટિક ફર્સ્ટ-ક્લાસ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. આ ઘટનાક્રમ બાદ પાકિસ્તાન ટીમના સુરક્ષા મેનેજરે પહેલાથી જ બંને અનુભવી ખેલાડીઓના મોબાઇલ ફોન એનસીસીઆઈએને સોંપી દીધા છે. પીસીબીના વડા મોહસીન નકવી પાકિસ્તાનના ગૃહમંત્રી પણ છે અને એનસીસીઆઈએ તેમના મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. પીસીબીના પ્રવક્તાએ પુષ્ટી કરી હતી કે એનસીસીઆઈએ કથિત ડ્રેસિંગ રૂમની માહિતી લીક થવાની તપાસ કરી રહ્યું છે. જોકે, તેમણે કહ્યું કે તપાસ ચાલી રહી છે અને હાલમાં આ બાબતે કોઈ વધુ ટિપ્પણી કરવામાં આવશે નહીં.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે રાષ્ટ્રીય ટીમના ખેલાડીઓ વિરુદ્ધ સાયબર એજન્સીમાં ફરિયાદ કરી હોય તેવું આ પ્રથમ વખત છે. રિઝવાન અને ઇમામ બંનેએ એનસીસીઆઈએના સવાલોના લેખિત જવાબો સબમિટ કરવા માટે વધુ સમય માંગ્યો છે. પીસીબીએ અગાઉ જાહેરાત કરી છે કે તેણે શિસ્ત અને આચરણ અંગેના મીડિયા અહેવાલો બાદ આંતરિક શિસ્ત તપાસ શરૂ કરી છે, જેની હાલમાં આંતરિક સમીક્ષા કરવામાં આવી રહી છે.

એક સૂત્રના જણાવ્યા અનુસાર, બંને ખેલાડીઓ એનસીસીઆઈએને તેમના મોબાઈલની ફોરેન્સિક તપાસ કરવાની મંજૂરી આપવા માટે સંમત થયા હોવાના અહેવાલ છે. સૂત્રએ જણાવ્યું હતું કે, ''તપાસનું મુખ્ય કેન્દ્ર ઇંગ્લેન્ડ શ્રેણી દરમિયાન ડ્રેસિંગ રૂમમાંથી માહિતીના કથિત લીક પર રહેશે.'' ■

# પાકિસ્તાન આઉટઃ શ્રીલંકા એશિયા કપની ફાઇનલમાં

## હવે રવિવારે ફાઇનલમાં લંકાનો મુકાબલો ભારત સાથે

દુબઇઃ એશિયા કપની અહીં ગઈ કાલે રમાયેલી સેમિફાઇનલમાં પાકિસ્તાનને ચાર વિકેટે હરાવીને શ્રીલંકા ફાઇનલમાં પહોંચ્યું હતું. શ્રીલંકાએ ૧૮.૫ ઓવરમાં છ વિકેટે ૧૩૨ રન બનાવીને જીત મેળવી હતી. હવે રવિવારે ફાઇનલમાં શ્રીલંકાનો મુકાબલો ભારત સાથે થશે.

આ અગાઉ પહેલાં બેટિંગ કરતા પાકિસ્તાને તેની કૅપ્ટન ફાતિમા સનાના ૩૬ બોલમાં ૪૭ રનની મદદથી પાંચ વિકેટે ૧૩૦ રન બનાવ્યા હતા.

પાકિસ્તાનની ટીમે તેની ચાર વિકેટ બાવન રનમાં જ ગુમાવી દીધી હતી અને ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. સંકટ સમયે ધીરજ સાથે બેટિંગ કરનાર સનાએ જરૂર પડી ત્યારે અંતિમ ઓવરોમાં સ્કોરને ઝડપી વેગ આપ્યો હતો.

બીજી તરફ, ગુલ ફિરોઝાએ સનાને સારો ટેકો આપ્યો હતો તેણે સાવધાની સાથે ૩૨ બોલમાં ૨૧ રન બનાવ્યા હતા. ફાતિમા સનાએ સ્કોરબોર્ડ સતત ફરતું રાખ્યું હતું.

પછીથી તુબા હસને ૧૦ બોલમાં ૧૨ રન બનાવીને પાકિસ્તાનને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડ્યું હતું. અગાઉ શબાલ ઝુલ્ફીકારે ૧૬ બોલમાં ૨૪ રન બનાવીને પાકિસ્તાનને સારી શરૂઆતનો લાભ અપાવ્યો હતો. તેણે ક્લીન શોટ લગાવ્યા હતા અને બને એટલો વી શૅપમાં રમવાનો પ્રયત્ન કર્યો હતો. તેણે આખી સ્પર્ધામાં આવો જ અભિગમ અપનાવ્યો છે અને અત્યાર સુધી એ સફળ થયો છે. જોકે સેમિફાઇનલમાં સારી શરૂઆત પછી એ લાંબું ટકી નહોતી શકી.

ડાબેરી સ્પીનરો ચમોડી પ્રબોદા (પચીસ રનમાં બે વિકેટ) અને સુગંદિકા કુમારી (વીસ રનમાં એક વિકેટ) શ્રીલંકાને પકડ જમાવવામાં મદદ કરી હતી અને પાકિસ્તાનને નિયંત્રણમાં રાખ્યું હતું. ■

# જસ્સી જૈસા કોઇ નહીંઃ નેટમાં વૈભવની બરાબરની પરીક્ષા લીધી

નવી દિલ્હીઃ જ્યારે એક મહાન ખેલાડી એન્ટ્રી કરે છે, ત્યારે ભારતીય ટીમનો માહોલ જ બદલાઈ જાય છે. જસપ્રીત બુમરાહ અહીંના કોટલા મેદાન પર પાછા ફર્યો ત્યારે તેના ચહેરા પર સ્મિત અને ઉત્સાહ તો હતા અને તેની અદભુત કુશળતાની તો વાત જ ન કરવાની હોય.૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીને નેટ પર તેણે બોલિંગ નાખી અને વૈભવ પાસે તેની બોલિંગનો કોઇ જવાબ નથી.

કોટલાની લાઈટ્સ હેઠળ, ભારતના સર્વશ્રેષ્ઠ ઝડપી બોલરે આ નવી પેઢીના સુપરસ્ટારને મુશ્કેલીમાં નાખી દીધો. પહેલો બોલ ગુડ લેન્થ પર પડ્યો અને સૂર્યવંશીએ તેના પર બેટ અડાડવાનો પ્રયાસ કર્યો પણ તે ચૂકી ગયા. બીજો બોલ પણ એ જ લેન્થ પર હતો, જેનાથી નાનો ખેલાડી થોડો ઉતાવળો થઈ ગયો અને બેટની પાસેથી નીકળી ગયો. ત્રીજો બોલ એકદમ શાનદાર યોર્કર હતો, જેને સૂર્યવંશીએ માંડ-માંડ રોક્યો. ચોથો બોલ થોડો શોર્ટ-ઓફ-લેન્થ હતો અને યુવા ખેલાડી માત્ર અડપલું જ કરી શક્યો.



**સિનિયરો વ્યૂહ ગોઠવે છેઃ** નવી દિલ્હીમાં શુક્રવારે નેટ પ્રેક્ટિસ દરમ્યાન કૅપ્ટન શ્રેયસ ઐયર અને જસપ્રીત બુમરાહ. (એજન્સી)

### ઈશાન ઈન્જર્ડ

શુક્રવારે અહીં ભારતીય ટીમની નેટ સેશન દરમિયાન ઇશાન કિશનને પીઠમાં ઇજા આવી ગઈ હતી, જેના કારણે આ વિકેટકીપર-બેટર ખૂબ જ અસ્વસ્થ દેખાતો હતો અને તેની ફિટનેસને લઈને ચિંતાઓ વધી ગઈ છે. કિશન ફાસ્ટ બોલરોની નેટ્સમાં બેટિંગ કરી રહ્યો હતો, ત્યારે નવદીપ સૈનીએ એક સચોટ શોર્ટ બોલ ફેંક્યો હતો. આ ડાબા હાથના બેટરે બોલથી બચવાનો પ્રયાસ કર્યો પરંતુ તે પ્રક્રિયામાં તેની પીઠને ઇજા પહોંચાડી બેઠો. ભારતના વિદાય લઈ રહેલા ફિઝિયો કમલેશ જૈન તેની મદદે દોડી આવ્યા ત્યારે કિશન સ્પષ્ટપણે પીડામાં દેખાઈ રહ્યો હતો. તે થોડી મિનિટો સુધી ઘૂંટણિયે બેસી રહ્યો અને પછી શાંતિથી નેટ્સની બહાર ચાલ્યો ગયો. ■

ચાર જ બોલમાં જસપ્રીતે ટ્રેલર બતાવી દીધું હતું કે સૂર્યવંશીએ ભવિષ્યમાં વધુ સારી પેસ અટેક ધરાવતા દેશો સામે ઉચ્ચ સ્તરે કેવા પડકારોનો સામનો કરવો પડી શકે છે. બુમરાહનો એક બોલ થોડો ઓવર-પિચ્ડ હતો, જેને આ 'બોય વંડર'એ કવર્સની દિશામાં શોટ ફટકારીને બાઉન્ડ્રી બહાર મોકલી દીધો હતો.

સૂર્યવંશી માટે આ ટ્રેનિંગ સેશન સારું ન રહ્યું, કારણ કે તેણે ફિલ્ડિંગ ડ્રિલ દરમિયાન ઓછામાં ઓછા ત્રણ હાઈ કેચ છોડ્યા અને અન્ય તમામ ઝડપી બોલરો સામે પણ બોલ ચૂકી ગયા. યશ ઠાકુર, જેને દુલિપ ટ્રોફીની સેમિફાઇનલમાં માર પડ્યો હતો, તેણે પણ તેને પરેશાન કર્યો, અને અર્શદીપ સિંહે પણ શાનદાર સીમ મૂવમેન્ટથી તેને મુશ્કેલીમાં મૂક્યો. જો કોઈ એક વ્યક્તિએ મહેફિલ લૂંટી હોય, તો તે જસપ્રીત બુમરાહ હતા. તેમણે કેપ્ટન શ્રેયસ ઐયરને પણ કેટલાક બોલ નાખ્યા, જ્યાં અય્યર તેમની ઝડપ સામે ઇનસાઇડ અને આઉટસાઇડ બંને ધાર પર બીટ થયો હતો. (એજન્સી) ■

## ભારત સામેની મેચ જાપાનના ક્રિકેટ માટે બની શકે છે ગેમ ચેન્જરઃ જાપાની કેપ્ટન

નવી દિલ્હી : જાપાનના કેપ્ટન કેન્ડલ કાદોવાકી-ફ્લેમિંગ અને યુવા ઓલરાઉન્ડર ચાર્લી હારા-હિન્ઝેનું માનવું છે કે ૨૨ સપ્ટેમ્બરે ભારત સામેની ઐતિહાસિક ટી૨૦ મેચ માત્ર એક યાદગાર તક જ નહીં પરંતુ બેઝબોલ પ્રેમી દેશમાં ક્રિકેટના વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ શરૂઆત પણ સાબિત થઈ શકે છે. ભારતીય ટીમ બંને દેશો વચ્ચેની પ્રથમ પુરુષ આંતરરાષ્ટ્રીય મેચ માટે જાપાનની મુલાકાત લેશે. આ મેચ આઈચી-નાગોયામાં એશિયન ગેમ્સ પહેલા સાનો ઇન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાશે.

કાદોવાકી-ફ્લેમિંગ માટે એશિયન ગેમ્સમાં ભારતની સાથે અફઘાનિસ્તાન અને નેપાળની યજમાની કરવાનું એ વાતનો પુરાવો છે કે જાપાનમાં ટૂંકા ગાળામાં ક્રિકેટે કેટલી પ્રગતિ કરી છે. તેમણે પીટીઆઈ વીડિયોને કહ્યું હતું કે ''તે ખૂબ જ રોમાંચક છે અને મને લાગે છે કે અફઘાનિસ્તાન અને નેપાળ જેવા દેશોનું જાપાનમાં આવવું એ અહીં ક્રિકેટ માટે એક મોટો વિકાસ છે. થોડાં વર્ષો પહેલા અમે કદાચ વિચાર્યું નહોતું કે આનું આયોજન કરવું શક્ય બનશે.''

જ્યારે આ એક ઐતિહાસિક પ્રસંગ હશે ત્યારે જાપાનના કેપ્ટને ભારપૂર્વક કહ્યું કે તેમની ટીમ ફક્ત ઉજવણી કરવા માટે મેદાનમાં ઊતરશે નહીં. ભારત સામે રમવું ગમે તેટલું રોમાંચક હોય, અમે ફક્ત ઉજવણી કરવા માટે ત્યાં જઈ રહ્યા નથી. અમે પુરુષોની ટીમ તરીકે શું કરી શકીએ છીએ તે દર્શાવવા માટે ત્યાં જઈ રહ્યા છીએ. ભારત જેવી ટીમમાં ચોક્કસપણે દરેક વિભાગમાં ઉત્તમ ખેલાડીઓ છે. ■

# ફીલ્ડિંગની ચિંતા નથી, ભારત એશિયા કપ ફાઇનલ માટે તૈયાર છેઃ દીપ્તિ શર્મા

દુબઈઃ ભારતની અનુભવી ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી ટીમના પ્રભાવશાળી પ્રદર્શન છતાં ખરાબ ફીલ્ડિંગ અંગેની ચિંતાઓને ફગાવી દીધી અને કહ્યું કે ડ્રોપ કેચ રમતનો એક ભાગ છે અને ટીમ ફાઇનલમાં દરેક વિભાગમાં સારું પ્રદર્શન કરવા માટે પ્રતિબદ્ધ છે.

ભારતે આ ટુર્નામેન્ટમાં અત્યાર સુધી તેની બધી મેચ જીતી છે પરંતુ તેનું ફીલ્ડિંગ ખરાબ રહી છે. ખાસ કરીને તેણે ઘણા કેચ છોડ્યા છે. બાંગ્લાદેશ સામેની સેમિફાઇનલમાં પણ ભારતીય ટીમે ચાર તકો ગુમાવી હતી. સેમિફાઇનલમાં બાંગ્લાદેશ સામે ભારતની ૪૦ રનની જીત બાદ દીપ્તિએ કહ્યું હતું કે, ''અમે ફીલ્ડિંગમાં એક ટીમ તરીકે સારું પ્રદર્શન કરી રહ્યા છીએ. અમે પ્રેક્ટિસ દરમિયાન પણ ફીલ્ડિંગ પર ઘણું ધ્યાન આપી રહ્યા છીએ.'' તેણીએ કહ્યું હતું કે, ''મને લાગે છે કે આવું ક્યારેક થાય છે, પરંતુ અમે ફાઇનલમાં ત્રણેય વિભાગમાં સારું પ્રદર્શન કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ.'' ભારત ફાઇનલમાં કટ્ટર હરીફ પાકિસ્તાન અથવા ડિફેન્ડિંગ ચેમ્પિયન શ્રીલંકાનો સામનો કરશે. દીપ્તિએ કહ્યું કે ટીમ બંને ટીમો વચ્ચેની બીજી સેમિફાઇનલ જોયા પછી તેની રણનીતિ બનાવશે. આ મેચ પછી આપણે આવતીકાલે એક મીટિંગ કરીશું. આનાથી આપણને ફાઇનલ માટે વધુ રણનીતિ બનાવવામાં મદદ મળશે.''

દીપ્તિએ ફરી એકવાર શાનદાર પ્રદર્શન કર્યું હતું, છ બોલમાં ૧૩ રન કર્યા હતા અને ૩૬ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. તેણીએ કહ્યું હતું કે, ''જ્યારે પણ મને બેટિંગ કરવાની તક મળે છે ત્યારે હું હંમેશાં માનું છું કે હું બેટથી યોગદાન આપી શકું છું. હું હંમેશાં ઓલરાઉન્ડર તરીકે ટીમમાં યોગદાન આપવા માગું છું.'' ■

# ધુમલ ફરી આઈપીએલના ચેરમેન બને તેવી શક્યતા, મજૂમદાર સભ્યપદે બિનહરીફ

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ના ચૂંટણી અધિકારી એકે જોતિએ શુક્રવારે આઈપીએલ ગવર્નિંગ કમિટીના ચેરમેનપદ માટે અરુણ ધુમલ અને સભ્યપદ માટે ખૈરુલ મજૂમદારના નામાંકનને મંજૂરી આપી હતી જેનાથી ૧૮ સપ્ટેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીમાં તેમની બિનહરીફ પસંદગી લગભગ નિશ્ચિત થઈ ગઈ છે. ધુમલ અને મજૂમદાર મુંબઈમાં બીસીસીઆઈના હેડક્વાર્ટર ખાતે યોજાનારી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) દરમિયાન બિનહરીફ ચૂંટાશે.

બીસીસીઆઈ તરફથી જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ''ચૂંટણી અધિકારીએ સંબંધિત પદો માટે ઉમેદવારોની નામાંકન અરજીઓની ચકાસણી કરી છે અને બીસીસીઆઈ ચૂંટણી ૨૦૨૬ માટે માન્ય રીતે નામાંકિત ઉમેદવારોની યાદી જાહેર કરી છે. અરુણ સિંહ ધુમલ અને ખૈરુલ જમાલ મજૂમદાર ગવર્નિંગ કમિટી માટે માન્ય ઉમેદવારો છે.''

નોટિસ અનુસાર, ઉમેદવારીપત્રો પાછા ખેંચવા માગતા ઉમેદવારો ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા સુધી પરત ખેંચી શકશે. ત્યારબાદ ચૂંટણી અધિકારી તે જ દિવસે સાંજે ૪ વાગ્યા સુધીમાં ચૂંટણી લડી રહેલા ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરશે. ધુમલને આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે ફરીથી ચૂંટવામાં આવે તેવી શક્યતા છે જ્યારે મજૂમદાર પણ સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાશે. ■

## બીસીસીઆઈએ સેન્ટર ઓફ એક્સેલન્સમાં સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ મેડિસિનના વડાના પદ માટે અરજીઓ મગાવી

નવી દિલ્હી : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ શુક્રવારે તેના સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ) માં સ્પોર્ટ્સ સાયન્સ એન્ડ મેડિસિનના વડાના પદ માટે અરજીઓ મંગાવી હતી. માર્ચ ૨૦૨૫માં નીતિન પટેલના રાજીનામા બાદથી આ મહત્ત્વપૂર્ણ પદ ખાલી છે. હજુ સુધી આ પદ પર કોઈની ભરતી કરાઈ નથી. બીસીસીઆઈના સચિવ દેવજીત સૈકિયા અને સીઓઈના અધ્યક્ષ વીવીએસ લક્ષ્મણે જાહેરમાં આ પદ ભરવામાં આવતા પડકારો વિશે વાત કરી છે. અરજીઓ સબમિટ કરવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર છે.

ભારતના ભૂતપૂર્વ ફિઝિયો એન્ડ્રુ લીપસ આ પદ માટે બીસીસીઆઈની પહેલી પસંદગી હતા, પરંતુ તેમણે કૌટુંબિક કારણોસર પદ છોડવાનો નિર્ણય લીધો હતો. ગયા મહિને બીસીસીઆઈ સીઓઈ ખાતે લક્ષ્મણે મીડિયાને જણાવ્યું હતું કે, ''નીતિનના ગયા પછી અમને આ પદ સંભાળી શકે તેવું કોઈ મળ્યું નહીં. અમારી પાસે એન્ડ્રુ લીપસ હતા અને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. વાસ્તવમાં દેવજીત સૈકિયાએ તેમની સાથે બે કે ત્રણ બેઠકો પણ યોજી હતી પરંતુ અચાનક પારિવારિક કારણોસર એન્ડ્રુએ પીછેહટ કરી હતી.''

તાજેતરમાં ખેલાડીઓની ઇજાની સંભાળવાને લઈને સીઓઈની કામગીરી અંગે પ્રશ્નો ઊભા થયા છે. લક્ષ્મણે જણાવ્યું હતું કે સંપૂર્ણ પસંદગી પ્રક્રિયાના ભાગ રૂપે આ પદ માટે ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું હતુ કે, ''અમે ડો. દિનશા પારડીવાલા, ડો. આશિષ સોની, ડો. રોહન ખાવતે એક સંપૂર્ણ ઇન્ટરવ્યૂ પ્રક્રિયા હાથ ધરી હતી. અમે પાંચ ઉમેદવારોને શોર્ટલિસ્ટ કર્યા હતા અને ટોચની પસંદગી ઑસ્ટ્રેલિયન હતી. આ એક પૂર્ણ-સમયની નોકરી છે, પાર્ટ-ટાઇમ નહીં. તેના માટે દૈનિક દેખરેખની જરૂર છે.'' ■

# બે મહિનાના વિરામ બાદ લયમાં આવવું મુશ્કેલ હતું, દુલીપ ટ્રોફીએ કરી મદદઃ સિરાજ

ચેન્નઈઃ ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે સ્વીકાર કર્યો હતો કે બે મહિનાના વિરામ પછી શ્રીલંકા પ્રવાસ દરમિયાન તેને પોતાની ગતિ અને લય પાછી મેળવવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો, પરંતુ દુલીપ ટ્રોફીમાં લાંબા સ્પેલે તેને તેની લય પરત મેળવવામાં મદદ કરી હતી. શ્રીલંકા સામેની બે ટેસ્ટ શ્રેણી દરમિયાન સિરાજ પોતાના જૂના ફોર્મમાં જોવા મળ્યો નહોતો. તે પોતાનું ફોર્મ પરત મેળવી શક્યો નહોતો. તેની સ્પીડમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હતો. સિરાજે શ્રેણીમાં ચાર ઇનિંગ્સમાં ફક્ત ૪૪ ઓવર બોલિંગ કરી હતી.



સિરાજે દુલીપ ટ્રોફી ફાઇનલ પછી પત્રકારોને જણાવ્યું હતું કે, ''બે મહિનાના વિરામ પછી સીધા મેચ રમવાનું સરળ નહોતું. હું સંપૂર્ણપણે મારી લયમાં નહોતો. હું એક એવો બોલર છું જે સંપૂર્ણપણે ફોર્મ પર આધાર રાખે છે. જો હું લયમાં ન હોઉં તો હું મારા શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકતો નથી.'' તેણે કહ્યું હતું કે, ''શ્રીલંકામાં તે મારી સમસ્યા હતી. હું મારા રન-અપનું તાલમેલ સાધી શક્યો ન હતો. મારા કેટલાક સ્ટેપ ખૂબ ટૂંકા હતા, કેટલાક ખૂબ લાંબા.'' આનાથી મારી લયમાં અડચણ ઊભી થઈ હતી અને મારી ઝડપ ધીમી થઈ ગઈ હતી. ૮ જૂનના રોજ સમાપ્ત થયેલી અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પછી ૩૨ વર્ષીય સિરાજે બે મહિના આરામ કર્યો અને પછી શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટીમમાં જોડાયો. જોકે, સિરાજે ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન વચ્ચેની દુલીપ ટ્રોફી ફાઇનલમાં ૪૧ ઓવર બોલિંગ કરી અને તેની લય પાછી મેળવી હતી.

સિરાજે કહ્યું હતું કે, ''તમારે તમારી ટીમ અને દેશ માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવો પડશે.'' દુલીપ ટ્રોફી ફાઇનલની પહેલી ઇનિંગમાં ઇસ્ટ ઝોનના બેટ્સમેનોએ સિરાજ સામે ખૂબ રન ફટકાર્યા હતા. તેણે ૨૫ ઓવરમાં ૧૪૦ રન આપ્યા હતા અને વિકેટ લેવા માટે બીજી ઇનિંગ સુધી રાહ જોવી પડી હતી. તેણે કહ્યું કે , ''આજે ભલે મને કોઈ વિકેટ ન મળી, પણ આંતરરાષ્ટ્રીય સ્તરે મારી મહેનત રંગ લાવશે. મેં આ મેચ ફક્ત મારી લય પાછી મેળવવા માટે રમી હતી. તેનાથી મને ઘણો ફાયદો થયો છે.'' ■

## રાહુલ-યશસ્વી પર હશે ન્યૂ ઝીલૅન્ડમાં સૌની નજરઃ બૉલ્ટ

નવી દિલ્હીઃ ન્યૂ ઝીલેન્ડના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટનું માનવું છે કે ન્યૂઝિલેન્ડ વિરુદ્ધ ૧૯ નવેમ્બરથી શરૂ થનારી બે ટેસ્ટ મેચની શ્રેણીમાં કેએલ રાહુલ ભારતનો મુખ્ય બેટ્સમેન સાબિત થશે. રાહુલની બેટિંગથી પ્રભાવિત બોલ્ટનું માનવું છે કે તે શ્રેણીના મુખ્ય ખેલાડીઓમાંનો એક હશે.



ટેસ્ટ ક્રિકેટમાં ૩૧૭ વિકેટ લેનાર ૩૭ વર્ષીય બોલ્ટે યુરોપિયન ટી૨૦ પ્રીમિયર લીગ દ્વારા આયોજિત એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, ''હું કેએલ રાહુલની બેટિંગનો મોટો ચાહક છું. તે ભારતીય બેટિંગ લાઇન-અપના ટોચના ક્રમમાં એક મુખ્ય ખેલાડી છે. જયસ્વાલ પણ ટીમમાં છે. આ બે બેટ્સમેનોને રમતા જોવાનું રસપ્રદ રહેશે.''

તેણે કહ્યું હતું કે, ''જ્યારે પણ ભારતીય ટીમ ટેસ્ટ ક્રિકેટ રમવા માટે ન્યૂઝીલેન્ડ આવે છે, ત્યારે તે જોવાની મજા આવે છે.'' આ પ્રવાસ ફેબ્રુઆરી-માર્ચને બદલે ઓક્ટોબર-નવેમ્બરમાં થઈ રહ્યો છે, જ્યારે હવામાન ઘણું ઠંડું રહેશે અને બેટ્સમેનોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

બોલ્ટે કહ્યું હતું કે, ''આ પ્રવાસ ઓક્ટોબરના અંતમાં થશે, તેથી હવામાન ઘણું ઠંડું રહેશે. આશા છે કે વિકેટો પર ઘાસ હશે, જે આપણા બોલરોને મદદ કરશે. બોલ્ટ અને ટિમ સાઉથી ઘણાં વર્ષોથી ન્યૂ ઝીલેન્ડ માટે નવા બોલથી બોલિંગ કરી રહ્યા હતા પરંતુ બોલ્ટનું માનવું છે કે વર્તમાન બોલરો પાસે પૂરતી વિવિધતા અને પોતાને સાબિત કરવાની ક્ષમતા છે.

તેમણે કહ્યું હતું કે, ''મને લાગે છે કે આપણી બોલિંગ એકદમ સંતુલિત છે. વિલ ઓ'રોર્ક તરીકે આપણી પાસે એક સારો ઝડપી બોલર છે, જ્યારે કાયલ જેમિસન પાસે સ્વિંગ છે અને મેટ હેનરી શાનદાર બોલિંગ કરે છે.'' ■

# ગોફને હરાવીને રાયબકિના પ્રથમ વખત યુએસ ઓપન ફાઇનલમાં, હવે સબાલેન્કા સામે ટક્કર

ન્યૂયોર્કઃ કઝાકિસ્તાનની એલેના રાયબકિના ૨૦૨૬ યુએસ ઓપનની મહિલા સિંગલ્સની ફાઇનલમાં પહોંચી ગઈ છે. રાયબકિનાએ અમેરિકન કોકો ગોફને હરાવીને ટાઇટલ મેચમાં પ્રવેશ કર્યો હતો. આ તેની પ્રથમ યુએસ ઓપન ફાઇનલ છે. આર્થર એશે સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક મેચમાં એલેના રાયબકિનાએ જોરદાર વાપસી કરી અને કોકો ગૌફને ૩-૬, ૬-૪, ૬-૪થી હરાવી હતી.

ગોફે સારી શરૂઆત કરી હતી અને શરૂઆતથી જ રાયબકિના પર દબાણ બનાવ્યું હતું, પહેલો સેટ ૬-૩થી જીતી લીધો હતો. જ્યારે વિશ્વની નંબર વન રાયબકિના પહેલો સેટ હારી ગઈ, ત્યારે એવું લાગતું હતું કે તે ફરીથી યુએસ ઓપન ફાઇનલમાં પહોંચવાની તક ગુમાવશે. પરંતુ ૨૭ વર્ષીય ખેલાડીએ પોતાની રમતમાં સુધારો કર્યો અને શાનદાર વાપસી કરી હતી. આગામી બે મુશ્કેલ સેટમાં પોતાનું સંયમ જાળવી રાખ્યું અને જીત મેળવી હતી.

મેચ પછી રાયબકિનાએ કહ્યું હતું કે, ''તે ફક્ત એક બ્રેક હતો અને તે નર્વસ હતી. ભલે ક્યારેક તેની પહેલી સર્વિસ સારી ન હોય પણ તેની બીજી સર્વિસ એટલી સારી હતી કે રેલીને નિયંત્રિત કરવી મુશ્કેલ હોય છે. ત્રીજો સેટ શાનદાર હતો. હું તેની સર્વિસ પર થોડી નસીબદાર હતી.

૨૦૨૬ યુએસ ઓપનની મહિલા સિંગલ્સ ફાઇનલ એક રોમાંચક રહે તેવી સંભાવના છે. વિશ્વની નંબર ૧ રાયબકિનાનો સામનો વિશ્વની નંબર ૨ એરિના સબાલેન્કા સામે થશે. રાયબકિના પ્રથમ વખત યુએસ ઓપન ફાઇનલમાં પહોંચી છે અને તેણી પોતાનું પ્રથમ ટાઈટલ જીતવાનો પ્રયાસ કરશે. આ સબાલેન્કાની સતત ચોથી ફાઇનલ છે. અગાઉના બે યુએસ ઓપન ટાઇટલ (૨૦૨૪ અને ૨૦૨૫) જીત્યા બાદ સબાલેન્કા સતત ત્રીજું ટાઈટલ જીતવાથી એક જીત દૂર છે. આ વર્ષની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયન ઓપન જીતનાર એલેના પાસે હવે ન્યૂ યોર્કમાં પોતાનું પ્રથમ યુએસ ઓપન ટાઇટલ જીતવાની તક છે. ■

## મલયેશિયાને હરાવીને ભારત જુનિયર પુરુષ એશિયા કપની ફાઈનલમાં

મોકી (ચીન)ઃ શાનદાર ફોર્મમાં રહેલા કેપ્ટન અનમોલ ઈક્કાના બે ગોલની મદદથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતે મલયેશિયાને ૩-૧થી હરાવીને સતત ચોથી વખત એએચએફ મેન્સ જૂનિયર એશિયા કપની ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ડ્રેગ-ફ્લિકર અનમોલે નેતૃત્વ કરતા બે પેનલ્ટી કોર્નરને કન્વર્ટ કર્યા હતા. હવે ટુર્નામેન્ટમાં તેના ૧૬ ગોલ થયા છે. ગોલકીપર વિવેક લાકડાએ પણ એક પેનલ્ટી સ્ટ્રોક સહિત અનેક શાનદાર બચાવ કર્યા હતા જેનાથી ભારત દબદબો જાળવી શક્યું હતું.

ભારતની નજર સતત ચોથા અને એકંદરે છઠ્ઠા ટાઇટલ જીતવા પર છે. હવે તેનો સામનો પાકિસ્તાન અને દક્ષિણ કોરિયા વચ્ચેની બીજી સેમિફાઇનલના વિજેતા સામે થશે. ભારતે આક્રમક શરૂઆત કરી, જેમાં અજિત યાદવ પ્રથમ બે મિનિટમાં બે વાર મલયેશિયન સર્કલમાં પ્રવેશ્યો હતો

ભારતે ઝડપથી ત્રણ પેનલ્ટી કોર્નર મળ્યા પરંતુ મલયેશિયન ગોલકીપર અમ્સિયાર મોહમ્મદ આદિબે તેને ગોલમાં બદલવા દીધા નહીં. મલયેશિયા પ્રથમ ક્વાર્ટરની અંતિમ મિનિટમાં ગોલ કરવાની નજીક પહોંચ્યું પરંતુ ટીમ નિષ્ફળ રહી હતી. દરમિયાન ભારતે ૧૬મી મિનિટે પોતાનો ચોથો પેનલ્ટી કોર્નર મેળવ્યો. કેપ્ટન અનમોલે તેને કન્વર્ટ કરીને ભારતને લીડ અપાવી. મલયેશિયાએ કાઉન્ટર એટેકમાં પોતાનો પહેલો પેનલ્ટી કોર્નર મેળવ્યો.

ભારતીય ગોલકીપર લાકડાએ ૩૪મી મિનિટમાં બે પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા. ભારતના મનમીત સિંહને ૩૬મી મિનિટે અને પ્રભદીપ સિંહને ૪૧મી મિનિટે યલો કાર્ડ મળ્યું હતું. ■

### શીતલ દેવીએ રચ્યો ઈતિહાસ, જીત્યો ગૉલ્ડ

# ઓમર અબ્દુલ્લાએ આપ્યા અભિનંદન

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ પેરા તિરંદાજ શીતલ દેવીને વર્લ્ડ આર્ચરી પેરા સીરિઝ ૨૦૨૬ના સ્ટેજ-૩માં ગોલ્ડ મેડલ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે શીતલની સિદ્ધિને સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની ક્ષણ ગણાવી હતી.

એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં મુખ્યમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે શીતલ દેવીએ મહિલા કમ્પાઉન્ડ વ્યક્તિગત ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો. તેણીએ કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો. ઓમર અબ્દુલ્લાએ શીતલને ભવિષ્યની સ્પર્ધાઓમાં શુભકામનાઓ અને સતત સફળતાની શુભેચ્છા પાઠવી હતી ૧૯ વર્ષીય શીતલ દેવી જમ્મુના કિશ્તવાડ જિલ્લાની રહેવાસી છે. તેણીએ અમદાવાદમાં આયોજિત વર્લ્ડ આર્ચરી પેરા સીરિઝમાં મહિલા કમ્પાઉન્ડ શ્રેણીની ફાઇનલ જીતીને પોતાનો પહેલો વ્યક્તિગત ગોલ્ડ મેડલ જીત્યો છે. આ સિદ્ધિએ જમ્મુ અને કાશ્મીર અને દેશ બંનેને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવી છે. ■

# સત્ર દરમિયાન સેન્સેક્સ ૭૪૨ પૉઈન્ટ પટકાયા બાદ ક્રૂડ તેલના ભાવ ઘટતા અંતે સાધારણ ૧૨૦ પૉઈન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં પીછેહઠ જોવા મળવાની સાથે ખાસ કરીને આઈટી ક્ષેત્રના શૅરોમાં અને એચડીએફસી બૅન્કના શૅરોમાં લેવાલી નીકળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં સત્ર દરમિયાન જોવા મળેલો ૭૪૨.પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં જોવા મળેલો ૨૪૬.૪૦ પૉઈન્ટનો ઘટાડો ધોવાઈ ગયો હતો અને અંતે બૅન્ચમાર્ક અનુક્રમે સાધારણ ૧૨૦.૮૩ પૉઈન્ટ અને ૭૯.૭૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યા હતા. તેમ જ સાપ્તાહિક ધોરણે સેન્સેક્સમાં ૨.૨૬ ટકાનો અથવા તો ૧૭૩૩.૬૭ પૉઈન્ટનો અને નિફ્ટીમાં બે ટકા અથવા તો ૪૯૯.૬ પૉઈન્ટનો ઘટાડો નોંધાયો છે.

વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૨,૬૧૬.૮૯ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૫૪૭.૭૯ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૯૩૦.૯૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૫,૧૦૯.૫૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૩,૧૪૧.૪૧ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૯૬૮.૧૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેકસ ગઈકાલના ૭૪,૯૦૨.૫૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૪,૩૦૯.૧૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૪,૧૬૦.૧૬ અને ઉપરમાં ૭૪,૯૧૭.૧૫ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૦.૧૬ ટકા અથવા તો ૧૨૦.૮૩ પૉઈન્ટના ઘટાડા સાથે ૭૪,૭૮૧.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૪૭૭.૮૦ના બંધ સામે ૨૩,૨૭૦.૩૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૨૩૧.૪૦ અને ઉપરમાં ૨૩,૪૪૮.૧૦ની રેન્જમાં અથડાઈને અંતે ૦.૩૪ ટકા અથવા તો ૭૯.૭૦ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૩,૩૯૮.૧૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નફારૂપી વેચવાલી નીકળતાં ભાવ ૩.૧૯ ટકા ઘટીને બેરલદીઠ ૧૦૪.૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના નિર્દેશો તેમ જ ચોક્કસ ક્ષેત્રના શૅરોમાં અને તેમાં પણ ખાસ કરીને આઈટી શૅરોમાં વૅલ્યૂ બાઈંગ નીકળતાં બજારમાં મોટો ઘટાડો અટક્યો હતો અને સાધારણ ઘટાડા સાથે બૅન્ચમાર્ક બંધ રહ્યા હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. જોકે, ક્રૂડતેલના ઊંચા ભાવ, વિદેશી ફંડોનો બાહ્યપ્રવાહ અને ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે બજારમાં ભારે ચંચળતાનું વલણ જોવા મળી રહ્યું છે,




પરંતુ તેની સામે આગામી મધ્યમ સમયગાળાના મક્કમ આઉટલૂકને ધ્યાનમાં લેતા સ્થાનિક ફંડોની લેવાલીનો બજારને ટેકો મળી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટ ગેપડાઉન સાથે ખૂલ્યા બાદ ખાસ કરીને હેવી વેઈટ શૅરોમાં ઘટ્યા મથાળેથી નીકળેલું વૅલ્યૂ બાઈંગ અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવતાં બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી સાધારણ ઘટાડા સાથે બંધ રહ્યા હોવાનું રિસર્ચ એનાલિસ્ટ કંપની એચએસટી વૅલ્થના સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્ણને જણાવતાં ઉમેર્યું હતું કે આજે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવ્યો છે, પરંતુ ભાવ હજુ બેરલદીઠ ૧૦૪ ડૉલર જેવી ઊંચી સપાટીએ જ હોવાથી ફુગાવામાં વધારાની અને આયાત બિલ વધતાં રૂપિયો પણ દબાણ હેઠળ આવે તેવી ચિંતા યથાવત્ છે.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૫૫૯ શૅરમાં કામકાજ થયા હતા. જેમાં ૧૭૩૯ શૅરના ભાવ વધીને ૨૬૧૨ શૅરના ભાવ ઘટીને અને ૨૦૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૧ શૅરના ભાવ વધીને અને ૧૯ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૧.૬૭ ટકાનો ઘટાડો ટાટા સ્ટીલમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે રિલાયન્સમાં ૧.૩૩ ટકાનો, સન ફાર્મામાં ૧.૧૮ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૧.૧૩ ટકાનો, એનટીપીસીમાં ૧.૧૦ ટકાનો અને પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૦૭ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૨.૦૨ ટકાનો વધારો એચડીએફસીમાં આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટેક મહિન્દ્રામાં ૧.૩૮ ટકાનો, એચસીએલ ટેક્નોલૉજીસમાં ૦.૮૫ ટકાનો, ઈટર્નલમાં ૦.૭૮ ટકાનો, ઈન્ફોસિસમાં ૦.૬૪ ટકાનો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૦.૬૨ ટકાનો સુધારો આવ્યો હતો. આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૩૭ શૅરના ભાવ ઘટીને, ૧૨ શૅરના ભાવ વધીને અને એક શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યાના અહેવાલ હતા.

આજે બીએશઈ ખાતેના સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૬૭ ટકાનો અને મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૦૭ ટકાનો ઘટાડો આવ્યો હતો.

તેમ જ આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૨.૬૯ ટકાનો, મેટલ ઈન્ડેક્સમાં ૨.૪૦ ટકાનો, કૉમૉડિટી ઈન્ડેક્સમાં ૧.૬૧ ટકાનો, એનર્જી ઈન્ડેક્સમાં ૧.૦૬ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં એક ટકાનો અને ઑટો ઈન્ડેક્સમાં ૦.૮૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે આજે ફાઈનાન્સિયલ સર્વિસીસ, પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સ, આઈટી, ટેલિકોમ્યુનિકેશન, બૅન્કેક્સ, અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હતું.

આજે એશિયન બજારમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હૉંગકૉંગનો હૅંગસૅંગ ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે યુરોપના બજારોમાં મધ્યસત્ર દરમિયાન સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં બે પૈસાની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હોવાના નિર્દેશો તેમ જ સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલો ૨૭ પૈસાનો ઘટાડો ધોવાઈ ગયો હતો અને અંતે સાધારણ બે પૈસાના ઘટાડા સાથે ૯૫.૫૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સતત પાંચમાં સત્રમાં ડૉલર સામે રૂપિયામાં પીછેહઠ જળવાઈ રહી હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે એકંદરે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૫૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૯૫.૭૯ સુધી ગબડ્યો હતો.

જોકે, ત્યાર બાદ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ ઘટી આવવાની સાથે સંભવિતપણે રિઝર્વ બૅન્કનો પણ બજારમાં હસ્તક્ષેપ રહેતાં ઉપરમાં ૯૫.૫૧ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે બે પૈસાના ઘટાડા સાથે ૯૫.૫૪ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે ક્રૂડતેલના ઊંચા ભાવ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતા આજે ડૉલર સામે રૂપિયામાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હતું અને સાપ્તાહિક ધોરણે ૧૧૧ પૈસાનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને નબળા ચોમાસાને કારણે સ્થાનિક સ્તરે આર્થિક દૃષ્ટિએ લોકમાનસ ખરડાઈ જતાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ગબડતા રૂપિયાને ટેકો આપવા માટે લીધેલા પગલાંને હતોત્સાહિત કર્યા છે. અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયા માટે ૯૫.૮૦ની સપાટી પ્રતિકારક સપાટી અને ૯૫.૧૫ની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થઈ શકે છે.

વૈશ્વિક બજારના વર્તમાન પરિબળો અને ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ જોવા મળે તેમ જણાય છે અને ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૫.૪૫થી ૯૫.૯૦ આસપાસની રહી શકે છે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે રિઝર્વ બૅન્કનો સંભવિત હસ્તક્ષેપ રૂપિયાને ટેકો આપી શકે છે.

## સોનું ₹ ૧૩૪૯ નરમ, ચાંદી વધુ ₹ ૪૭૨૨ તૂટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં વધારો થવાની ચિંતા સપાટી પર આવવાની સાથે કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં એક ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. જોકે, આજે ક્રૂડતેલમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડો આવ્યાના નિર્દેશો સાથે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા બન્ને કિંમતી ધાતુઓમાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૩૪૩થી ૧૩૪૯નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૭૨૨નો ઘટાડો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ અને વધુ ભાવઘટાડાના આશાવાદ સાથે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ જ્વેલરી ઉત્પાદકો અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૭૨૨ના ઘટાડા સાથે રૂ. ૨,૨૮,૯૨૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલી નિરસ રહી હતી અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૩૪૩ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૩૩૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૩૪૯ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૯૩૮ના મથાળે રહ્યા હતા.

ગત ઑગસ્ટ મહિનાનાં અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં બજારની અપેક્ષાનુસાર વધારો થવાની સાથે ક્રૂડતેલના ભાવ પણ વધી આવ્યાના અહેવાલોને ધ્યાનમાં લેતા ગઈકાલે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ક્રૂડતેલમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ જોવા મળતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૩૩૯.૪૬ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૪૩૮૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૬૩.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આગામી સોમવારે યોજાનાર ગલ્ફ કૉઑપરેશન કાઉન્સિલની બેઠકમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગથી વેપારી જહાજોની આવનજાવન અંગે કોઈ ઉકેલ આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે ક્રૂડતેલના ભાવ ઘટી આવતા સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સાક્સો બૅન્કના કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઑલે હસને જણાવતાં ઉમેર્યું હતું કે આજે વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૪૩૦૦ ડૉલર આસપાસની ટેકાની સપાટીએથી ખરીદદારોનો રસ જોવા મળ્યો છે. જોકે, સપ્તાહના અંતે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની ઉપર જ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

ગઈકાલે અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટાની જાહેરાત પશ્ચાત્ બજાર વર્તુળો આગામી ૧૫-૧૬ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૭ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા હતા. જોકે, આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના ઑગસ્ટ મહિનાના ફુગાવાના ડેટા પર બજારની નજર હોવાથી અમુક અંશે સાવચેતીનો અભિગમ પણ જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ધાતુમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીએ કોપર સહિતની ધાતુઓમાં ભાવઘટાડો



મુંબઈ: વ્હાઈટ હાઉસ તરફથી કોપરની આયાત સામેની ટૅરિફ અંગેની સ્પષ્ટતાનો અભાવ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ભાવઘટાડાના માહોલમાં વધુ ઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૯૬ સુધીનો ઘટાડો આવ્યો હતો.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની ઊંચી મથાળેથી નીકળેલી નફારૂપી વેચવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૯૬ ઘટીને રૂ. ૫૩૪૪, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૫૩ ઘટીને રૂ. ૧૪૪૬, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૩૩ ઘટીને રૂ. ૧૩૭૪, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૩૦ ઘટીને રૂ. ૧૩૬૩, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૯ ઘટીને રૂ. ૧૩૫૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૭૫ અને રૂ. ૧૬૨૩, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૯૯૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૪૩૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૯૪૫ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૫૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૦૭ અને રૂ. ૨૦૨ના મથાળે ટકેલા રહ્યા હતા.

## ખાંડમાં વધુ ₹ ૯૪થી ૨૨૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મથકો પર વર્તમાન સપ્ટેમ્બર મહિનાના પહેલા પખવાડિયાના મુક્ત વેચાણ માટે સરકારે જાહેર કરેલા ૧૩ લાખ ટનના ક્વૉટા પૈકીના માલોની વેચવાલીનું દબાણ રહેતાં ખાસ કરીને મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશની ખાંડ મિલો પર એક્સ મિલ ધોરણે ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે એકંદરે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની લેવાલી પણ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ હાજરમાં ખાંડના ભાવમાં વધુ ક્વિન્ટલે રૂ. ૯૪થી ૨૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૧૦થી ૨૫૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ પણ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ ભાવમાં પીછેહઠ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૨૦ અને ઉપલા મથાળેથી રૂ. ૧૭૨ ઘટીને રૂ. ૪૭૩૦થી ૪૯૦૦ના મથાળે અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૯૮ અને ઉપલા મથાળેથી રૂ. ૯૪ના ઘટાડા સાથે રૂ. ૪૮૫૨થી ૫૧૫૨ ગુણવત્તાનુસાર ધોરણે રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૫૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૦૦થી ૪૬૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૫૦ અને ઉપલા મથાળેથી રૂ. ૨૩૦ના ઘટાડા સાથે રૂ. ૪૬૦૦થી ૪૭૦૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



## પાંખાં કામકાજો વચ્ચે આરબીડી પામોલિનમાં ધીમો સુધારો

### ભારતમાં સોયાબીનનાં ઉત્પાદનમાં આઠ ટકા ઘટાડાનો અમેરિકી કૃષિ વિભાગનો અંદાજ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૨૭ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૭ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો છૂટાછવાયા રહેતાં માત્ર આરબીડી પામોલિનના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. દરમિયાન ગઈકાલે અમેરિકી કૃષિ વિભાગે ભારતમાં ચોમાસાની અનિશ્ચતતાને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૬-૨૭માં સોયાબીનના ઉત્પાદનમાં આઠ ટકા ઘટાડો થવાનો અંદાજ મૂક્યો હોવાના અહેવાલ હતા. વધુમાં સરકારે ગુજરાતમાં ટેકાના ભાવથી ખરીફ મગફળી, સોયાબીન, મગ અને અડદની ખરીદી માટે ખેડૂતોના રજિસ્ટ્રેશનની ગઈકાલ તા. ૧૦મી સપ્ટેમ્બરથી શરૂઆત કરી છે અને ખેડૂતો આગામી નવમી ઑગસ્ટ સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલુ રહેશે, એમ બજાર વર્તુળો તરફથી જાણવા મળ્યું છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના ઑક્ટોબર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૫, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૫૨૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦ અને જી-વનના ઑક્ટોબર ડિલિવરી શરતે રૂ. ૧૪૬૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૪૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૬૫૦થી ૫૮૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૯૫૦થી ૬૦૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૫૦માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, સિંગતેલના રૂ. ૧૮૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૮૦ અને સરસવના રૂ. ૧૭૭૦ના મથાળે રહ્યા હતા.

# વિધાનસભામાં 'ગુજરાત ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ બિલ-૨૦૨૬' પસાર, પાંચ કાયદાઓમાં ૧૨ મોટા સુધારા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : રાજ્યમાં ઉદ્યોગો અને વ્યવસાયો માટે નિયમનકારી પ્રક્રિયાઓને વધુ સરળ, ઝડપી અને રોકાણ-અનુકૂળ બનાવવાના હેતુથી ગુજરાત વિધાનસભામાં 'ગુજરાત ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ બિલ, ૨૦૨૬' બહુમતીથી પસાર કરવામાં આવ્યું છે. ઉદ્યોગ રાજ્ય પ્રધાને ડૉ. જયરામ ગામીતે ગૃહમાં બિલ રજૂ કરતા જણાવ્યું હતું કે, આ વિધેયકથી 'મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ' અને 'ટ્રસ્ટ-બેઝ્ડ ગવર્નન્સ' (વિશ્વાસ આધારિત શાસન)ના સંકલ્પને સાકાર કરવામાં આવશે.

નવા વિધેયક દ્વારા જુદા જુદા ૫ રાજ્ય કાયદાઓની ૧૨ સુધારાત્મક કલમોને એક જ છત્ર હેઠળ લાવીને કાયદાકીય પ્રક્રિયાને સરળ બનાવીને સદનનો સમય બચાવવામાં આવ્યો છે. બિલ હેઠળ કરાયેલા પાંચ મુખ્ય કાયદાકીય સુધારાની વાત કરવામાં આવે તો, ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ, ૨૦૧૯; ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ, ૨૦૧૩; ગુજરાત એમએસએમઈ ફેસિલિટેશન એક્ટ, ૨૦૧૯; ગુજરાત રાઇટ ઓફ સિટિઝન્સ ટુ પબ્લિક સર્વિસિસ એક્ટ, ૨૦૧૩ અને ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૬૭માં મહત્વપૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે.

આ કાયદાકીય સુધારાઓથી 'ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' અને આગામી ૧૧મી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ માટે રોકાણનું વાતાવરણ વધુ અનુકૂળ બનશે. જાહેર સલામતી કે શ્રમિક અધિકારો સાથે કોઈ સમજૂતી કર્યા વિના બિનજરૂરી સરકારી પ્રક્રિયાઓ દૂર કરીને ગુજરાતને વૈશ્વિક કક્ષાનું બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બનાવવાની દિશામાં આ નિર્ણય મહત્વપૂર્ણ સાબિત થશે. રાજ્યમાં વ્યવસાય અને રોકાણકારી પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને ઉદ્યોગસ્નેહી બનાવવાના હેતુથી આ મહત્વપૂર્ણ વિધેયક લાવવામાં આવ્યું છે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગો અને નાગરિકો પરનો બિનજરૂરી નિયમનકારી બોજ ઘટાડવાનો, પ્રક્રિયાઓને સરળ બનાવવાનો, સ્વ-ઘોષણા અને સ્વ-પ્રમાણીકરણને પ્રોત્સાહન આપવાનો તેમજ જોખમ આધારિત અને ટેક્નોલોજી આધારિત વહીવટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે. ઓછા જોખમવાળી પ્રવૃત્તિઓમાં ફરજિયાત પૂર્વ મંજૂરી તથા ભૌતિક સંપર્કની જરૂરિયાત ઘટાડીને વિશ્વાસ આધારિત શાસન તરફ આગળ વધવાની દિશા આ બિલમાં દર્શાવવામાં આવી હોવાનું ડૉ. જયરામ ગામીતે જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં હવે ૨૪ કલાક ખુલ્લી રહેશે દુકાનો અને રેસ્ટોરન્ટ્સ, ગુમાસ્તા ધારામાં મહત્ત્વનો સુધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં હવે દુકાન, મૉલ, રેસ્ટોરન્ટ, કૅફે, ગેરેજ અને શોરૂમ ૨૪ કલાક ખુલ્લા રાખી શકાશે. સરકારે ગુમાસ્તા ધારામાં મહત્વનો સુધારો કર્યો છે.

ચોમાસુ સત્રના અંતિમ દિવસે લેવાયેલા આ નિર્ણયથી રાજ્યના વેપાર-ઉદ્યોગ અને નાઇટ ઇકોનોમીને મોટો વેગ મળશે. સમયની છૂટ હોવા છતાં, સ્વચ્છતા, ટ્રાફિક વ્યવસ્થા અને સલામતી સંબંધિત નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે. વિધાનસભામાં પસાર સુધારા બાદ માત્ર સમયમર્યાદાના આધારે પોલીસ કે સ્થાનિક સત્તાધિકારીઓ એકમો બંધ કરાવી શકશે નહીં.

આ સુધારા પહેલા માત્ર સ્ટેશન, પેટ્રોલપંપ કે હાઇવે પર જ છૂટ હતી. સામાન્ય વિસ્તારોમાં રાત્રે ૧૧થી ૬ અને નગરપાલિકા અને રાજ્ય ધોરીમાર્ગના વિસ્તારોમાં રાત્રે ૨ થી ૬ બંધ રાખવાનો નિયમ હવે રદ્દ કરી દેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાથી લઈને તમામ વિસ્તારોમાં સમયમર્યાદા વિના વેપાર કરવાની છૂટ મળશે. ૨૪ કલાકની છૂટ છતાં કર્મચારીઓ પાસે સતત કામ લઈ શકાશે નહીં. કામના કલાકો, રજા અને સલામતીના કાયદાકીય હકો જળવાઈ રહેશે. ગુમાસ્તા ધારા હેઠળ નોંધણી માટે ઇન્સ્પેક્ટરની મંજૂરીની ભૂમિકા દૂર કરવામાં આવી છે, જેથી વેપારીઓને લાલિયાવાડીમાંથી રાહત મળશે.

ગુમાસ્તા ધારામાં મહત્વનો સુધારો કરવામાં આવ્યો છે. જેથી હવે કાયદા હેઠળ દુકાનો અને વ્યાવસાયિક એકમોની નોંધણીની પ્રક્રિયા પણ સરળ કરી દેવામાં આવી છે. હવે રાજ્યમાં વેપારીઓ સેલ્ફ ડિક્લેરેશન અને સેલ્ફ-સર્ટિફાઇડ દસ્તાવેજોના આધારે સરળતાથી નોંધણી મેળવી શકશે. ■

# ગીરમાં રોગચાળાનું જોખમ, વર્ષમાં જ ૬૨ એશિયાટિક સિંહોનાં મોતઃ વિધાનસભામાં સરકારનો સ્વીકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતનું ગીર એશિયાટિક સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન રહ્યું છે. પરંતુ અત્યારે ગીરમાં રહેતી સિંહો પર રોગચાળાનું જોખમ તોળાઈ રહ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. છેલ્લા એક વર્ષમાં ગીરના જંગરમાં રહેતા કુલ ૬૨ સિંહોનું અલગ અલગ રોગોના કારણે મોત થયું છે. આ આંકડાને જોતા વન વિભાગ અને પર્યાવરણ પ્રેમીઓમીં ચિંતા વ્યાપી છે. વિધાનસભામાં આ સમગ્ર વિગતો રજૂ કરવામાં આવી હતી. સરકારી આંકડાની વાત કરવામાં આવે તો, મૃત્યુ પામેલા સિંહોમાં ૧૭ સિંહણ, ૧૭ સિંહ અને ૨૮ જેટલા સિંહબાળોનો સમાવેશ થાય છે.

આ સિંહોના મોત બાદ દરેક સિંહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જે રિપોર્ટ્સ પ્રમાણે સિંહોનું સેપ્ટિસેમિયા, ન્યુમોનિયા, હિમેજિક ન્યુમેનિયા, એનિમીયા અને કિડની ફેલ્યોર હિપેટો-રીનલ ડિસફંક્શન જેવા રોગના કારણે મોત થયું હોવાનું સાબિત થયું હતું.

આ સાથે કેટલાક સિંહોનુંપેરાલિસિસ, એસાઈટીસ, ગેસ્ટ્રોએન્ટ્રીટીસ, મલ્ટી-ઓર્ગન ફેલ્યોર, માયોકાર્ડિયલ ઇન્ફાર્કશન અને સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ જેવા રોગના કારણે મોત થયું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

અત્યારે વન વિભાગ દ્વારા સિંહોનું રક્ષણ કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સિંહોમાં આવેલા રોગ અટકાવવા માટે ડી-વોર્મિંગ અને ડી-ટીકિંગની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. માત્ર સિંહો જ નહીં પરંતુ ગીરની આસપાસ આવેલા નેસ અને ગામોમાં રહેતા પશુઓનું પણ રસીકરણ કરવામાં આવ્યું છે. સિંહોનું સુરક્ષા માટે સરકાર દ્વારા પ્રયત્નો શરૂ કરી દેવામાં આવ્યાં છે. સિંહોના મૃત્યુદરમાં ઘટાડો થાય અને તેમનું સ્વાસ્થ્ય સારૂ રહે તે માટે તમામ પગલા લેવા માટે સરકાર દ્વારા વન વિભાગને નિર્દેશ કરવામાં આવ્યો હતો. ■

# ગુજરાતના દેવામાં ધરખમ વધારો, જાહેર દેવું વધીને ₹ ૪,૩૦,૩૨૦ કરોડે પહોંચ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં ગુજરાત મોડેલની ચર્ચા છે પણ સમૃધ્ધ મનાતા ગુજરાતનું દેવું સતત વધી રહ્યું છે. ગુજરાત રાજ્યની આર્થિક સ્થિતિ અને સરકાર પરના દેવાના વધતા બોજ અંગે વિધાનસભામાં મહત્વની વિગતો રજૂ કરવામાં આવી હતી. જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા દ્વારા પૂછ્વામાં આવેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં રાજ્યના નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈએ ગુજરાતના જાહેર દેવા અંગેના સત્તાવાર આંકડાઓ જાહેર કર્યા હતા. આ આંકડાઓ અનુસાર, આગામી વર્ષોમાં રાજ્યની આર્થિક જવાબદારીઓમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. જેમાં સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા ડેટા મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાતનું કુલ જાહેર દેવું ૩,૭૪,૮૫૫ કરોડ રૂપિયા હતું. પરંતુ, વર્ષ ૨૦૨૫-૨૬ માટેના સુધારેલા અંદાજ મુજબ આ દેવું વધીને ૪,૩૦,૩૨૦ કરોડ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા છે. આમ, દેવાના આંકડામાં થયેલો આ વધારો રાજ્યના આર્થિક આયોજન અને નાણાકીય શિસ્ત અંગે ચર્ચાનો વિષય બન્યો છે. આમ, એક વર્ષના ગાળામાં જ રાજ્યના દેવામાં આશરે રૂ. ૫૫,૪૭૫ કરોડનો વધારો થવાનો અંદાજ છે.

સરકાર દ્વારા લેવાયેલા આ જંગી દેવાની રકમની સાથે તેની પરત ચૂકવણીના આંકડા પણ નોંધપાત્ર છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સરકારે વ્યાજ પેટે ૨૫,૬૦૪ કરોડ રૂપિયા અને મુદ્દલની ચૂકવણી પેટે ૨૯,૧૨૬ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. જ્યારે ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ મુજબ, વ્યાજની રકમ વધીને ૨૭,૦૯૫ કરોડ રૂપિયા અને મુદ્દલની ચૂકવણી ૩૪,૦૨૫ કરોડ રૂપિયા થવાની ધારણા છે. એટલે કે, સરકારની તિજોરીમાંથી આગામી નાણાકીય વર્ષમાં કુલ ૬૧,૧૨૦ કરોડ રૂપિયા માત્ર દેવાની ચૂકવણી પાછળ ખર્ચવામાં આવશે તેવો અનુમાન છે. બે વર્ષ દરમિયાન વ્યાજ અને મુદ્દલ પેટે સરકારી તિજોરીમાંથી કુલ મળીને રૂ. ૧,૧૪,૭૧૯ કરોડ જેટલી માતબર રકમ ચૂકવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના બજેટનો એક મોટો હિસ્સો ભૂતકાળમાં લીધેલા દેવાની ભરપાઈ કરવામાં વપરાઈ રહ્યો છે. ૨૦૨૪-૨૫ની સરખામણીએ ૨૦૨૫-૨૬માં વ્યાજની ચૂકવણીમાં આશરે ૧૪૯૧ કરોડ અને મુદ્દલની ચૂકવણીમાં ૪૮૯૯ કરોડનો વધારો થવાનો અંદાજ છે. વિધાનસભામાં રજૂ થયેલી રાજ્યના દેવા અંગેની આ માહિતી બાદ આર્થિક સ્થિતિ, રાજ્યના ભાવિ વિકાસલક્ષી ખર્ચાઓ અને કલ્યાણકારી યોજનાઓ માટેના પર તેની વિપરીત અસર અંગે ચર્ચાઓ તેજ બની છે. ■

# દાહોદની સ્માર્ટ સિટી તરીકે પસંદગી બાદ છેલ્લાં બે વર્ષમાં એકપણ વિકાસલક્ષી કામને મંજૂર નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રના અંતિમ દિવસે ધારાસભ્યોએ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન તેમના મત વિસ્તારને લગતા વિવિધ પ્રશ્નો પૂછ્યા હતા. ઝાલોદના ધારાસભ્ય મહેશ ભુરીયાએ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નમિાણ પ્રધાને દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી તરીકે પસંદગી બાદ થયેલા કામ અંગેનો પ્રશ્ન પૂછ્યો હતો.

મહેશ ભુરીયાએ સવાલ કર્યો હતો કે, તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી મિશન અંતર્ગત કયા-કયા વિકાસલક્ષી કામો મંજૂર કરવામાં આવ્યા છે તથા તે પૈકી કેટલા કામો પૂર્ણ, કેટલા પ્રગતિ હેઠળ અને કેટલા કામો બાકી છે, અને ઉક્ત કામો માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તથા તે પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે? જેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું કે, છેલ્લા બે વર્ષમાં દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી મિશન અંતર્ગત એક પણ વિકાસલક્ષી કામો મંજૂર કરવામાં આવ્યા નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાની સત્તાવાર જાહેરાત ૨૩ જૂન, ૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી. ભારત સરકારના કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા સ્માર્ટ સિટી મિશનના ત્રીજા રાઉન્ડ અંતર્ગત દેશના ૩૦ નવા શહેરોની યાદી જાહેર કરાઈ હતી, જેમાં ગુજરાતમાંથી દાહોદ ઉપરાંત રાજકોટ અને ગાંધીનગરની પણ પસંદગી થઈ હતી. ■

# ગુજરાતમાં કુલ ૯૧,૫૭૮ સહકારી મંડળીઓ પૈકી ૭,૮૮૯ મંડળીઓ નિષ્ક્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સહકારી માળખા અને સહકારી મંડળીઓની સ્થિતી અંગે વિધાનસભા ગૃહમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા દ્વારા મહત્વનો સવાલ કરવામાં આવ્યો હતો. ઈટાલિયાના પ્રશ્નના લેખિત ઉત્તરમાં સહકાર પ્રધાન દ્વારા રાજ્યમાં કાર્યરત અને બિનકાર્યરત મંડળીઓ અંગે સત્તાવાર આંકડાકીય અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. જે મુજબ, રાજ્યમાં નોંધાયેલી કુલ ૯૧,૫૭૮ સહકારી મંડળીઓ પૈકી ૭,૮૮૯ મંડળીઓ નિષ્ક્રિય થઈ ચૂકી છે અથવા તો બંધ પડી ભાંગી છે. વિધાનસભામાં રજૂ કરાયેલા ઉત્તર મુજબ, મંડળીઓ કાર્યરત ન રહેવા પાછળ મુખ્યત્વે બે કારણો જવાબદાર હોવાનું સહકાર પ્રધાને જણાવ્યું હતું. જેમાં પ્રથમ સહકારી મંડળીઓના ચૂંટાયેલા હોદ્દેદારો કે સભાસદો દ્વારા મંડળી ચલાવવામાં રસ ન દાખવવો. બીજું- ઘણી મંડળીઓ પોતાના પેટા કાયદા (બાય-લોઝ) મુજબ નક્કી કરેલા ઉદ્દેશો અનુસાર કામગીરી કરતી બંધ થઈ ગઈ હોવાથી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ હેઠળ તેમના વિરુદ્ધ ફડચા અંગેના સત્તાવાર હુકમો કરાયા હતા. સરકાર દ્વારા રજૂ કરાયેલા આંકડા મુજબ, રાજ્યમાં તા. ૩૧/૦૩/૨૦૨૬ ના અંતિત નોંધાયેલી અને કાર્યરત મંડળીઓની વિગત પર નજર કરવામાં આવે તોકુલ નોંધાયેલી સહકારી મંડળીઓ ૯૧,૫૭૮ છે, જે પૈકી હાલ કાર્યરત મંડળીઓની સંખ્યા ૮૩,૬૮૯ છે. જ્યારે બંધ/બિનકાર્યરત મંડળીઓની સંખ્યા ૭,૮૮૯ છે.

અમદાવાદ જિલ્લામાં સહકારી મંડળીઓની સંખ્યા રાજ્યમાં સૌથી વધુ ૧૮,૫૦૦થી વધુ છે. ડાંગ, બોટાદ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જેવા નાના જિલ્લાઓમાં મંડળીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી નોંધાઈ છે. રાજ્યમાં હજારો મંડળીઓ કાગળ પર રહી જતાં કે ફડચામાં જતાં સહકારી ક્ષેત્રના યોગ્ય સંચાલન અને દેખરેખ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. ■

# પેટ્રોલ-ડીઝલના વેચાણથી ગુજરાત સરકારની તિજોરી છલકાઈ

## રૂપિયા ૨૧,૯૯૨ કરોડની આવક થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈરાન-અમેરિકા યુદ્ધના કારણે પેટ્રોલના ભાવ ભડકે બળી રહ્યા છે. જોકે પેટ્રોલ-ડીઝલના વેચાણથી રાજ્ય સરકારની તિજોરી છલકાઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વેટ, સીએસટી અને સેસ પેટે રૂ.૨૧,૯૯૨ કરોડની આવક થઈ હતી. રાજ્ય સરકાર દ્વારા આ આંકડા ગુજરાત વિધાનસભા ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા.

વિધાનસભા બેઠક કરંજના ધારાસભ્ય પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારીએ નાણા પ્રધાનને પેટ્રોલ-ડીઝલથી આવકનો પ્રશ્ન પૂછ્યો હતો. તેમણે પૂછ્યું હતું કે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્ય સરકારને પેટ્રોલ તથા ડીઝલ પર વેટ, સીએસટી તથા સેસ પેટે કેટલી આવક થયેલ છે? તેમના દ્વારા પૂછાયેલા પ્રશ્નના લેખિત ઉત્તરમાં નાણા મંત્રીદ્વારા આ વિગતો આપવામાં આવી હતી.

વિધાનસભામાં રજૂ કરાયેલી માહિતી મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સરકારને પેટ્રોલ અને ડીઝલ પરથી વિવિધ કરવેરા પેટે કુલ રૂ. ૨૧,૯૯૨ કરોડની માતબર આવક થઈ હતી.

પેટ્રોલ પર ૪,૪૨૩ કરોડ, સીએસટથી રૂ. ૧૦૪૦ કરોડ તથા સેસથી રૂ. ૧,૩૨૮ કરોડ આવક થઈ હતી. જ્યારે ડીઝલથી વેટ પેટે ૯,૬૭૫ કરોડ, સીએસટીથી રૂ. ૨,૪૨૭ કરોડ અને સેસ પેટે રૂ. ૩,૦૯૯ કરોડ આવક થઈ હતી. રાજ્ય સરકારને પેટ્રોલની સરખામણીએ ડીઝલમાંથી બમણા કરતાં પણ વધુ આવક થઈ છે. પેટ્રોલમાંથી રૂ. ૬,૯૭૫ કરોડ મળ્યા હતા. ■

# અમદાવાદમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં નામે રૂપિયા ૮.૬૩ લાખની ઠગાઈ, ૬૫ નાગરિકો છેતરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદમાં પીએણ આવાસ યોજનામાં મકાન અપાવવાની લાલચમાં ૬૫ નાગરિકો સાથે છેતરપિંડી થઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. શાહીબાગ નમસ્તે સર્કલ અને સરદાર કેમ્પ વિસ્તારમાં સરકારી આવાસ અપાવવાના નામે રૂપિયા ૦૮.૬૩ લાખની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની યોજનાઓમાં મકાન અપાવવાની લાલચ આપી ૬૫ લોકો પાસેથી છેતરપિંડી આચરવામાં આવી તે મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. રાણીપમાં રહેતા ૬૨ વર્ષીય એજન્ટ જગદીશસિંહ રાજપુતની ફરિયાદના આધારે માધવપુરા પોલીસે આરોપી પંકજ પ્રજાપતિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતે વાત કરવામાં આવે તો, ઘોડાકેમ્પ અનાજ ગોડાઉન પાસે રેશનકાર્ડ કચેરી બહાર એજન્ટ તરીકે કામ કરતા પંકજ પ્રજાપતિએ નવેમ્બર ૨૦૨૩માં યોજનાના ફોર્મ ભરાવવાની ખાતરી આપી હતી. તેણે એલઆઈજી અને ઇડબલ્યુએસ આવાસ માટે ડિપોઝિટ ઓનલાઈન ભરવાની વાત કહી નાગરિકો પાસેથી રોકડા નાણાં મેળવ્યા હતા. એલઆઈજી ૨-બીએચકેમાં ૨૭ નાગરિકો પાસેથી રૂપિયા ૨૧,૦૦૦ લેખે કુલ રૂપિયા ૫,૬૭,૦૦૦ મેળવ્યા હતાં, જ્યારે એએમસી ઇડબલ્યુએસ ૧-બીએચકેમાં ૩૮ નાગરિકો પાસેથી રૂપિયા ૭,૮૦૦ લેખે કુલ રૂપિયા ૨,૯૬,૪૦૦ પડાવ્યાં હતાં.

આરોપીએ ૧૩ ડિસેમ્બર ૨૦૨૩થી ૫ જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે ૬૫ લોકો પાસેથી કુલ રૂપિયા ૦૮,૬૩,૪૦૦ રોકડા એકઠા કરી લીધા. રૂપિયા લીધા બાદ આરોપીએ ઇડબલ્યુએસ મકાનો માટે બોગસ રસીદો પધરાવી દીધી હતી, જ્યારે એલઆઈજી આવાસની પાવતીઓ આપવામાં ટાળમટોળ કરતો હતો. શંકા જતાં ફરિયાદીએ એએમસીના રાયખડ સ્થિત હાઉસીંગ સેલમાં આરટીઆઈ કરી હતી. જેમાં આ સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો. આરટીઆઈ બાદ જાણવા મળ્યુ કે આરોપીએ નાગરિકોને આપેલી તમામ પાવતીઓ બનાવટી હતી. આરોપીએ આવાસ યોજના હેઠળ કોઈ ફોર્મ કે નાણાં જમા જ કરાવ્યા નહોતા. જેથી હવે આરોપી સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ■

# ગુજરાતના લૅન્ડ રેકર્ડ કર્મચારીઓ હડતાળ પર, અરજદારોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં લેન્ડ રેકોર્ડ્ઝ વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓએ પોતાના વિવિધ પડતર પ્રશ્નો અને ગ્રેડ પે સહિતની માંગણીઓ મુદ્દે સરકાર સામે હડતાળનું હથિયાર ઉગામ્યું છે. કર્મચારી મંડળ દ્વારા અચોક્કસ મુદત માટે પેનડાઉન હડતાળની જાહેરાત કરવામાં આવી હતી, અને રાજયભરની જમીન દફતર વિભાગની તમામ ઓનલાઈન અને ઓફલાઈન કામગીરી આજથી સંપૂર્ણપણે ઠપ થઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, કર્મચારીઓની મુખ્ય મુખ્ય પડતર માંગણીઓ જેવી કે, સિનિયર સર્વેયર સંવર્ગને હાલનું પગાર ધોરણ રૂ.૨૯,૨૦૦ - ૯૨,૩૦૦ (પે મેટ્રિક્સ લેવલ-૫, ગ્રેડ પે ૨૮૦૦) માંથી સુધારીને રૂ. ૩૯,૯૦૦ - ૧,૨૬,૫૦૦ (પે મેટ્રિક્સ લેવલ-૭, ગ્રેડ પે ૪૪૦૦) કરવા તેમજ સર્વેયર સંવર્ગ હાલનું પગાર ધોરણ રૂ. ૨૫,૫૦૦ - ૮૧,૧૦૦ (પે મેટ્રિક્સ લેવલ-૪, ગ્રેડ પે ૨૪૦૦) માંથી સુધારીને રૂ. ૨૯,૨૦૦ - ૯૨,૩૦૦ (પે મેટ્રિક્સ લેવલ-૫, ગ્રેડ પે ૨૮૦૦) કરવા અંગે રજૂઆત કરવામાં આવે. કર્મચારી મંડળે સરકારને ચિમકી ઉચ્ચરી હતી કે, જો ૩૦ દિવસમાં પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે અચોક્કસ મુદતની હડતાળ પર જવામાં આવશે.

# ગુજરાતમાં ત્રણ સિસ્ટમ સક્રિય થતાં ૧૫ સપ્ટે. સુધી વરસાદનું એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લાંબા વિરામ બાદ ફરી વરસાદની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલા લૉ પ્રેશર સહિત એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થતાં હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં વરસાદના નવા રાઉન્ડની સત્તાવાર આગાહી કરવામાં આવી હતી. ૧૧થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી ભારે અને કેટલાક સ્થળોએ અતિભારે વરસાદની શક્યતાને પગલે તંત્ર દ્વારા યલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૧૨ સપ્ટેમ્બરે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, સુરેન્દ્રનગર અને અમરેલી સહિત પૂર્વ, મધ્ય અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તે પછી ૧૩ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલીમાં મુશળધાર વરસાદના પગલે ઓરેન્જ એલર્ટ, ૧૪ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદનું જોર વધશે. ત્યાર બાદ ૧૫ સપ્ટેમ્બરે જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકામાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. એસ.ઇ.ઓ.સી. દ્વારા આપવામાં આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં અત્યાર સુધીમાં ચોમાસાની મોસમનો સરેરાશ ૬૫.૨૯ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જેના કારણે જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમ ૯૩.૨૩ ટકા જેટલો જળસંગ્રહ થતાં સ્થિતિ ખૂબ જ સારી છે. આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ મુખ્ય જળાશયોમાં સરેરાશ ૬૫.૨૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે. વિગતે વાત કરીએ તો, રાજ્યના ૧૭ જળાશયો સંપૂર્ણ રીતે છલકાઈ ગયા છે. જ્યારે ૪૨ જળાશયોમાં ૭૦ ટકાથી લઈને ૧૦૦ ટકા, ૨૫ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા, ૪૬ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા અને ૭૬ જળાશયોમાં હજુ પણ ૨૫ ટકા સુધી જ પાણીનો સંગ્રહ થયો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# વરસાદની અસમાનતાના આધારે દુષ્કાળ જાહેર કરી શકાય નહીં, વિધાનસભામાં સરકારની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાત વિધાનસભામાં નિયમ-૧૧૬ હેઠળ વિપક્ષી સભ્યો દ્વારા અપૂરતા વરસાદવાળા જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ સંદર્ભે સરકારે રાજ્યની વર્તમાન સ્થિતિ અંગે વિસ્તૃત નિવેદન રજૂ કર્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ હસ્તકના મહેસૂલ વિભાગ વતી સંસદીય બાબતોના પ્રધાન ઋષિકેશ પટેલે કહ્યું કે, કેન્દ્ર સરકારના ડ્રોટ મેનેજમેન્ટ મેન્યુઅલ ૨૦૨૬ (અપડેટ ૨૦૨૦) ના નિયમો મુજબ માત્ર વરસાદની અસમાનતાના આધારે સીધો દુષ્કાળ જાહેર કરી શકાય નહીં; ખરીફ ઋતુના અંતે લણણી પહેલાં ભૌતિક ચકાસણી પૂર્ણ થયા બાદ વૈજ્ઞાનિક ધોરણે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

વરસાદ અને વાવેતરની સ્થિતિની વાત કરવામાં આવે તો, રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ ૭૫.૪૩ ટકા (૬૮૫.૫૩ મી.મી.) વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં ૧૦૩.૯૧ ટકા સામે સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદ અસમાન રહ્યો છે, જેમાં દેવભૂમિ દ્વારકા (૬.૪૧ ટકા), પોરબંદર (૧૮.૧૨ ટકા), જામનગર (૨૮.૮૮ ટકા) અને કચ્છ (૨૯.૨૯ ટકા) માં ઓછો વરસાદ નોંધાયો છે. વાવેતરની વાત કરીએ તો, સામાન્ય ૮૫.૩૦ લાખ હેક્ટર વિસ્તાર સામે ૮૦.૩૯ લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ થયું છે. જેમાં મગફળી (૧૦૭.૯૯ ટકા), કઠોળ (૧૦૭.૧૭ ટકા), સોયાબીન (૧૦૮.૦૪ ટકા) અને ડાંગર (૧૦૧.૪૫ ટકા)નું સારું વાવેતર થયું છે.

જળસંચયમાં સરદાર સરોવરમાં ૮૮.૯૦ ટકા અને રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૬૬.૦૭ ટકા પાણી ઉપલબ્ધ છે. નર્મદા બેસિનમાંથી ૧૭.૩૮ લાખ હેક્ટરમાં ખરીફ પાક માટે સિંચાઈનું સુચારુ આયોજન કરાયું છે.

આ સાથે ખેડૂતોના ઊભા પાકને બચાવવા ૨૧ જિલ્લાના ૧૩૨ તાલુકા-જૂથોમાં કૃષિ વીજ પુરવઠો ૮ કલાકથી વધારીને ૧૦ કલાક કરી દેવામાં આવ્યો છે.

સરકારના જણાવ્યાં પ્રમાણે દુષ્કાળ જાહેર કરવા માટે ત્રિગર-૧ અને ત્રિગર-૨ હેઠળ વરસાદ, વાવેતર, માટીનો ભેજ, એનડીવીઆઈ અને ભૂગર્ભજળ સ્તર જેવા સૂચકાંકો પૂર્ણ થયા બાદ ૩૧ ઓક્ટોબર સુધીમાં ૧૦ ટકા ભૌતિક ચકાસણી હાથ ધરવામાં આવશે. કેબિનેટ અને સીઓએસ બેઠકો દ્વારા પરિસ્થિતિનું દૈનિક મોનિટરિંગ થઈ રહ્યું છે અને નિયમોનુસાર યોગ્ય નિર્ણય લેવા સરકાર કટિબદ્ધ છે. ■

# વંદેમાતરમ મુદ્દે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા વિરુદ્ધ કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહમાં વંદેમાતરમ્ ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા બેસી ગયા હતા, જો કે હવા મુદ્દે વિવાદ વકર્યો છે. આ અંગે નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ ઉઠાવેલા વિશેષાધિકાર ભંગના મુદ્દે અધ્યક્ષે સમગ્ર મામલો વિધાનસભાની વિશેષાધિકાર સમિતિને સોંપવાનો નિર્ણય કર્યો હતો. આ સમગ્ર મુદ્દે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, તેમણે ઘટનાના વીડિયો ફૂટેજ તપાસ્યા છે. તેમના જણાવ્યા મુજબ ઇમરાન ખેડાવાલા શરૂઆતમાં વંદેમાતરમ્? દરમિયાન ઊભા થયા હતા પરંતુ બાદમાં બેસી ગયા હતા. અધ્યક્ષે આ વર્તનને વંદેમાતરમ્? ગાનના વિરોધ તરીકે ગણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ બંધારણના શપથ લીધા છે. તેમની પાસેથી ગૃહના નિયમોનું પાલન કરવાની અપેક્ષા સામાન્ય કરતાં વધુ હોય છે તેથી આ ગંભીર ઘટના છે. તેમજ હાલમાં ગૃહની અવમાનનાનો મુદ્દો ઊભો થયો છે અને વિશેષાધિકાર ભંગની કાર્યવાહીનો આધાર બન્યો છે. પોઇન્ટ ઓફ ઓર્ડર સમયે પણ ખેડાવાલા ગૃહમાં હાજર ન હોવાનું જણાવાયું હતું. તેમનો જવાબ પણ ગૃહમાં રજૂ થયો ન હતો. તેમજ ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ પોતાનો ખુલાસો ગૃહમાં રજૂ કરવાના બદલે મીડિયા સમક્ષ કર્યો હતો. ■